# આશીર્વાદ

વર્ષ ૩જુ · અંક ૧૦મો · સળંગ અંક ૩૪ · ઑગસ્ટ ૧૯૬૯




શ્રી ભાગવત વિદ્યાપીઠ અને માનવમંદિરના સૌજન્યથી

# —: ૫૧ ઉપરાંત ગ્રાહક બનાવનાર સેવાભાવી પ્રતિનિધિઓ :—

### અમદાવાદ

શ્રી હરિવદન એસ. ભટ્ટ
૩૨, શ્રી ગંગામૈયા હા. સો.
ખોખરા મહેમદાવાદ ૮

શ્રી ચીમનલાલ છોટાલાલ રાચવાલ
પૂલનીચે રીચીરોડ,

શ્રી બાલગોવિંદભાઈ છગનલાલ પટેલ
ગળનારાની પોળ, શાહપુર

નવીનચંદ્ર જે રાવલ
ડો.નીચાલી ખોખરા મહેમદાવાદ ૮

શ્રી ગોવિંદભાઇ ચતુરભાઈ પટેલ
(પ્રાંતિયાવાલા) ખારીકૂઇ,
ખોખરા મહેમદવાદ ૮

શ્રી મુકુન્દરાય જે. જાની
પાવરહાઉસ, સાબરમતી,

શ્રી ભાલચંદ દશરથલાલ બારોટ
૩૦૨, હરિપુરા, અસારવા પાસે

શ્રી ધનશ્યામચંદ્ર બદ્રીનાથ પંડયા
દોલતખાના, મોઢવાડો, સારંગપુર

શ્રી પ્રબોધ સી. મહેતા
લાખિયાની પોળ, ખાડિયા

શ્રી કેશવલાલ કાળીદાસ પંચાલ
૪, રામધર, બંધુ સમાજ સોસાયટી
ઉસ્માનપુરા

શ્રી નંદુભાઇ ભાઇશંકર ઠાકર
૯૪૪, ટોકરશાની પોળ, જમાલપુર

શ્રી ધનુભાઈ ડાહ્યાભાઇ દલવાડી
દરજીની વાડીપાસે, દોલતખાના
સારંગપુર

શ્રી વિઠ્ઠલભાઇ ના. પટેલ
[ ગૃહપાલ ]

શ્રી કડવા પાટીદાર વિદ્યાર્થી ભવન
એલીસબ્રીજ

શ્રી રસિકલાલ સોમનાથ ભટ્ટ
સીટીસિવિલ કોર્ટ, ભદ્ર

શ્રી હિરાલાલ આશાભાઇ અમીન
૨૧ વિજય કોલોની,
ઉસ્માન પુરા–૧૩

### કોલ્હાપુર

શ્રી હંસરાજ ગો. વેદ
૧૭૮૪, રાજારામપૂરી,

### કલકત્તા

શ્રી ચંદ્રિકાબેન વી. રાવલ
૨૨, સ્કુલ રોડ, ભવાનીપુર

### ગોંદિયા

શ્રી જોઇતારામભાઇ
C/o. મોહનલાલ હરગોવિંદદાસની કુ.

### ગોંડલ

શ્રી કાન્તિલાલ છગનલાલ શેઠ
નાની બજાર

### ગણદેવી

શ્રી છગનલાલ ગાંડાલાલ ભટ્ટ
દવે મહોલ્લા

શ્રી મનુભાઈ મથુરાદાસ ભટ્ટ
હવેલી સ્ટ્રીટ

### ગોધરા

શ્રી રતિલાલ દ્વારકાદાસ દેસાઇ
"ભગવદ" પરભારોડ

### જંબુસર

શ્રી જયંતિલાલ છોટાલાલ ચોકસી
હશીખુશી સ્ટોર્સ,

### ડભોઇ

શ્રી બિપિનચંદ્ર ગોવિંદલાલ
વસાઇવાળા, પુનિત સ્મૃતિ

### ધોળકા

શ્રી નારણદાસ પ્રેમચંદ ગાંધી
ધમક વાડી,

### જામનગર

શ્રી ગુણવંતપ્રસાદ પી. પરીખ
રણજીત માર્ગ

### બિલિમોરા

શ્રી રમણલાલ છોટાલાલ ચોકસી
શ્રીમહાદેવનગર, લોખંડવાળાની ઉપર

શ્રી ભગવાનદાસ ગુલાબભાઇ પંચાલ
હિન્દુ વ્યાયામ મંદિર સામે

શ્રી છગનલાલ પંડયા
બિશનપુર, જમશેદપુર

### નડિયાદ

શ્રી શાંતાબેન ત્રીભોવનદાસ મીસ્ત્રી
વીઠ્ઠલ કન્યાવિદ્યાલય રોડ,

શ્રી રજનીકાન્ત ચોકસી
સિદુશીં પોળ,

### મુંબઇ

શ્રી ભગવાનદાસ કે. કાપડીયા
માનવ મંદિર, માનવ
મંદિર રોડ,

શ્રી અમરતલાલ દવે
માનવ મંદિર, માનવ મંદિર રોડ,

શ્રી શંકરલાલ હરગોવિંદદાસ પંડયા
અન્નપૂર્ણા નિવાસ, ૨૯, ક્રોસ;
રોડ નં. ૨ વિલેપાર્લા

શ્રી ઉષાબહેન મ. ભૂખણવાલા
૩૯, બજાજ રોડ, વિલેપાર્લા

શ્રી રામશંકર ટી. જાની
જાની વિલા એસ્ટેટ, નેહરૂ રોડ,
વિલેપાર્લા

### મીણકચ્છ

શ્રી માધવભાઇ વલ્લભભાઈ પટેલ

### ભરૂચ

શ્રી વલ્લભદાસ છોટાલાલ ચોકસી
સી/૩૧૧, શેઠ ફળીયા

### સોલા [ દસક્રોઇ ]

શ્રી ડાહ્યાભાઇ જગન્નાથ પુરાણી

### સુરત

શ્રી મોહનલાલ મગનલાલ જરીવાલ
ધીઆ શેરી, મહિધરપુરા–સુરત

શ્રી રણછોડદાસ વનમાળીદાસ
બરફીવાલા, બરાનપુરી ભાગોળ

શ્રી મનુભાઇ જી. યાજ્ઞિક
ડાંગશેરી, દિલ્હીગેટ

### વલસાડ

શ્રી જીતેન્દ્ર હીરાલાલ દેસાઇ
ક્વાટર ન. ૪૨૧, વેસ્ટ યાર્ડ

શ્રી કાન્તિલાલ રાવલ
રમેશ એન્ડ કંપની
સમર્થેશ્વર મહાદેવ પાસે

सत्यं शिवं सुन्दरम्

सर्वे सुखिनः सन्तु

# આશીર્વાદ

વર્ષ : ૩જું ]  સંવત ૨૦૨૫ શ્રાવણ : ૧૫ ઑગસ્ટ ૧૯૬૯  [ અંક : ૧૦મો

સંસ્થાપક
દેવેન્દ્રવિજય
'જય ભગવાન'

*

અધ્યક્ષ
કૃષ્ણશંકર શાસ્ત્રી

*

સંપાદનસમિતિ
એમ. જે. ગોરધનદાસ
કનૈયાલાલ દવે

*

કાર્યાલય
ભાઉની પોળની બારી પાસે,
રાયપુર, અમદાવાદ-૧
ફોન નં. ૫૩૪૭૫
અને
માનવમંદિર
માનવમંદિર રોડ,
મુંબઈ-૭

*

વાર્ષિક લવાજમ
ભારતમાં રૂ. ૫-૦૦
વિદેશમાં રૂ. ૧૨-૦૦

## અગ્રપૂજાનો અધિકારી

**कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।**

અગ્રપૂજાનો એટલે સૌથી પ્રથમ માનનો અથવા સૌથી શ્રેષ્ઠ માનનો અધિકારી હાલના સમયે આ પૃથ્વી ઉપર કોણ છે?

જેણે સેવાનો સ્વાંગ સજ્યો છે, સેવાની જાહેરાતો કરી છે, ખાદીનો દૂધ જેવો સફેદ ઇસ્ત્રીબંધ પોશાક ધારણ કર્યો છે, જનતાને છટાદાર પ્રવચનો આપીને ચૂંટણીઓ જીતી છે અને સત્તાનાં કે નેતાપણાનાં સર્વોચ્ચ સ્થાન પ્રાપ્ત કર્યાં છે, તે શું અગ્રપૂજાનો અધિકારી છે? અથવા જેણે અણુશક્તિનાં સૌથી વધુ સંહારક શસ્ત્રોનો વિપુલ સંગ્રહ કર્યો છે તે અધિકારી છે?

અથવા જે જ્ઞાનથી પોતાને જ તૃપ્તિ કે સમાધાન નથી એવા જ્ઞાનનો (અથવા જ્ઞાનના નામે અજ્ઞાનનો) ભોળી જનતાને ઉપદેશ કરીને પોતે ગુરુપદ, સંતપદ, આચાર્યપદ અથવા વિદ્વાન કે પંડિતનું પદ પ્રાપ્ત કરીને સુખસગવડો, ધન-માન-વૈભવ, કીર્તિ પ્રાપ્ત કર્યાં છે અને જનતા પાસે પોતાની પૂજાઓ તથા પ્રણામ કે વંદન કરાવવાની સિદ્ધિ હાંસલ કરી છે, તે અધિકારી છે?

અથવા જેણે પોતાનાં આર્થિક બળો દ્વારા જનતાનું શોષણ કરીને એકઠા કરેલા ધનના જથ્થામાંથી એરણની ચોરી અને સોયના દાનની જેમ મોટાં કીર્તિદાનો કર્યાં છે તે શું અધિકારી છે?

અગ્રપૂજા માટે લાયક પુરુષની શોધ કરતાં કરતાં યુધિષ્ઠિર દુનિયાનાં બધાં ટોચનાં સ્થાનો જોઈ વળ્યા અને છેવટે નિરાશ થઈને પાછા ફરતા હતા ત્યારે ગામડાની સીમાના ખેતરમાં હળ હાંકતો ખેડૂત તેમને દેખાયો. કઠોર ભૂમિને પોચી બનાવવા તે પરસેવો પાડી રહ્યો છે. ઉપર આકાશ અને નીચે ધરતીની સાક્ષીએ તે ખરા દિલથી કામ કરી રહ્યો છે, સૂર્યનો આકરો તાપ તે સહન કરે છે, વરસાદ અને કડકડતી ઠંડીમાં પણ તે કામ કરી રહ્યો છે, જેના વિના કોઈ

# અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| ૧ | અગ્રપૂજાનો અધિકારી | ૐ | ૧ |
| ૨ | સદ્‌ગુણો અને દુર્ગુણો | શ્રી રવિશંકર મહારાજ | ૩ |
| ૩ | અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ | શ્રી નારાયણ દેસાઈ | ૫ |
| ૪ | દેહ અને આત્મા | — | ૭ |
| ૫ | પ્રેમવશ પ્રભુ | શ્રી ડોંગરે મહારાજ | ૮ |
| ૬ | રત્નમાલા | — | ૧૧ |
| ૭ | ઈશ્વરની ભાગીદારી | શ્રી પીતાંબર પટેલ | ૧૩ |
| ૮ | વીર હમ્મીરદેવ | શ્રી 'ભગવત્પ્રસાદ' | ૧૮ |
| ૯ | મહાકવિનો સંદેશ | શ્રી 'સત્યવ્રત' | ૨૧ |
| ૧૦ | વિરહ | મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી 'ચિત્રભાનુ' | ૨૨ |
| ૧૧ | સતી અથવા પાર્વતી | શ્રી 'વિનાયક' | ૨૩ |
| ૧૨ | પાવલીની મીઠાઈ | શ્રી 'અમૃત' | ૨૭ |
| ૧૩ | 'આખરે સમજાયું ખરું' | શ્રી ધ. રા. ગાલા | ૨૯ |
| ૧૪ | કર મન ભજનનો વેપાર | નરસિંહ મહેતા | ૩૩ |
| ૧૫ | જો મરણ આ જિંદગીની | — | ૩૩ |
| ૧૬ | પુણ્યક્ષેત્ર કાશી | શ્રી 'અજન્તવિજય' | ૩૪ |
| ૧૭ | લીંબુ | શ્રી 'પીયૂષપાણિ' | ૩૮ |
| ૧૮ | સમાચાર સમીક્ષા | — | ૩૯ |


( અગ્રપૂજાનો અધિકારી–પહેલા પાનાનું ચાલુ )

મનુષ્ય જીવી શકે નહિ તેવી વસ્તુ(અન્ન)ના ઉત્પાદનમાં તે લાગેલો છે, છતાં તેને કશો ગર્વ નથી, ધનના ઢગલા ભેગા કરવાની એને લોલુપતા નથી, પોતાની વાહવાહ બોલાય એવી કીર્તિની ખેવના નથી, સત્તાની ખુરશીની કે ટોચની નેતાગીરીની એને ઝંખના નથી, સંતપદની અથવા પૂજનીય કે વંદનીય બનવાની એને મહત્ત્વાકાંક્ષા નથી. એનામાં દંભ નથી, કપટ નથી, કૃત્રિમતા નથી, ખોટો ભપકો નથી, મુત્સદ્દીગીરી નથી, બીજાને પાડવાની હીનતા કે કાવાદાવા નથી, કેવળ સાદાઈ ભરેલા સરળ જીવનથી એ ઈશ્વરે સોંપેલા કર્તવ્યનું નિષ્ઠાપૂર્વક પાલન કરી રહ્યો છે.

યુધિષ્ઠિરને હાલના સમયે અગ્રપૂજાના અધિકારી જનનું દર્શન થઈ ગયું અને હૃદયથી એમણે પૃથ્વી પરના શ્રેષ્ઠ માનવ તરીકે એની પૂજા કરી.

'ૐ'

માલિક : શ્રી ભાગવત વિદ્યાપીઠ અને માનવ મંદિર વતી પ્રકાશક : શ્રી દેવેન્દ્રવિજય વિજયશંકર દવે, રાયપુર, ભાઉની પોળની બારી પાસે, અમદાવાદ.
મુદ્રક : જગદીશચંદ્ર અંબાલાલ પટેલ, એન. એમ. પ્રિન્ટિંગ પ્રેસ, દરિયાપુર, ઢબગરવાડ, અમદાવાદ–૧.

# સદ્‌ગુણો અને દુર્ગુણો

શ્રી રવિશંકર મહારાજ

માણસમાત્રમાં દુષ્ટતા ને પવિત્રતા બન્ને છે. કોઈ પણ માણસ સંપૂર્ણ સારો કે સંપૂર્ણ ખરાબ હોતો નથી. દરેક માણુસમાં થોડું સારું તત્ત્વ અને થોડું ખરાબ તત્ત્વ હોય છે. પહેલાંના જમાનામાં ઋષિઓ ક્રોધિત થઈને શાપ આપતા, માણસને ભસ્મ કરી દેતા. અને તેમ છતાં તેઓ મહાન સંન્યાસી હતા. એમણે સાથે સાથે લોકોનું ભલું પણ ઘણું કર્યું છે. હવે, આપણે એમને સારા કહીશું કે ખરાબ?

## ટેવની રૂઢ ગ્રંથિઓ

ઘણીવાર માણસ ટેવને કારણે પણ અમુક રીતે વર્તતો હોય છે. તેમાં એના હૃદયમાં મલિનતા હોય છે એવુંય દરેક વખતે ન કહેવાય. મારી વાત કહું. ૧૯૨૦ના અરસામાં હું પૂ. કસ્તૂરબાની સાથે હતો. હું રહ્યો બ્રાહ્મણ, એટલે એમના હાથનું રાંધેલું ખાતો નહીં. હું જાતે જ કરીને ખાતો અને તેમને ખવડાવતો. હવે, પૂ. કસ્તૂરબા જેવાના પવિત્ર હાથનું ખાવામાં શું વાંધો હોય? હું પણ એમને પૂજનીય માનતો. એમના પ્રત્યે મારા દિલમાં અત્યંત આદર અને ભક્તિ પણ હતાં. એ મારા માટે માતા સમાન જ હતાં. અને તેમ છતાં નાનપણના અમુક સંસ્કારોને લઈને મેં આવો આગ્રહ રાખેલો. માણસના મનમાં અમુક માન્યતા કેવી રૂઢ હોય છે એનો આ તો એક દાખલો છે. આમાં મનની દુષ્ટતા નહોતી પણ જડ રૂઢિ હતી. અને પછી તો જ્યારે એ માન્યતા છૂટી ત્યારે હવે હરિજન કે મુસલમાનના હાથનુંયે ખાતાં મને કશો બાધ નથી આવતો. હું તો એનો એ જ છું, પણ ખોટી માન્યતા છૂટતાં મારા વર્તનમાંયે પરિવર્તન થયું છે.

## સમાજનું પણ તેવું જ

સમાજનુંયે આવું જ હોય છે. તેની અમુક માન્યતાઓ બંધાઈ ગઈ હોય છે, એટલે તે તેને ઘણીવાર જડતાપૂર્વક વળગી રહે છે. પહેલાં એવી માન્યતા હતી કે ધર્મગ્રંથો તો સંસ્કૃતમાં જ હોય. સંસ્કૃત દેવની ભાષા ગણાતી, એટલે કોઈ ધાર્મિક ગ્રંથ જો સંસ્કૃત સિવાયની કોઈ ભાષામાં ઉતારવાનો પ્રયત્ન થતો તો તે વખતનો સમાજ તેનો જબરો વિરોધ કરતો. તુલસીદાસજીએ રામાયણ સંસ્કૃતમાંથી હિંદીમાં લખ્યું ત્યારે લોકો તરફથી એમને ખૂબ કષ્ટો સહન કરવાં પડ્યાં હતાં. દૂર દૂર એકાંતમાં જઈને એમને લખવું પડતું હતું. આવી જ રીતે જ્ઞાનેશ્વરને પણ કષ્ટ આપવામાં લોકો પાછા નથી પડ્યા. પણ આજે જુઓ તો તુલસીદાસજીનું રામાયણ અને જ્ઞાનેશ્વરની જ્ઞાનેશ્વરી સમાજમાં ખૂબ હોંશે હોંશે વંચાય છે. એટલે રૂઢ માન્યતાનો સવાલ છે.

## દેશભક્ત ખરો, પણ મૂર્ખ

કેટલાક માણસ મોટાં મોટાં દુષ્કૃત્યો કરે છે તે પણ ખોટી માન્યતાને કારણે જ. એમને પણ નજીકથી જોશો તો તેઓ દુષ્ટ નહીં લાગે. ગાંધીજીને મારનાર ગોડશે આમ તો દેશભક્ત જ હતો, પણ મૂર્ખ હતો. પોતાની માન્યતા મુજબ દેશનું કલ્યાણ કરવા માટે જ એણે ગાંધીજીનું ખૂન કરેલું. પોતાને ફાંસીએ ચઢવું પડશે એ પણ તે જાણતો હતો. છતાં એને એમ લાગ્યું કે દેશનું કલ્યાણ કરવું હોય તો આ માણસને ખતમ કરી દેવો જોઈએ. એટલે દેશભક્તિથી પ્રેરાઈને એણે આ મૂર્ખ કામ કર્યું. આમ છેવટે તો માણસની માન્યતાઓ, માણસના વિચારો બદલાવવાની વાત છે. કોઈ પણ માણસ હૃદયથી દુષ્ટ નથી એવી શ્રદ્ધા રાખવી જોઈએ.

## આવરણ દૂર થવું જોઈએ

આંખમાં જોવાની શક્તિ તો ઘણી હોય પણ એ જ આંખે પાટા બાંધી રાખીએ તો કશું દેખાય નહીં. સૂર્યનું તેજ પણ અપાર છે. પણ તેની ઉપર કોઈ આવરણ આવી જાય તો તે દેખાતું નથી. તેવું જ જ્ઞાનનું પણ છે. ઉત્તમ ને પવિત્ર જ્ઞાન પણ અમુક દોષોના આવરણને કારણે ઢંકાઈ જાય છે. એ આવરણ દૂર થાય કે આપોઆપ અંદરનું જ્ઞાન ઝળહળી ઊઠે છે. સંતપુરુષોએ અનેક માણસોના જીવનમાં પલટો આણી દીધાના દાખલા આપણે જાણીએ છીએ. તેમાં એમણે આ જ કામ કર્યું છે.

---

પોતાના પુરુષાર્થ વિના કેવળ વારસામાં મળેલું ધન ખાઈ ને જીવન ગાળનારી પેઢીમાં પુરુષાર્થની તથા બળ, બુદ્ધિ, સાહસ અને હિંમતની શક્તિ ક્રમે ક્રમે ઘટતી જાય છે.

ખરું જ્ઞાન તો દરેક માણસની માં[ ]પડયું જ છે. તેની ઉપરનું આવરણ માત્ર દૂર [ ]રવાનું છે. આ આવરણ દૂર કરવામાં કોઈ વાર [ ]ક વ્યક્તિ ભાગ ભજવે છે, તો કોઈ વાર કોક પ્રસંગ ભાગ ભજવે છે.

**સહજાનંદ સ્વામી અને જોબન વડતાળિયો**

સહજાનંદ સ્વામીના વખતમાં જોબન વડતાળિયો થઈ ગયો. સ્વામી પાસે એક ઉમદા ઘોડો હતો. તે ઘોડો વડતાળિયાની આંખમાં વસી ગયો. ઘોડાને ઉપાડી જવા માટે એક રાત્રે તે ત્રણ વાર તબેલામાં ગયો. પણ ત્રણે વાર એણે જોયું કે સહજાનંદ સ્વામી ઘોડાની કાંઈ ને કાંઈ માવજત કરતા હતા. બિચારાને ખાલી હાથે ત્રણે વાર પાછા જવું પડ્યું. બીજે દિવસે સવારે તે સ્વામીની સભામાં આવ્યો. સહજાનંદ સ્વામી તો એવા ને એવા સ્ફૂર્તિવાળા જ દેખાયા. છેવટે સ્વામી પાસે જઈને જોબને પૂછ્યું, "મહારાજ, આખી રાત જાગીને તમે પાછા દિવસે કામ શી રીતે કરી શકો છો?" સ્વામી તો આશ્ચર્યમાં પડી ગયા એમણે કહ્યું: "ભાઈ, રાતે તો હું રોજ નિરાંતે ઊંઘી જતો હોઉં છું. તું આમ કેમ પૂછે છે?" જોબને રાતની બધી વાત કહી. "મેં તમને મારી સગી આંખે જોયા છે ને! અને તે પણ એક વાર નહીં! ત્રણ-ત્રણ વાર. મારી આંખ દગો દે જ નહીં!" આ સાંભળીને સ્વામી બોલી ઊઠ્યા, 'ભાઈ, આપણે બેઉ સાચા. તારું ને મારું જે રક્ષણ કરે છે તેને જ તેં રાતે સહજાનંદના રૂપમાં જોયો." અને પછી તો એ લૂંટારો સ્વામીનો શિષ્ય બની ગયો, અને એનું આખું જીવન જ પલટાઈ ગયું, કેમ કે આ પ્રસંગને લીધે એના જ્ઞાન ઉપરનું આવરણ હઠી ગયું.

**કરણોને કેળવવાં પડે**

જ્ઞાન એટલે સમજણ. અને એ સમજણ ઊભી થાય છે બુદ્ધિ મારફતે. આમ બુદ્ધિ મારફતે ઊભી થયેલી સમજણ એ જ્ઞાન છે. હવે જેવો કાચ તેવો માણસ દેખાય છે ને? તેવી જ રીતે જેવી બુદ્ધિ તેવું જ્ઞાન. કાચ જો પારદર્શક હોય તો તેમાંથી આરપાર ચોખ્ખું દેખાય છે. તેવી જ રીતે બુદ્ધિ પણ સ્વચ્છ ને નિર્મળ હોય તો જ્ઞાનનું સ્પષ્ટ દર્શન થાય છે. બુદ્ધિ જો અનેકશાખાળી હોય તો તે અનેક પ્રકારના તરંગો કરતી રહે છે. પણ નિશ્ચયાત્મક બુદ્ધિ માણસને ખરું જ્ઞાન કરાવે છે, અને તેને કલ્યાણમાર્ગે દોરી જાય છે.

આંખ, કાન, નાકની જેમ બુદ્ધિ પણ એક કરણ છે. આંખ જોવાનુંયે જુએ ને ન જોવાનુંયે જુએ. કાન સાંભળવાનુંયે સાંભળે અને ન સાંભળવાનુંયે સાંભળે. નાક સૂંઘવાનુંયે સૂંઘે અને ન સૂંઘવાનુંયે સૂંઘે. તેવી જ રીતે બુદ્ધિનું પણ. આપણે આ કરણોને કેળવવાં પડતાં હોય છે. આપણે આંખને સારું જોવાની જ ટેવ પાડીએ છીએ અને કાનને સારું સાંભળવાની. તેવી જ રીતે બુદ્ધિ પણ જે કાંઈ સુઝાડે તેમાંથી માત્ર કલ્યાણકારી હોય તેટલું જ લેવું તેનું નામ છે સમ્યક્ જ્ઞાન. કેળવાયેલી નિશ્ચયાત્મક બુદ્ધિ માણસને કલ્યાણમાર્ગે જ દોરી જાય છે.

**જ્ઞાનમાંથી જન્મતી નિર્લેપતા**

જેને સમ્યક્ જ્ઞાન થયું છે તે માણસ પોતાને ભાગે આવેલું કર્મ નિર્લેપપણે કરતો હોય છે, અને કર્મ પણ ઘટાડતો જતો હોય છે. ખરો મોક્ષ પણ આ જ કહેવાય. આ લોકમાં છૂટશે તે જ પરલોકમાં છૂટી શકશે ને? બાકી અહીં પણ સુખદુઃખના પાશમાંથી જે મુક્ત થયો નથી તેને ત્યાં પણ ચીકાશ નહીં જ વળગે તેની શી ખાતરી? ઇન્દ્રિયો, મન ને શરીરના વળગણમાંથી જે મુક્ત બને તેને જ આ જ્ઞાન લાધે. બાકી જે ટોળામાં જ રહે તેને તેની ખબર ન પડે. એક વાર જ્ઞાન લાધી જાય કે પછી માણસના વર્તનમાં આસમાન-જમીનનો ફરક પડી જાય છે.

---

વિશ્વના નિયમો અથવા કુદરતના કાયદાઓથી વિપરીત રીતે ચાલનાર તાત્કાલિક પોતાને લાભ મેળવતો કે સુખી થતો જુએ છે, પણ પરિણામમાં તેને દુઃખ અને પતન જ પ્રાપ્ત થાય છે.

# અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ

શ્રી નારાયણ દેસાઈ

ગાંધી સેવા સંઘની મીટિંગો દર વરસે જુદા જુદા પ્રાંતોમાં થતી. એવી એક મીટિંગમાં બાપુને હાથે મને જનોઈ દેવાયેલું અને મારી ફોઈનાં લગ્ન થયેલાં. ૧૯૩૮ની ગાંધી સેવા સંઘની મીટિંગ ઓરિસાના પુરી જિલ્લામાં ડેલાંગ ગામે થઈ હતી. સામાન્ય રીતે હું તો કાકા સાથે આવી બધી મીટિંગોમાં જતો. પણ મારી બા ડેલાંગ પુરીની પાસે હતું તેથી જ ત્યાં આવેલી.

સંમેલનના અધ્યક્ષ કિશોરલાલકાકા(મશરૂવાળા)એ કાર્યકર્તાઓમાં અહિંસા વિષે કેટલાક રસપ્રદ પ્રશ્નો ઊભા કરેલા. બાપુ સંમેલનમાં તો બોલતા જ, પણ રોજ પ્રાર્થના પછી એમને સારુ એક જાહેર સભા પણ થતી. ઉપરાંત દિવસમાં એક કે બે વાર એમના દર્શન સારુ એકઠા થયેલા હજારો લોકો આગળ એમને હાજર થવું પડતું. એ દૃશ્ય અદ્ભુત થતું. રોજ સવાર સાંજ એક મેદાનમાં હજારો લોકોની ભીડ જામતી. આટલા લોકો હોવા છતાં ત્યાં જરાય અશાંતિ નહોતી. કેટલીક વાર તો દર્શન કરવા સારુ આ લોકો કલાકોના કલાકો સુધી બેસી રહેતા. બાપુ એમની આગળ જઈ મંચ ઉપર ચડી, માત્ર નમસ્કાર કરીને પાછા જતા. અને એટલાથી પારાવાર તૃપ્તિ અનુભવી લોકો રાત પડે તે પહેલાં પોતાનાં દૂરદૂરનાં ગામડાં સુધી પહોંચી જવા પગપાળા નીકળી પડતા.

પ્રદર્શનના ઉદ્ઘાટન વખતે હજારોની ભીડ થઈ હતી. એ ભીડની આગળ બોલતાં જ બાપુએ પુરીના મંદિરનો ઉલ્લેખ કરી કહ્યું હતું કે, 'જ્યાં સુધી મંદિર હરિજનો સારુ ખુલ્લું મુકાય નહિ ત્યાં સુધી જગન્નાથ એ જગતના નાથ નથી, પણ મંદિરની છાયામાં પેટ ભરતા પંડાઓના નાથ છે.' પુરીના મંદિરમાં બાપુને હરિજનયાત્રા વખતે પ્રવેશ નહોતો મળ્યો અને એમની ઉપર આક્રમણ પણ થયેલું. મોટીબાએ ડેલાંગ સુધી આવ્યા છીએ તો પુરી જવાની ઇચ્છા વ્યક્ત કરી હતી. બા અને વેલાંમાશી તો એટલા સારુ જ આવ્યાં હતાં. બાપુએ એ લોકોને પુરી મોકલવાની બધી વ્યવસ્થા કરવાનું કાકાને કહ્યું. કાકાને પુરી જવામાં રસ નહોતો, પણ બાપુએ બે ત્રણ વાર કહ્યું એટલે એમણે પુરી જવાની વ્યવસ્થા કરી આપી. પણ પુરી જનારાઓમાં એક ખરો. અમારી સાથે મણિલાલકાકા પણ જાય એમ ગોઠવાયું હતું, પણ એમની તબિયત બગડી કે એવા જ કોઈ કારણસર એ સંઘથી જુદા પડી ગયા.

હવે બાપુને મન બા પુરી ગયાં એટલે સમુદ્ર-સ્નાન કરીને પાછાં આવશે એમ હતું. અને બાને મન પુરી જવું એટલે જગન્નાથજીનાં દર્શન કરવા એ હતું. કાકાના મનમાં એમ હતું કે બાપુ પોતે તો મંદિરમાં ન જ જાય, પણ એમની પોતાની અહિંસામાંથી ઊપજતી અપાર ઉદારતાને કારણે તેઓ આ લોકોને મંદિરમાં જવાને રોકતા નથી. મારી બા વિશે કાકાએ એમ માનેલું કે અસ્પૃશ્યતાને તો એ માનતી નથી જ. અમારા ઘરમાં વર્ષોથી હરિજનો રહેતા હતા. પણ જો એ મંદિરમાં જતી હોય તો એની શ્રદ્ધાને કાકા શા સારુ દુભાવે ? આવા કંઈક વિચારસર એમણે બાને મંદિરમાં જવાની મનાઈ કરી નહોતી.

અમે પુરી ગયાં. દરિયામાં નાહ્યાં. આખું શહેર ફર્યાં. પછી મંદિરે ગયાં. મંદિરનાં બારણાં આગળ હિન્દુઓ સિવાય બીજાને ન જવા દેવાનો હુકમ લખેલો હતો, ત્યાં હું અને લીલાફોઈ અટક્યાં. મોટીબા, બા, વેલાંમાસી અને બીજાં કેટલાંક ભાઈ-બહેનો અંદર ગયાં. હું બહાર રહ્યો રહ્યો પંડાઓ સાથે વાદવિવાદ ચલવતો રહ્યો. પંડાઓએ મને સમજાવ્યું કે અસ્પૃશ્યો બ્રહ્માના પગમાંથી પેદા થયા છે, જ્યારે બ્રાહ્મણો તેમના માથામાંથી પેદા થયા છે, માટે અસ્પૃશ્યો એમનાથી નીચા છે. મેં એ વાત માનવાને ઇન્કાર કર્યો, અને કહ્યું કે ભગવાનની નજર આગળ તો સૌ બાળકો સરખાં છે.

બા વગેરે મંદિરમાંથી પાછાં ફર્યાં ત્યારે એમના ચહેરા પર અત્યંત તૃપ્તિનો ભાવ હતો. અમે બધાં પાછાં ફર્યાં. આ સંઘમાં કેટલાક અડપલા લોકો પણ હતા. મંદિરમાં જવામાં પણ એ પહેલા હતા, અને

---

જે મનુષ્ય પોતાના જીવનમાં કુદરતી નિયમો અનુસાર વર્તે છે, તેટલે અંશે તે વિશ્વના જીવનના નિયમોને જાણવા લાગે છે.

બાપુ પાસે જઈને ચાડી ખાવામાં પણ એ પહેલા હતા. 'બાપુ, આખા પુરી શહેરમાં એની ચર્ચા ચાલી રહી છે કે કસ્તૂરબા મંદિરમાં જઈ આવ્યાં. પુરી સ્ટેશનના સ્ટેશન માસ્તર પણ અમને પૂછતા હતા કે, "હેં, મિસિસ ગાંધી મંદિરમાં ગયાં!"'

બાપુને આશા હતી કે બા પુરી જાય છે, પણ મંદિરમાં નહિ જાય. અને જવા માગતાં હશે તોપણ મહાદેવે એમને મારી વાત સમજાવીને મોકલ્યાં હશે. પણ એવું કંઈ નહોતું બન્યું તેથી બાપુને ભારે આઘાત લાગ્યો. એમણે કાકાને કહ્યું: 'મહાદેવ, આપણે ત્રણેએ તો છેડા ફાડી આપવા પડશે.' પણ એમાં વિનોદ કરતાં વેદના વધુ હતી. એમનું લોહીનું દબાણ સૌને ગભરાવી મૂકે તેવું ચડી ગયું. પછી બા અને કાકાને બોલાવીને કહ્યું, 'મહાદેવ, તમે ભારે ગફલત બતાવી. તમે તમને પોતાને અન્યાય કર્યો, મને અન્યાય કર્યો, દુર્ગાને કર્યો. તમારો ધર્મ એ હતો કે એ લોકોને ફરી પાછો ઇતિહાસ કહેવો જોઈતો હતો. પુરીમાં મારા શા હાલ થયા હતા તે કહેવું જોઈતું હતું. એ સાંભળીને પણ એ જવા માગત તો મારી પાસે લાવવાં જોઈતાં હતાં. છતાં એ ન માનત તો પછી જવા દેત. બળાત્કારની વાત નહોતી, પણ સમજાવવામાંથી કંઈ ચૂકાય?'

કાકાને પોતાની ભૂલ તો સમજાઈ પણ એમને લાગ્યા કરે કે આ બધું ગેરસમજને પરિણામે છે. પણ તેથી બાપુને આટલો આઘાત લાગે એ કાકાને સમજાતું નહોતું. કાકાએ આ વાત સંઘના સભ્યો આગળ કરી. બાપુએ પણ પોતાની વેદના સંઘ આગળ ઠાલવી. 'બા મંદિરમાં ન ગઈ હોત તો હું પાંચ ગજ ઊંચો ચડત તેને બદલે નીચો પડ્યો. જે શક્તિથી મારું કામ ચાલી રહ્યું હતું તેનો હ્રાસ થઈ ગયો હોય એમ મને લાગ્યું. એ લોકોનું તો અજ્ઞાન જ હતું એ વિશે શંકા નથી. પણ એમને અજ્ઞાન રાખનાર કોણ? એમના અજ્ઞાનને ન ફેડવામાં અહિંસા નથી, હિંસા છે. આજે હરિજનો પણ માને છે કે આપણે એમને ઠગી રહ્યા છીએ. માને જ, કારણ આપણે તો મંદિરમાં જતા રહીએ, એ લોકોને જ્યાં પ્રવેશ ન હોય તેવાં સ્થાનોનો ઉપયોગ કરતા રહીએ તો એ લોકો શી રીતે માને કે હરિજનોને આપણે અપનાવ્યા છે?'

આ ભાષણથી કાકા ઊકળી ઊઠ્યા–પોતા ઉપર. 'અસ્પૃશ્યતા જેવા પ્રશ્નમાં મારી આવી ગંભીર ગેરસમજ થઈ હોય તો હું ગાંધીજીના વિચારને સમજાવનાર કોણ? મેં જ બાપુને આટલો ત્રાસ આપ્યો તો બીજાને રોકનાર હું કોણ?'

રાતના ઉજાગરા થયા. કાકા રડ્યા. બા રડી. મોટીબા રડ્યાં. બાપુ રડી ન શક્યા પણ એમનું બ્લડ પ્રેશર ઊછળી ઊઠ્યું. કાકાએ બાપુનો સાથ છોડવાનો વિચાર કર્યો. સવારે હું ઊઠ્યો ત્યારે મને પ્રસંગની ગંભીરતા વધુ સમજાઈ. કાકા કહે: 'બાબા, આપણે દિહેણ જઈશું. હું ખેતી કરીશ ને તને ભણાવીશ.'

મેં એમને ધસીને ના પાડી. 'તમારે જવું હોય તો જજો. હું તો નથી જવાનો.'

બાએ પણ કાકાના નિર્ણયને ટેકો નહોતો આપ્યો.

બાપુએ તો વાત સાંભળવાની જ ના પાડી. 'ભક્તને હાથે મરવું એ અભક્તને હાથે જીવવા કરતાં બહેતર છે. તમે અંધ પ્રેમને લીધે તમારી પત્નીનો વહેમ પોષ્યો. તમારે તમારી ભૂલ સમજીને બીજે દિવસે સંઘ લઈને પુરી પહોંચવું જોઈતું હતું એને બદલે રોવા બેઠા. કેવી એ કાયરતા!'

કાકાએ બાપુનો સાથ છોડવાનો વિચાર પડતો મૂક્યો. આ ઘટના વિશે બીજે અઠવાડિયે તેમણે 'હરિજન બંધુ'માં એક લેખ લખ્યો. તેમાં તેમણે લખ્યું:

'ફરીફરીને મને થતું હતું કે આ બધું થોડી ગેરસમજમાં નથી ઊપજ્યું? મોટાં મોટાં પાપને શિવજી હળાહળ પી ગયા તેમ પી જનાર બાપુ આવા એક બુદ્ધિદોષ ઉપર શા સારુ વલોવાયા હશે? આમ તે રજનો ગજ થતો હશે?...આ મારી તે કાળની લાગણી છે. આજે સ્વસ્થ થઈને વિચાર કરું છું ત્યારે થાય છે કે હું એમની પરીક્ષા કરનાર કોણ?

---

જે પોતાના જીવનનું યથાર્થ સ્વરૂપ સમજે છે, તેને આખા વિશ્વનું સ્વરૂપ આપોઆપ સમજાવા લાગે છે.

મને જે રાઈ લાગે તે એમને પહાડ લાગે તો? તંદ્રારહિત રહીને પચાસ પચાસ વર્ષો થયાં ધર્માચરણ કરનાર ધર્મ વધારે સમજે કે રાગદ્વેષથી ભરેલો હું ધર્મ સમજું? અને એમની સાથે રૂસણું શું? એમની પાસેથી જઈને ક્યાં જવાપણું હતું? એમને સંતનું પદ આપીને સ્વર્ગના દેવતા બનાવવા એ ન્યાય કહેવાય? એ તો પોતાને દેવતા કદી માનતા નથી, મહાત્માયે નથી માનતા, આપણા જેવા કાળા માથાના માનવી માને છે; અને એટલા માટે જ એમની સાથે રહી શકાય છે. કોઈ વાર એમનો તાપ ઉગ્ર થાય તેથી કેમ કંટાળાય? અને કંટાળીને ભાગીએ કે એ તાપમાં ભગવાન આપણને પણ ખાક કરી નાંખે એમ માગીએ?'

કાકાના સ્વર્ગવાસ પછી શ્રી ઝવેરચંદ મેઘાણીએ એમને વિશે જે લેખ લખ્યો હતો તેનું મથાળું આપ્યું હતું: 'અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ.' એ મથાળું આ પ્રસંગે શબ્દશઃ સિદ્ધ થતું હતું.

*

જેમ તલમાંથી તેલ નીકળવા માટે એને પિસાવું જરૂરી હોય છે, તેમ જીવનમાં પ્રકાશ, બુદ્ધિ અથવા અધિક ચેતનતા પ્રકટ થવા માટે એને કઠિન તથા બારીક પરિસ્થિતિમાંથી પસાર થવું જરૂરી હોય છે.

# દેહ અને આત્મા

એક વખત ગામના નિશાળિયાઓ શ્રીમદ્ રાજચંદ્ર પાસે બોધ સાંભળવા આવ્યા હતા.

શ્રીમદે તેઓને પૂછ્યું: 'છોકરાઓ, એક પ્રશ્ન પૂછું, તેનો જવાબ તમે આપશો?'

છોકરાઓએ કહ્યું: 'હા જી.'

શ્રીમદ્ બોલ્યા: 'તમારા એક હાથમાં છાશનો ભરેલો લોટો હોય અને બીજા હાથમાં ઘી ભરેલો લોટો હોય; અને તમને માર્ગે જતાં કોઈનો ધક્કો વાગે તો તે વખતે તમે કયા હાથના લોટાને જાળવશો?'

ગિરધર નામના છોકરાએ જવાબ આપ્યો: 'ઘીનો લોટો સાચવીશું.'

શ્રીમદે પૂછ્યું: 'કેમ? ઘી અને છાશ તો એકમાંથી ઉત્પન્ન થાય છે ને?'

છોકરો કહે: 'છાશ ઢળી જાય તો ઘણાયે ફેરા કોઈ ભરી આપે; પણ ઘીનો લોટો કોઈ ભરી આપે નહિ.'

એ પરથી શ્રીમદ્ સાર સમજાવતા બોલ્યા:

'છાશના જેવો આ દેહ છે, તેને આ જીવ સાચવે છે; અને ઘીની માફક આત્મા છે, તેને જતો કરે છે. એવી અવળી સમજણવાળો આ જીવ છે પણ જો આત્માને ઘીની તુલ્ય મૂલ્યવાન જાણે તો આત્માને પણ સાચવે; અને આંચ આવે ત્યારે છાશની માફક દેહને જતો કરે. કારણ દેહ તો એની મેળે જ મળવાનો છે. કર્મ ઉપાર્જન થયાં એટલે તે ભોગવવા રૂપે દેહ તો મફતનો જ મળવાનો છે.'

*

# પ્રેમવશ પ્રભુ

**શ્રી ડોંગરે મહારાજ**

આત્માને જડ શરીર પકડી રાખે છે. શરીર જડ છે, આત્મા ચેતન છે, પણ જડ અને ચેતનની આ ગાંઠ ખોટી છે, વાસ્તવિક નથી, સાચી નથી. કારણ કે જડ વસ્તુ ચેતનને શી રીતે બાંધી શકે? આ ગ્રંથિ ખોટી હોવા છતાં સ્વપ્ન જે રીતે આપણને રડાવે છે, તેમ તે (ગ્રંથિ) આપણને રડાવે છે. તત્ત્વદષ્ટિથી જડ શરીર ચેતન આત્માને પકડી રાખે છે એમ કહી શકાય નહિ, ચેતન આત્માને જડ શરીર પકડી રાખી શકે નહિ. આત્મા શરીરથી જુદો છે, આ વાત સૌ કોઈ જાણે છે, પણ તેનો અનુભવ કોઈક જ કરી શકે છે.

શુકદેવજી કહે છે: હે રાજન્ (પરીક્ષિત), તમે જેવા પ્રશ્નો કરો છો તેવા વિદુરજીએ મૈત્રેયજીને કર્યા હતા. આ વિદુરજી એવા છે કે ભગવાન તેમને ત્યાં વગર આમંત્રણે ગયા હતા.

પરીક્ષિત રાજાએ પ્રશ્ન કર્યો: વિદુરજીનો અને મૈત્રેયજીનો ભેટો ક્યારે થયો તે મને કહો.

શુકદેવજી કહે છે: રાજન્, પહેલાં હું તને ભગવાન વગર આમંત્રણે વિદુરના ઘેર પધારેલા તે કથા કહીશ.

ધૃતરાષ્ટ્રે પાંડવોને લાક્ષાગૃહમાં બાળવા પ્રયત્ન કર્યો છે. વિદુરજીએ ધૃતરાષ્ટ્રને નીતિધર્મનો ઉપદેશ કર્યો, પણ ધૃતરાષ્ટ્રને કંઈ અસર થતી નથી. વિદુરજીએ વિચાર્યું કે ધૃતરાષ્ટ્ર દુષ્ટ છે. એના કુસંગથી મારી બુદ્ધિ બગડશે. વિદુરજીએ અનેકવાર ઉપદેશ કર્યો, પણ ધૃતરાષ્ટ્રે માન્યું નહિ. તેથી વિદુરજીએ ઘર છોડ્યું. વિદુરજીની પત્નીનું નામ સુલભા. હસ્તિનાપુરના પોતાના સમૃદ્ધિવાળા ઘરનો ત્યાગ કરી પતિ–પત્ની બંને નદીકિનારે ઝૂંપડી બાંધી રહે છે. વિદુરજી પહેલેથી જ તપસ્વી જીવન ગાળતા અને ભગવત્પરાયણ રહેતા. એથી દુર્યોધનના છપ્પન ભોગો પડતા મૂકી શ્રીકૃષ્ણે વિદુરજીના ઘરની ભાજી આરોગેલી.

વિદુર અને સુલભા નદીકિનારે ઝૂંપડીમાં ભગવાનનું સ્મરણ કરે છે અને ભૂખ લાગે ત્યારે ભાજીનો આહાર કરે છે. ભગવાનનું સ્મરણ કરવું હોય એણે બંગલાની સંપત્તિઓનો દીન-દુઃખીઓ માટે ત્યાગ કરી નદીતીરે કે વનમાં આવી વસવું જોઈએ. વનવાસ વિના જીવનમાં સુવાસ આવતી નથી. એથી તો પાંડવોએ અને ભગવાન રામચંદ્રે વનવાસ કર્યો હતો. બંગલામાં રહેનારાઓ ભગવાનનું સ્મરણ કરે છે તે પોતાની સુખ–સંપત્તિ જેમની તેમ સચવાઈ રહે અથવા વધ્યા કરે અને પોતાના કુટુંબપરિવારની લક્ષ્મી તથા સલામતીમાં વધારો થાય એવી ભાવનાથી સ્મરણ કરે છે. ભગવાન તો સૌનો છે. જે સૌને માટે ત્યાગ કરે છે, સૌને માટે જીવનસમર્પણ કરે છે, તેને જ ભગવાનનું સ્વરૂપ સમજાય છે અથવા ભગવાનની પ્રાપ્તિ થાય છે,

ભાજીનો આહાર એટલે ભોજનમાંથી સ્વાદની વાસનાનો ત્યાગ. ભોજન કરવું એ પાપ નથી. ભોજન સાથે તન્મય થવું અને ભોજન કરતાં ભગવાનને ભૂલી જવું (સ્વાદથી પર પોતાના નિર્લેપ સ્વરૂપને ભૂલી જવું) એ પાપ છે. ઘણા લોકો કઢી ખાતાં કઢી સાથે એકરૂપ બને છે. કઢી તેમને ખૂબ સ્વાદિષ્ટ લાગે છે. એથી બીજે દિવસે કઢી જ તેમને યાદ આવે છે. મનમાં થાય છે કે ગઈ કાલની કઢી સુંદર હતી.

દ્વારકાનાથ વિષ્ટિ કરવા હસ્તિનાપુર પધારવાના છે એવી વિદુરજીને ખબર પડી છે.

ધૃતરાષ્ટ્રે હુકમ કર્યો છે: 'સ્વાગતની તૈયારી કરો. છપ્પન ભોગ તૈયાર કરાવો.'

ધૃતરાષ્ટ્ર કુભાવથી સેવા કરે છે. સેવા સદ્‌ભાવથી કરવી જોઈએ. કુભાવથી સેવા કરનાર ઉપર ભગવાન પ્રસન્ન થતા નથી. જે સદ્‌ભાવથી સેવા કરે છે, તેના ઉપર પ્રભુ પ્રસન્ન થાય છે.

વિદુરજી ગંગાસ્નાન કરવા ગયેલા. ત્યાં સાંભળ્યું કે કાલે મોટો વરઘોડો નીકળવાનો છે. તેમણે લોકોને પૂછ્યું: કોણ આવવાનું છે? લોકોએ કહ્યું: તમને ખબર નથી? આવતી કાલે દ્વારકાથી દ્વારકાનાથ પધારવાના છે.

---

પોતાના નીચ, પાપી કે ખરાબ સંતાનની માબાપ દયા જ ખાય છે, તેવી રીતે સજ્જનો દુષ્ટ માણસોની દયા જ ખાય છે. તેમનું અહિત કરતા નથી.

વિદુરજી ઘેર આવ્યા. આજે આનંદમાં છે. સુલભા તેમને પૂછે છે: આજે કેમ આટલા બધા આનંદમાં છો?

વિદુરજી કહે: સત્સંગમાં બધી કથા કહીશ. મેં કથામાં સાંભળ્યું છે કે જે સતત સત્કર્મ કરે, તેના ઉપર ભગવાન કૃપા કરે છે. તેને પ્રભુ દર્શન આપે છે. મને લાગે છે કે દ્વારકાનાથ દુર્યોધન માટે નહીં પરંતુ મારા માટે આવે છે.

સુલભા કહે: મને પણ સ્વપ્નમાં રથયાત્રાનાં દર્શન થયાં હતાં તે સફળ થશે. બાર વર્ષથી મેં અન્ન લીધું નથી.

વિદુરજી કહે: દેવી, તમારી તપશ્ચર્યાનું ફળ આવતી કાલે મળશે. આવતી કાલે પરમાત્માનાં દર્શન થશે.

સુલભાદેવીએ વિદુરજીને પ્રશ્ન કર્યો છે, નાથ, પ્રભુ સાથે તમારો કંઈ પરિચય છે?

વિદુરજી કહે: હું કૃષ્ણને વંદન કરું છું ત્યારે તે મને કાકા કહીને બોલાવે છે. હું તેમને કહું છું, હું તો અધમ છું, આપનો દાસાનુદાસ છું; મને કાકા ન કહો.

જીવ દીન બનીને ઈશ્વરને શરણે જાય છે, તો ઈશ્વર જીવને ખૂબ માન આપે છે.

સુલભા કહે છે: તમારે તેમની સાથે પરિચય છે, તો તેમને આપણે ત્યાં આવવા આમંત્રણ આપો. હું ભાવનાથી રોજ ભગવાનને ભોગ ધરાવું છું. હવે એક જ ઇચ્છા છે કે મારા ભગવાન આરોગે અને હું પ્રત્યક્ષ નિહાળું.

વિદુરજી કહે છે: હું આમંત્રણ આપું તો પ્રભુ ના તો નહીં પાડે, પણ આ નાની ઝૂંપડીમાં તેમને બેસાડીશું ક્યાં? આપણે ઘેર પરમાત્મા આવશે તો આપણને તો આનંદ થશે, પણ પરમાત્માને દુઃખ થશે. મારા ભગવાન છપ્પન ભોગ આરોગે છે. ધૃતરાષ્ટ્રને ત્યાં તેમનું સ્વાગત સારું થશે. મારી પાસે તો ભાજી સિવાય કશું નથી. હું તેમને શું અર્પણ કરીશ? જો મારે ત્યાં આવશે તો ઠાકોરજીને પરિશ્રમ પડશે. મારા સુખના માટે હું મારા ભગવાનને જરાય પરિશ્રમ નહીં આપું.

આ જ પુષ્ટિભક્તિ છે.

સુલભાએ કહ્યું છે, મારા ઘરમાં ભલે બીજું કંઈ ન હોય, પણ મારા હૃદયમાં પ્રભુ પ્રત્યે પ્રેમ છે. તે પ્રેમ હું તેમને અર્પણ કરીશ. આપણે જે ભાજી ખાઈએ છીએ તે ભાજી હું ઠાકોરજીને પ્રેમથી અર્પણ કરીશ.

જીભ સુધરે તો જીવન સુધરે,
જીભ બગડે તો જીવન બગડે.

આહાર જો સાદો અને શુદ્ધ હોય તો શરીરમાં સત્ત્વગુણ વધે છે. સત્ત્વગુણ વધે તો સહનશક્તિ વધે છે અને છેવટે બુદ્ધિ સ્થિર થાય છે.

**आहारशुद्धौ सत्त्वशुद्धिः सत्त्वशुद्धौ ध्रुवा स्मृतिः ॥**

માટે વિદુરની જેમ અતિશય સાદું જીવન ગાળો. જેનું જીવન સાદું છે, તે જરૂર સાધુ થશે.

સુલભાએ કહ્યું છે: હું ગરીબ છું તે મેં શું ગુનો કર્યો છે? તમે કથામાં અનેક વાર કહ્યું છે કે પ્રભુ પ્રેમના ભૂખ્યા છે. ભગવાન ગરીબ ઉપર ખૂબ પ્રેમ રાખે છે.

વિદુરજી કહે છે: ભગવાન રાજમહેલમાં જશે તો ભગવાન સુખી થશે. મારા ઘરમાં તો ભગવાનને કષ્ટ થશે. તેથી હું તેમને અહીં આવવાનું આમંત્રણ આપવાની ના પાડું છું. દેવી, આપણાં પાપ હજુ બાકી છે. હું તને આવતી કાલે કૃષ્ણનાં દર્શન કરવા લઈ જઈશ. પણ ઠાકોરજી આપણે ઘેર આવે એવી આશા હાલ રાખવા જેવી નથી. આગળ કોઈક વખતે તેઓ આપણે ત્યાં આવશે. આ વખતે નહીં.

વૈષ્ણવો આશાથી જીવે છે. મારા પ્રભુ આજે નહીં આવે તો પાંચ વર્ષ પછી આવશે. અરે! છેવટે મારા અંતકાળે ઠાકોરજી જરૂર જરૂર મારે ત્યાં આવશે.

સુલભા વિચારે છે કે પતિ સંકોચથી આમંત્રણ

---

મનુષ્ય સત્ય અને સદ્વસ્તુ માટે ઇચ્છા રાખે અને તેવો સંકલ્પ કરે તો તે મેળવી શકે છે.

આપતા નથી, પણ હું મનથી આમંત્રણ આપીશ. બીજે દિવસે બંને બાલકૃષ્ણની સેવા કરે છે. બાલ-કૃષ્ણ હસે છે. વિદુર અને સુલભા પ્રાર્થના કરે છે.

.. जगन्नाथः स्वामी नयनपथगामी भवतु मे ॥

ભગવાન રથમાં બેસીને રાજમાર્ગ પરથી પસાર થઈ રહ્યા છે. આજુબાજુ પૃથ્વી પરના દેવતુલ્ય બ્રાહ્મણોનાં વૃંદો સ્તુતિ કરે છે. તે સાંભળીને પ્રભુ દયાથી દ્રવિત થઈ રહ્યા છે. એ દયાના સાગર, અખિલ બ્રહ્માણ્ડના બંધુ અને જગતના નાથ સદા મારાં નેત્રોની સન્મુખ રહો.

ભગવાન રથમાં જઈ રહ્યા છે.

જ્યાં સુધી જીવ શુદ્ધ ન થાય ત્યાં સુધી ભગવાન તેને આંખ આપતા નથી. અને ચાર આંખ એક થયા વગર દર્શનમાં આનંદ આવતો નથી.

વિદુર અને સુલભા પણ રથને નિહાળે છે. વિદુરજી વિચારે છે, મારે ઘેર ભગવાન આવે તે માટે હું લાયક નથી, પણ મારા ભગવાન એક વાર મને શું નજર પણ નહીં આપે? હું પાપી છું પણ મારા ભગવાન પતિતપાવન છે. મારા પ્રભુ માટે મેં સર્વ વિષયોનો ત્યાગ કર્યો છે. નાથ, તમારા માટે મેં કેટકેટલું સહન કર્યું છે! બાર વર્ષથી મેં અન્ન ખાધું નથી. ભગવાન એક વાર નજર નહીં આપો? કૃપા નહીં કરો? હજારો જન્મોથી વિખૂટો પડેલો જીવ તમારે શરણે આવ્યો છે.

લોકોની ભીડમાંથી રથ જઈ રહ્યો છે. પ્રભુએ આંખો નીચી રાખેલી છે. પ્રભુએ આંખો ઊંચી કરી છે. વિદુર અને સુલભા દર્શન કરે છે. શ્રીકૃષ્ણની દૃષ્ટિ વિદુરકાકા ઉપર પડી છે. વિદુરકાકા પોતાને કૃતાર્થ માને છે કે મારા ભગવાને મારી સામે જોયું. ભગવાનનું હૃદય પણ ભરાયું છે. દૃષ્ટિ પ્રેમભીની થઈ છે. મારો વિદુર ઘણા સમયથી મારી પ્રતીક્ષા કરી રહ્યો છે.

સુલભાને ખાતરી થઈ. મારા ઠાકોરજી મને જોઈ હસતા હતા. પ્રભુએ મને અપનાવી છે. મારા પ્રભુએ મારી સામે જોયું છે. ભગવાન મને ઓળખે છે કે હું વિદુરની પત્ની છું, એટલે આંખ ઊંચી કરીને તેમણે મને નજર આપી છે.

પ્રભુએ આંખથી એ ભાવ બતાવ્યો કે હું તમારે ત્યાં આવવાનો છું. પણ અતિ આનંદમાં વિદુર–સુલભા આ ભાવ સમજ્યાં નહીં.

શ્રીકૃષ્ણ હસ્તિનાપુર જાય છે. આ તરફ ધૃતરાષ્ટ્ર અને દુર્યોધને એક માસથી શ્રીકૃષ્ણના સ્વાગત માટે તૈયારી કરી છે. શ્રીકૃષ્ણ પધારે છે. તેઓ ધૃતરાષ્ટ્ર અને દુર્યોધનને ખૂબ સમજાવે છે કે હું દ્વારકાના રાજા તરીકે આવ્યો નથી, પણ પાંડવોના દૂત તરીકે આવ્યો છું. ભગવાનનું દુર્યોધને અપમાન કર્યું છે. દુર્યોધન દુષ્ટ હતો. દુષ્ટ દુર્યોધને મારા દ્વારકાનાથનું અપમાન કર્યું છે. તેણે કહ્યું કે ભીખ માગવાથી રાજ્ય મળતું નથી. સોયની અણી મૂકવા જેટલી જમીન પણ યુદ્ધ વિના હું આપવા તૈયાર નથી. દુર્યોધને કંઈ માન્યુ નહીં. શ્રીકૃષ્ણ સંધિ કરાવવામાં નિષ્ફળ જાય છે.

ધૃતરાષ્ટ્રે કહ્યું: એ ભાઈઓના ઝઘડામાં તમે ન પડો. તમે આરામથી ભોજન કરો. છપ્પન ભોગ તૈયાર છે.

શ્રીકૃષ્ણ કહે છે: તમારા ઘરનું ખાઉં તો મારી બુદ્ધિ બગડે. પાપીના ઘરનું ખાવાથી બુદ્ધિ બગડે છે.

આજે છપ્પન પ્રકારની ભોજનસામગ્રીઓ શ્રીકૃષ્ણ માટે તૈયાર કરવામાં આવેલી છે, છતાં પણ ભગવાન જમવા માટે ના પાડે છે. બીજા રાજાઓને આશા થઈ કે કૃષ્ણ આપણે ત્યાં આવશે. પણ શ્રીકૃષ્ણે તો બ્રાહ્મણોને પણ ના પાડી છે.

દ્રોણાચાર્યે પૂછ્યું: બધાને ના પાડો છો તો શું આજે ક્યાંય જમવાના નથી? ભોજનનો સમય થયો છે. ક્યાંય જઈને જમવું તો પડશે ને? દુર્યોધનને ત્યાં જમવામાં હરકત હોય તો મારે ત્યાં ભોજન માટે પધારો.

ભગવાન તેમને પણ ના પાડે છે. ભગવાને કહ્યું: આજે હું ગંગાકિનારે એક ભક્તને ત્યાં જવાનો છું.

---

જગતનો બધો ક્રમ કુદરતના કાયદા અનુસાર હોવાથી નિયમસર અને ક્રમે ક્રમે ચાલી રહ્યો છે.

દ્રોણાચાર્ય સમજી ગયા કે અમે વેદશાસ્ત્રસંપન્ન બ્રાહ્મણો રહી ગયા. ધન્ય છે વિદુરજીને.

ભગવાન વિચારે છે: મારો વિદુર આજ ઘણા સમયથી મારી પ્રતીક્ષા કરી રહ્યો છે. આજે મારે તેમને ત્યાં જવું છે.

આ બાજુ વિદુરજી વિચારે છે: હું હજુ લાયક થયો નથી, તેથી તેઓ આવતા નથી.

આજે સેવામાં સુલભાનું હૃદય આર્દ્ર બન્યું છે.

સુલભા ભગવાનને વીનવે છે: કનૈયા, મેં તારા માટે સર્વસ્વનો ત્યાગ કર્યો છે. તું મારે ત્યાં નહીં આવે? નાથ, ગોપીઓ કહેતી હતી તે સાચું છે. કનૈયા પાછળ જે પડે છે તેને કનૈયો રડાવે છે. તમારા માટે મેં સંસારસુખનો ત્યાગ કર્યો છે, સર્વસ્વ તેમને અર્પણ કર્યું છે. નાથ, મારે ત્યાં નહીં આવો?

કીર્તનભક્તિ શ્રીકૃષ્ણને અતિ પ્રિય છે. સુરદાસજી ભજન કરે, ત્યારે કનૈયો આવીને તંબૂરો આપે છે. સુરદાસ કીર્તન કરે અને કનૈયો સાંભળે છે.

**नाहं वसामि वैकुण्ठे योगिनां हृदये न च।**
**मद्भक्ता यत्र गायन्ति तत्र तिष्ठामि नारद॥**

ભગવાન કહે છે કે હે નારદ, હું ન તો વૈકુંઠમાં રહું છું કે ન તો યોગીઓનાં હૃદયમાં રહું છું. હું તો ત્યાં જ રહું છું કે જ્યાં મારા ભક્તો પ્રેમમાં વ્યાકુળ બનીને મારું કીર્તન કર્યા કરે છે.

ઝૂંપડી બંધ કરી વિદુર અને સુલભા ભગવાનના નામનું કીર્તન કરે છે, પણ તેઓને ખબર નથી કે જેમનું તેઓ કીર્તન કરી રહ્યાં છે, તે જ આજ તેમના દ્વારે આવીને બહાર ઊભા છે.

મનુષ્યનું જીવન પવિત્ર બનશે તો ભગવાન વિના આમંત્રણે તેના ઘેર આવશે. વિદુરજીને ત્યાં ભગવાન વિના આમંત્રણે પધાર્યા છે. જે પરમાત્માને માટે જીવે છે તેને ત્યાં પરમાત્મા આવે છે. બહાર ઊભે ઊભે ભગવાનને બે કલાક થયા. સખત ભૂખ લાગી હતી. આ લોકો ક્યાં સુધી કીર્તન કરશે? આ લોકોનું કીર્તન પૂરું થાય તેમ લાગતું નથી. વિદુર અને સુલભાનું જીવન પ્રભુ માટે હતું. પ્રભુએ વ્યાકુળ

## રત્નમાલા

**विना गोरसं को रसो भोजनानाम्**
**विना गोरसं को रसो भूपतीनाम्।**
**विना गोरसं को रसः कामिनीनाम्**
**विना गोरसं को रसः पण्डितानाम्॥**

અનેક પ્રકારનાં ભોજનોમાં ગોરસ (દૂધ, દહીં, માખણ, ઘી વગેરે) સિવાય બીજો કયો (સ્વાદ આપનાર મુખ્ય) રસ હોય છે? રાજાઓને ગોરસ (પૃથ્વી અથવા રાજ્યની પ્રાપ્તિ, પૃથ્વીમાંથી મળતી ધન-ધાન્ય-સંપત્તિ) સિવાય બીજો કયો રસ હોય છે? કામિનીઓને ગોરસ (ઇંદ્રિયસુખ) સિવાય બીજો કયો રસ હોય છે? અને પંડિતોને ગોરસ (વાણીની સરસતા) સિવાય બીજા શામાં રસ હોય છે? કશામાં જ નહિ.

**सज्जनस्य हृदयं नवनीतं**
**यद्वदन्ति कवयस्तदलीकम्।**
**अन्यदेहविलसत्परितापात्**
**सज्जनो द्रवति नो नवनीतम्॥**

સજ્જનનું હૃદય માખણ જેવું છે, એમ કવિઓ જે કહે છે તે ખોટું છે. સજ્જન તો બીજાનું દુઃખ દૂરથી જોઈને જ તેના સંતાપથી ઓગળી જાય છે, જ્યારે માખણ તેમ ઓગળતું નથી. (એને પોતાને તાપનો સ્પર્શ થાય છે ત્યારે જ ઓગળે છે.)

**यथा चतुर्भिः कनकं परीक्ष्यते**
**निघर्षणच्छेदन-ताप-ताडनैः।**
**तथा चतुर्भिः पुरुषः परीक्ष्यते**
**श्रुतेन शीलेन कुलेन कर्मणा॥**

જેમ ઘસીને, કાપીને, તપાવીને અને ટીપીને-આમ ચાર પ્રકારે સોનાની પરીક્ષા કરવામાં આવે છે, તેવી જ રીતે જ્ઞાનથી, શીલ(સ્વભાવ)થી, ખાનદાનીથી અને કર્મથી-આ ચાર વસ્તુઓથી પુરુષની પરીક્ષા કરવામાં આવે છે.

થઈ બારણું ખખડાવ્યું.

પ્રભુએ ઝૂંપડીનો દરવાજો ખખડાવ્યો: કાકા, હું આવ્યો છું.

એવું કીર્તન કરો કે ભગવાન આવીને તમારા ઘરનો દરવાજો ખખડાવે.

વિદુરજી કહે: દેવી, દ્વારકાનાથ આવ્યા હોય તેમ લાગે છે.

બારણું ઉઘાડ્યું ત્યાં ચતુર્ભુજ નારાયણનાં દર્શન થયાં. અતિ હર્ષના આવેશમાં પ્રભુને આસન આપવાનું રહી ગયું છે. પ્રભુએ હાથે દર્ભનું આસન લીધું છે. વિદુરજીને હાથ પકડીને બેસાડયા છે. ઈશ્વર જેને માન આપે છે, તેનું માન ટકે છે.

ભગવાન કહે છે: હું ભૂખ્યો થયો છું, મને ભૂખ લાગી છે. કાંઈક ખાવા આપો.

ભક્તિમાં એટલી શક્તિ છે કે નિષ્કામ ભગવાનને તે સકામ બનાવે છે. ભગવાનને ભૂખ લાગતી નથી પણ ભક્તને માટે ભગવાનને ખાવાની ઇચ્છા થાય છે.

ભગવાન આજે માગીને ખાય છે.

વિદુરજી પૂછે છે: તમે દુર્યોધનને ત્યાં જમીને નથી આવ્યા?

કૃષ્ણ કહે છે: કાકા, જેના ઘરનું તમે ન ખાઓ તેના ઘરનું હું ખાતો નથી.

ઈશ્વરને ભૂખ લાગતી નથી એવો ઉપનિષદનો સિદ્ધાન્ત છે, જીવરૂપી પક્ષી વિષયરૂપી ફળ ખાય છે તેથી તે દુઃખી છે. ઉપનિષદનો સિદ્ધાન્ત ખોટો નથી. ઈશ્વર નિત્ય આનંદસ્વરૂપ છે. ભાગવતનો સિદ્ધાન્ત પણ સાચો છે. ઈશ્વર તૃપ્ત છે, પરંતુ કોઈ ભક્તના હૃદયમાં પ્રેમ ઊભરાય તો નિષ્કામ પણ સકામ બને છે. સગુણ અને નિર્ગુણ એક છે. છતાં નિર્ગુણ સગુણ બને છે, નિરાકાર સાકાર બને છે. ઈશ્વર પ્રેમના ભૂખ્યા છે તેથી પ્રેમ જ્ઞાનથી શ્રેષ્ઠ છે. પ્રેમમાં એવી શક્તિ છે કે તે જડને ચેતન બનાવે છે, નિષ્કામને સકામ બનાવે છે, નિરાકારને સાકાર બનાવે છે. જ્ઞાનમાં વસ્તુનું પરિવર્તન કરવાની શક્તિ નથી, પ્રેમમાં વસ્તુનું પરિવર્તન કરવાની શક્તિ છે.

પતિ-પત્ની વિચારમાં પડયાં છે. ભગવાનનું સ્વાગત શી રીતે કરવું? તેઓ તપસ્વી હતાં. કેવળ ભાજી ખાઈને રહેતાં. વિદુરજીને સંકોચ થાય છે કે હું મારી ભાજી ભગવાનને કેમ અર્પણ કરું? પતિ-પત્નીને કંઈ સૂઝતું નથી.

ત્યાં તો દ્વારકાનાથે હાથે ભાજી ચૂલા ઉપરથી ઉતારી છે. પ્રેમથી ભાજી આરોગી છે. વસ્તુમાં મીઠાશ નથી, પણ પ્રેમમાં મીઠાશ છે. શત્રુ મીઠાઈ આપે તો-પણ તે ઝેર જેવી લાગે છે.

ભગવાનને દુર્યોધનના ઘરના મેવા ન ગમ્યા, પરંતુ વિદુરના ઘરની ભાજી તેમણે આરોગી. તેથી તો આજે પણ લોકો ગાય છે:

દુર્યોધનકો મેવા ત્યાગો,
સાગ વિદુર ઘર પાઈ,
સબસે ઊંચી પ્રેમસગાઈ.

*

ધીરુ—સારામાં સારી ખાણ કઈ?

નાની બહેન—હીરાની! હીરાના બહુ પૈસા મળે.

ધીરુ—નહિ.

નાની બહેન—(વિચાર કરીને) સોનાની!

ધીરુ—નહિ.

નાની બહેન—(વળી વિચાર કરીને) લોખંડની!

ધીરુ—નહિ. સારામાં સારી ખાણ "ઓળખાણ"! એટલે જ્યારે જોઈએ ત્યારે હંમેશાં ખપમાં આવે. બોલ હવે, ઊંડામાં ઊંડી ખાઈ કઈ?

નાની બહેન—સમજ્યા, હવે તો આવડે. મોટામાં મોટી ખાઈ તે "અદેખાઈ"; તેમાં પડ્યા એટલે પછી નીકળવું ભારે પડે!

*

# ઈશ્વરની ભાગીદારી

શ્રી પીતાંબર પટેલ

દસ વર્ષ પહેલાંનો આ પ્રસંગ છે.

ત્યારે એક સવારે છાપામાં વાંચ્યું કે, જાણીતા આંગડિયા ધીરુભાઈ મોહનલાલની પેઢીનો ગુમાસ્તો નટવરલાલ પંચોતેર હજારનો માલ લઈ ગુમ થઈ ગયો છે. આ પેઢીમાં એ ત્રણેક વર્ષથી નોકરી કરતો હતો, અને મુંબઈથી સુરત ઝવેરાત લઈને જતો હતો. તે મુંબઈથી સુરત ન જતાં, ક્યાંક માલ-સામાન સાથે ભાગી ગયો છે. પોલીસમાં ફરિયાદ નોંધાવતાં પોલીસ તેની તપાસ કરી રહી છે. પણ હજી તેનો પત્તો લાગ્યો નથી.

પંચોતેર હજાર! આવડી મોટી રકમ લઈને ગુમાસ્તો ભાગી ગયો! હવે આ રકમ કેવી રીતે ભરાશે! હું આ પેઢીના એક ભાગીદાર મોહનલાલને પિછાનતો હતો, એટલે આ સમાચાર વાંચી જીવ બળતો હતો!

પંચોતેર હજાર, એ તે કંઈ જેવી તેવી રકમ કહેવાય! આમાં તો પેઢીનો પાંચસાત વર્ષનો નફો ચાલ્યો જાય. ગમે તેવી મજબૂત પેઢીને પણ આવી રકમ જાય, એટલે ફટકો તો પડે જ ને! એટલે તો બપોરે પેઢી પર મોહનલાલને ફોન કરીને મેં પૂછ્યું કે, એ ગુમાસ્તો ક્યાંય પકડાયો ખરો!

ટેલિફોનની વાતચીત પરથી પણ હું પામી ગયો કે, મોહનલાલનો અવાજ પડી ગયો હતો. નટવરનો ક્યાંય પત્તો લાગ્યો નહોતો. એના ગામ, એનાં સગાંવહાલે, બધે માણસો દોડાવ્યા હતા. પણ ક્યાંય તેની ભાળ પડી નહોતી. ને મોહનલાલનો અવાજ પડી જાય એવું જ થયું હતું.

મોહનલાલ મારા મોસાળના રહીશ હતા. ગામ પેટે મામા પણ થતા હતા. મારા મામાનું અને એમનું કુટુંબ આમ તો ઘણું જુદું હતું. પણ અમે મુંબઈમાં સ્થિર થયા ત્યારથી જ એ મારા પર ખૂબ હેત રાખતા. એમની અસરથી તો રહેવાની જગ્યા મળી હતી. મુંબઈમાં પાઘડી આપતાંય ક્યાં જગ્યા મળતી હતી? એ તો મોહનલાલે તેમના ઓળખીતાઓને પૂછીગાછીને જગ્યાની ભાળ મેળવેલી અને વચ્ચે રહી લેયાનુંય પતાવી દીધેલું, જેથી પાછળથી કંઈ આંચ ન આવે.

તે પછી તો એ સગા મામા કરતાંયે વિશેષ રાખતા. મેનામામીયે અમને જોઈ અડધાં અડધાં થઈ જાય. ક્યારેક અમે મહિનામાસમાં તેમને ઘેર ન ગયા હોઈએ તો સંદેશો કહેરાવે કે, ભાણાભાઈ આવીને મળી જશો. ને મળવા જઈએ, એટલે અમને જમાડ્યા સિવાય ન આવવા દે.

મોહનલાલ આમ તો મુંબઈમાં ગુમાસ્તી કરતા હતા. એક આંગડિયાને ત્યાં તેમણે પંદર વર્ષ નોકરી કરેલી. તેમણે પ્રામાણિકતાથી કામ કરી પેઢીને સધ્ધર બનાવેલી. પણ પેઢીના શેઠ પગારમાં વધારો કરતા નહોતા. યુદ્ધના વર્ષમાં ઘૂમ કમાણી થતી. પણ શેઠ ગુમાસ્તાઓને પૂરી મોંઘવારીયે આપતા નહોતા, તો બોનસ તો ક્યાંથી આપે! એટલે મોહનલાલને પૈસા રોકનાર એક ભાગીદાર મળ્યા. ધીરુભાઈ સાથે તેમણે ભાગીદારીમાં આ આંગડિયાની સ્વતંત્ર પેઢી કાઢી. બે વર્ષ થતાંમાં તો સારી શાખ બંધાઈ. કામ પણ ઘણું મળવા લાગ્યું. કમાણી પણ વધવા માંડી એમ મોહનલાલની ઉદારતા પણ વધવા માંડી. તેમણે એમનાં કુટુંબીઓને અવસરે મદદ કરી. તેમનાં ખેતર છોડાવી આપ્યાં. તેમના ભાઈનાં છોકરાંને ભણાવ્યાં. ગામની શાળામાં હજાર જેવી રકમ આપી ફંડ શરૂ કરાવ્યું. એમની એ ઉદારતા અમારા સુધી પણ વિસ્તરી હતી. વાતવાતમાં આસ્તેથી એ કહી દેતા: 'ભાઈ! ભાણેજો અને બ્રાહ્મણ બંને સરખા.'

'અરે, ભાણિયાનાં પગલાં પડે તો ઘર પાવન થાય.'

હું તો એમનો સગો ભાણેજ થતો નહોતો. ગામમાં એમનું ઘરેય જોયું નહોતું. પણ મોહનલાલ તો મુંબઈમાં જે કોઈ એ બાજુના હતા તે બધાને પોતાના ગણતા. અને ઉદાર દિલથી મદદ કરતા. કેટલાકને તેમણે નોકરી અપાવેલી. કેટલાકને પોતાની

---

આ દેહ તે હું છું એવા વિચારથી આપણે દૂર રહેવું જોઈએ. આપણું ખરેખરું સ્વરૂપ શું તે જ્ઞાનપૂર્વક સમજવું જોઈએ.

પેઢી પર સૂવાની સગવડ કરી આપેલી. તેમની બાજુનો કોઈ સંઘ આવે, કોઈ યાત્રાળુ આવે તો મોહનલાલ તેમની સરભરામાં સૌથી પહેલાં પહોંચી જાય. આથી અમારી બાજુ પણ તેમનું નામ પંકાયું હતું. એથી તો મારે પણ એમની પિછાન થઈ હતી. પણ એમણે તો ભારે ઓથ આપી. એવી હૂંફ આપી કે, મને તેમના ઘરનો બનાવી દીધો.

દિવાળીમાં, બેસતા વર્ષના દિવસે મળવા જઈએ તો અમને સૌને બોણી આપે. ના, ના કહીએ છતાં હાથમાં કંઈ પકડાવી દે. મેનામામી વળી ગૃહિણીને સાડલો આપે તે જુદો. એ હસતાં જાય અને ખૂબ જ પ્રેમપૂર્વક કહેતાં જાય: 'તમે તો ભાણેજ કહેવાઓ. મામા પાસે તો લેણિયાત કહેવાવ. ભગવાને આપ્યું છે, તો આપીએ છીએ,' ને પૂજાના ગોખલા સામે જોઈને કહેતાં: 'કોને ખબર, કોના નસીબનું રળી ખાતાં હઈશું.'

મેનામામીની આ ઉદારતાથી તેમનું ઘર ભર્યું ભર્યું લાગતું હતું. તેમનો સ્વભાવેય એવો હેતાળ કે જ્યારે જુઓ ત્યારે મોં મલકાતું જ દેખાય. ઘેર કોઈ આવે તો એમને ખુશાલી થાય. જમી–પરવારીને બેઠાં હોય ને કોઈ જમનારું આવે કે મહેમાન આવે તોય હસીને આવકારે, અને એ વખતે રસોઈ કરવા બેસી જાય. કદી કચવાટ કર્યો હોય એવું જાણ્યું નથી. એ તો રસોઈ કરતાં જાય અને હસીને કહેતાં જાય: 'અમારે ત્યાં તમે ક્યાંથી? ધન્ય દા'ડો, ધન્ય ઘડી કે અમારે ઘેર તમારા જેવા પરોણા પધાર્યા.'

મને તો થોડા સહવાસ પછી એમ જ થયેલું કે, આ મેનામામીના નસીબે જ મોહનલાલની પેઢી ધીકતો ધંધો કરે છે. આ મામીના પગલે જ ઘરમાં લક્ષ્મી આવે છે.

આવી ઉદારતા, આવી મીઠાશ, આવું હેત તો ભાગ્યે જ કોઈ દંપતીમાં જોયું હશે!

એવા ભલા અને ભગવાનના માણસ મોહનલાલની પેઢી પર આ આપત્તિ ક્યાંથી આવી! પાછો નટવર પૈસા લઈને ભાગી ગયો હતો. નટવર એ મેનામામીના કાકાનો દીકરો. તેમના કાકાએ ખૂબ દબાણ કરેલું, એટલે નટવરને મુંબઈ લાવેલાં. બીજે તો ક્યાં નોકરી મળે? ને આવો ગામડાંનો અભણ જેવો નટવર બીજે નોકરીયે શું કરે! એટલે મોહનલાલે તેને પોતાની પેઢીમાં જ રાખી લીધો. એ પેઢી પર રહેતો અને પેઢી પર જ જમતો. ઘરનો માણસ સમજી તેને કીમતી ચીજવસ્તુઓ આપવા મોકલતા. નટવર વિશ્વાસુ ગણાતો. મોહનલાલનો તે સાળો થતો હતો, અને તેમના દ્વારા એ આવ્યો હતો, એટલે ધીરુભાઈએ નટવરની ખાતરી આપનાર તરીકે મોહનલાલનું નામ મૂક્યું હતું.

આંગડિયાનો ધંધો તો વિશ્વાસે ચાલતો. જે લોકો ચીજવસ્તુ આપી જાય, તે હાથોહાથ પહોંચાડવાનું કે ત્યાંથી લાવવાનું કામ આ પેઢી કરતી, અને તેનું નિયત કરેલું મહેનતાણું તે લોકો લેતા. ચીજવસ્તુ આપે તેની રસીદ અપાતી નહિ, છતાં કોઈ બોલેલું ફરી ગયા છે એવું બન્યું નહોતું. હજારોની ચીજ હોય, જરઝવેરાત હોય તોયે આંગડિયાને આપ્યું, એટલે હાથોહાથ પહોંચવાનું જ. આંગડિયાની શાખ એવી કે, એ કદી બોલેલું ફરે નહિ. હજારોના દાગીના હોય તોયે એકવાર હાથમાં લીધા, એટલે જોખમદારી આંગડિયાની. ચીજવસ્તુ ખોવાય કે ચોરાય, તોયે જવાબદારી તો આંગડિયાની જ ગણાય. આ શાખનો ધંધો હતો. ધીરુભાઈ અને મોહનલાલની પેઢીએ સારી શાખ જમાવી હતી. તેમને ત્યાં રોજ લાખોનો માલ આવતો હશે અને જતો હશે. સોના–ચાંદી ને ઝવેરાત લઈ જવાનું કામ પણ એ લોકો કરતા. તેને માટે ખાસ માણસો રાખેલા હતા. તે રોજ ગાડીમાં જાય અને રોજ ત્યાંથી માલ લઈને આવે. નટવરને સુરત ખાતે મૂક્યો હતો. ત્યાં ઝવેરાત ને સોના–ચાંદીના દાગીનાની હેરફેર વધારે થતી. એ વિશ્વાસુ માણસ હતો, એટલે ધીરુભાઈને પણ કશી ભીતિ નહોતી. એ જ નટવરલાલ સુરત જવાને બદલે ગાડીમાં ક્યાંક અદૃશ્ય થઈ ગયો હતો. સાથે પંચોતેર હજારની મતા લઈ ગયો.

પંચોતેર હજાર! પેઢી માટે આ જબરો ફટકો હતો. નટવર ભાગી જાય કે ઊડી જાય, એ પાતાળમાં

---

દયાના દિવ્ય તત્ત્વનું બરાબર જ્ઞાન થાય છે ત્યારે ક્રોધ અને બધી જાતના વિકારો આપણા ઉપર સત્તા ચલાવતાં અટકે છે.

છુપાઈ જાય કે આકાશમાં અદૃશ્ય થઈ રહે; ગમે તે કરે, પણ આ પેઢીએ તો પંચોતેર હજાર ચૂકવવા જ પડે. એનું શું કરવું?

ધીરુભાઈ પાકા માણસ હતા. નટવર ભાગી ગયો ત્યારથી તેમણે બબડાટ શરૂ કરી દીધો હતો:

'હું નહોતો કહેતો કે ખાતરી વગરનો માણસ ન રાખવો. તમે સગાને પેઢીમાં ઘાલ્યો. જુઓ, એણે આ બદલો આપ્યો!'

'હવે આવડી મોટી રકમ કોણ ભરશે!'

'નટવર તો પૂરો 'ચારસોવીસ' હતો. એનો પત્તો લાગી રહ્યો. આવડી, પંચોતેર હજારની રકમ હવે કેવી રીતે ભરવી!'

મોહનલાલની પણ એ જ મૂંઝવણ હતી. પંચોતેર હજાર રોકડ રકમ તો પાસે હોય પણ ક્યાંથી! તો હવે કરવું શું?

જેણે માલ આપ્યો હતો, એ તો તગાદો કરતો હતો. જો સમયસર પૈસા ન ભરાય તો પેઢીની શાખ બગડે. કોઈ માલ જ આપવા ન આવે!

છેવટે ધીરુભાઈએ ભાગ ભજવ્યો. એમણે કહી દીધું.

'નટવર તમારો માણસ હતો. તમે એની ખાતરી આપી હતી. તમારો સાળો માલ લઈને ભાગી ગયો, તો તમે જ એ ભોગવો.'

તે આટલેથી ન અટક્યા. તેમણે તો મોહનલાલનું ગળું દબાવવા જેવું કર્યું.

'મારે પેઢીમાં ભાગ રાખવો નથી. મને મારી મૂડી અને નફાનો ભાગ મળી જવો જોઈએ.'

ધીરુભાઈના હસ્તક જ ચોપડા રહેતા. એટલે તેમણે તો ભાગની રકમનો આંકડો પણ તૈયાર કર્યો.

નફો તો જાણે ઉપાડ પેટે ભઈ લીધો હતો. પણ મૂડીનું શું? પચીસ હજાર ધીરુભાઈને આપવાના નીકળતા હતા. પંચોતેર હજાર પેલા હતા. એક લાખ રૂપિયા મોહનલાલ લાવે ક્યાંથી?! તો કરવું પણ શું!? મોહનલાલની મૂંઝવણનો પાર ન રહ્યો. આંખે અંધારાં આવી ગયાં. દૂંપો ખાવાનો વખત આવ્યો. આ તો ઇજ્જતનો સવાલ હતો. પેઢી બંધ થાય એનુંય કંઈ નહોતું, પણ પૈસા ન ભરે તો આબરૂ જતી હતી. એથીયે વિશેષ તો વિશ્વાસઘાત થતો હતો. વિશ્વાસે તો લોકો માલ મૂકી જતા હતા. એમનો વિશ્વાસભંગ કઈ રીતે થાય? તો કરવુંયે શું?

ધીરુભાઈને વીનવ્યા. ખમી ખાવાનું કહ્યું. આટલી કટોકટીમાંથી બહાર નીકળી જાય ત્યાં સુધી ભાગીદાર તરીકે ચાલુ રહેવાની વિનંતી કરી. પણ ધીરુભાઈ તો પૈસાના સગા હતા. એમને નફાની ભાગીદારી જોઈતી હતી. નુકસાનમાં એ ઊભા રહેવા માંગતા નહોતા. એ તો બસ હઠ લઈ બેઠા હતા:

'મારે તો મારા ભાગના પૈસા અબી ને અબી જોઈએ.'

મોહનલાલ એમને શું કહે!

મોહનલાલની ઊંઘ ઊડી ગઈ. જ્યારે હું એમને ઘેર ખબર કરવા ગયો, ત્યારે એમનું મોં પડી ગયું હતું. ઉજાગરાથી આંખોનાં પોપચાંયે ભારેખમ થઈ ગયાં હતાં. તેમણે ખાધુંયે નહોતું એથી મેનામામી ભૂખ્યાં રહ્યાં હતાં. એમની આંખોય તો રડીરડીને મહુડાં જેવી ફૂલી ગઈ હતી. એમની સામે તો મીટ માંડી શકાતી નહોતી. ભલભલાને રડાવે, એવી આ દંપતીની તે દિવસની મુખમુદ્રા હતી.

મેનામામીએ તો પોતાની પાસે હતાં તે ઘરેણાં કાઢીને મોહનમામાના ખોળામાં મૂક્યાં હતાં.

હાથે કાચની બે બંગડીઓ હતી એ જ. બાકી આખા શરીરે સમ ખાવા પૂરતુંયે ઘરેણું રાખ્યું નહોતું.

પણ આ ઘરેણાં વેચ્યેયે ધીરુભાઈની મૂડી અપાતી નહોતી, તો પેલા પંચોતેર હજાર તો એ કઈ રીતે આપી શકે! જ્યાં આભ ફાટ્યું, ત્યાં હાથ ધર્યે શું વળે!

મેનામામીને ભય લાગ્યો હતો કે, મોહનલાલ ક્યાંક વિષ ઘોળીને ન બેસી જાય. એટલે તે પતિને

---

જે પોતાના જીવનનું યથાર્થ સ્વરૂપ સમજે છે, તેને આખા વિશ્વનું સ્વરૂપ આપોઆપ સમજાવા લાગે છે.

નજરથી દૂર કરતાં નહોતાં. ઘરમાં બેસીને પણ એ શું કરે!

મોહનલાલે બધે નજર લંબાવી જોઈ. ગામડે તો પૈસા આપે એવું કોઈ નહોતું. મેનામામીના પિયેરમાં તો મથીમથીને પૂરું કરતાં હતાં. સગાં–સંબંધીઓમાં કોઈ એવી સધ્ધર પાર્ટી નહોતી કે આવડી મોટી રકમ આપે!

ધીરુભાઈની રકમ તો આ ઘરેણાંમાંથી અને પેઢીની બધી રોકડમાંથી ચૂકવી દે! પણ પછી શું? પંચોતેર હજાર ન ચૂકવે તો પેઢીની આબરૂ જાય. પછી કોણ માલ આપવા આવે? મોહનલાલ માટે એ વખતે તો માથે આભ અને નીચે ધરતી જેવો જોગ થયો હતો.

નટવરનો કંઈ પત્તો લાગ્યો નહોતો. એની શોધખોળ પણ કર્યા કરે! તો આનું કરવું શું?

મોહનલાલ માટે તો જીવણમરણનો સવાલ હતો. મેનામામીએ તો અન્નજળ છોડી દીધાં હતાં. પ્રભુને માથે રાખીને આજ દિન સુધી વ્યવહાર કર્યો છે. કદી કોઈનું બગાડ્યું નથી. કોઈનું બૂરું કર્યું નથી, તો પ્રભુ તેમનું કેમ બૂરું થવા દે! એ સાચને માર્ગે જવા માગે છે, તો પ્રભુ જરૂર મદદ કરશે! ને પ્રભુ સહાય ન કરે તો પછી જીવીનેય શું કરવું છે! એ અડીઓપટી કાઢે તો જ પાણીનું ટીપુંય મોંમાં પડવા દેવું છે; નહિ તો ભલે આ દેહ પડી જતો.

મેનામામી તો પ્રભુની છબી આગળ દીવો કરી બસ બેસી ગયાં. આવી કટોકટીમાં તેમને એકલાંય કેમ મુકાય! એટલે ગૃહિણી પણ તેમને ત્યાં આવી હતી.

મોહનલાલે છેલ્લો પ્રયાસ કર્યો. જે પેઢીનો માલ લઈને નટવર ભાગી ગયો હતો, તે પેઢીના શેઠને જઈને તે મળ્યા. એ મોટા ઝવેરી હતા. પચાસ વર્ષની જૂની પેઢી હતી. લાખોપતિની શાખ હતી. મોહનલાલે શેઠને રજેરજ વાત કરી. માંડીને બધી સાચી વાત કરી દીધી. પોતાની પાસે કેટલાનો જોગ છે, અને કેવી સ્થિતિમાં એ મુકાઈ ગયા છે એની વિગતે વાત કરી. તેમણે કહ્યું:

'શેઠ! મારે જીવવા આરો નથી. નાક કપાવીને તો જીવવું જ નથી. એના કરતાં તો મરી જવું બહેતર છે. જો તમે ખમી ખાઓ તો હપતે હપતે તમારી પાઈએ પાઈ ચૂકવી દઈશ; નહિ તો મારે વિષ ઘોળવું પડશે.'

આ ઝવેરી શેઠને મોહનલાલની સચ્ચાઈ માટે માન થયું. એમને થયું: 'આને પૈસા ખોટા કરવા હોત તો ધીરુભાઈની પેઠે એયે પાટિયું ઊંધું કરીને ન બેસી જાત! તેનેયે નટવરની પેઠે ભાગી જતા કોણ રોકે છે!'

પણ આ તો ઈજ્જતવાળો માણસ છે. પોતાના જીવ કરતાંયે ઇજ્જત–આબરૂને વહાલી ગણે છે. આવો સાચો માણસ પૈસાના અભાવે મરી જાય, એ ઠીક નહિ.

ને શેઠે મોહનલાલને હિંમત આપી:

'ભાઈ, મૂંઝાશો નહિ. ચડતીપડતી તો જિંદગીમાં આવ્યા કરે. પડતીમાં ધીરજ રાખી ટકી રહે તેને જ પ્રભુ સહાય કરે છે. તમે સાચા હશો તો કાલે તરી જશો. સાચને કદી આંચ આવતી નથી.

'જાઓ, મારા પંચોતેર હજાર કમાઈને આપજો. તમે તમારી પેઢી ચાલુ રાખો. જરૂર પડે તો મારી પાસેથી પૈસા લઈ જજો. તમારી દાનત સાફ છે એટલે તમને આંચ નહિ આવે.'

મોહનલાલને તો જાણે જીવતદાન મળ્યું હોય એમ લાગ્યું. શેઠના આશીર્વાદ લઈને એ ઊભા થયા.

ધીરુભાઈને પાઈએ પાઈ ચૂકવી દીધી. તે ભાગીદારીમાંથી છૂટા થયા છે, એવી છાપામાં જાહેરાત પણ થઈ. પેઢીનું નામ ધીરુભાઈ મોહનલાલ હતું તે બદલીને ઈશ્વરલાલ મોહનલાલ નામ રાખ્યું. નવાઈની વાત તો એ હતી કે ઈશ્વરલાલ નામની કોઈ વ્યક્તિ તેમના ઘરમાં નહોતી. મોહનલાલ એનો ખુલાસો આ રીતે કરતા હતા:

'ઈશ્વરે જ મને સહાય કરી છે. એણે જ આ

---

જે મનુષ્ય પોતાના મનમાં પવિત્ર અને ઉમદા વિચારો ધારણ કરે છે તેને જ ઉત્તમોત્તમ સુખ પ્રાપ્ત થાય છે.

પેઢીને ટકાવી છે. એટલે એ જ મારો સાચો ભાગીદાર. જો પ્રભુ દીકરો આપશે તો એનું નામ ઈશ્વર રાખીશું; નહિ તો એના નામે પેઢી ચાલ્યા કરશે'

મેનામામીની પ્રાર્થના ફળી એમ ગણો, કે મોહનલાલની સચ્ચાઈનો પ્રભુએ બદલો આપ્યો એમ ગણો, કે ઈશ્વરે ચમત્કાર કર્યો એમ ગણો, ગમે તેમ ગણો, પણ એટલું નક્કી કે, એ પેઢી તરી ગઈ. પેઢીનું નામ બદલાયું પણ તેને કશી આંચ ન આવી. ઊલટું પંચોતેર હજારની ઘાટીમાંથી પણ આ પેઢી તરી ગઈ એથી તેની શાખ વધી. પરિણામે ધંધો પણ વધ્યો. મોહનલાલને તો ઇજ્જત રહી, એનો જ પરમ સંતોષ હતો.

છ માસમાં તો નટવર દિલ્હી બાજુથી પકડાયો. તેની પાસે મુદ્દામાલ તો રહ્યો નહોતો. પણ તેણે માલ ક્યાં વેચ્યો હતો, ક્યાં સંતાડ્યો હતો, તેની પૂછપરછમાં પોલીસે પચાસ હજારની તો ભાળ મેળવી હતી.

નટવર પર કેસ ચાલ્યો. સગા સાળા સામે સાક્ષી આપતાં મોહનલાલનો જીવ કપાઈ જતો હતો. પણ એ બીજું કરે પણ શું? મેનામામી તો કહેતાં હતાં:

'હું એને ભાઈ ગણતી નથી. ભાઈ હોય તો બહેનના ઘરમાં જ હાથ નાખે! મારે એનું કાળું મોં જોવું નથી.'

નટવરને ત્રણ વર્ષની કેદ થઈ ને મોહનલાલને પચાસ હજાર પાછા મળ્યા. એ પચાસ હજાર તેમણે ઝવેરી શેઠના હાથમાં મૂકી દીધા.

'શેઠ! તમારી દયાથી આટલી રકમ પરત મળી છે. આપના આશીર્વાદથી બાકીની રકમ હું ધીમે ધીમે ભરી દઈશ.'

'ભાઈ, એનો ભાર ન રાખશો. પૈસા તમારે ત્યાં જમે છે, એમ જ માનું છું. તમે તમારે નિશ્ચિંત થઈ ધંધો કરો.'

ને મોહનલાલે ધંધો વિકસાવ્યો. પહેલે જ વર્ષે વીસ હજાર નફો થયો. તેમણે દસ હજાર ઈશ્વરની ભાગીદારીના જુદા રાખ્યા અને દસ હજાર શેઠને આપી દીધા. જ્યારથી તેમણે પેઢી પર ઈશ્વરનું નામ મૂક્યું ત્યારથી જ સંકલ્પ કર્યો હતો કે જે કંઈ નફો થાય એમાંથી અડધોઅડધ પ્રભુના જમે રાખવા. એમાંથી પાઈ એ વેપારના કામે કે અંગત કામે પણ ઉપાડવી નહિ. એ રકમ પ્રભુને ગમે તેવાં સારાં કામમાં ખર્ચી દેવી.

મોહનલાલની આ પ્રભુભક્તિ જાણીને નવાઈ લાગી! કળિકાળમાં સતિયા આદમી પડ્યા છે! પ્રભુના નામની ભાગીદારી! પાછી એમાંથી પાઇ લેવાની નહિ.

મોહનલાલની આ ભક્તિ ફળી ને ત્રણ દીકરીઓ ઉપર ઈશ્વરે ચોથો દીકરો આપ્યો. તેમણે એ દીકરાનું નામ રાશિ જોડાવ્યા સિવાય ઈશ્વર રાખ્યું.

આજે પણ આ ઈશ્વરલાલ મોહનલાલની આંગડિયાની પેઢી ચાલે છે. ધમધોકાર ચાલે છે, અને સારામાં સારી આબરૂ જમાવી છે.

પછી તો મારી બદલી અમદાવાદ થઇ. વચ્ચે મુંબઇ જવાનું થયું ત્યારે જાણ્યું કે એ પેઢી દર વર્ષે ત્રીસચાળીસ હજારનો નફો કરે છે, તેમાંનો અડધોઅડધ નફો પ્રભુને નામે ખર્ચાય છે.

મોહનલાલની આ ઉદારતા જોઇ મારાથી સહજ રીતે કહેવાઇ ગયું: 'મામા! આવી સખાવત તો મોટા મિલમાલિકોય નહિ કરતા હોય! તમારી વાત ન્યારી છે!'

પણ મને બોલતો અટકાવીને તે બોલ્યા:

'છી...છી...ભાણાભાઈ, એ શું બોલ્યા! આને સખાવત ન કહેવાય. ભાગીદારીમાં ધંધો કર્યો તો નફો તો ભાગીદારને આપવો જોઇએ ને! બસ, ઈશ્વરનો નફો ઈશ્વરને આપું છું. એમાં હું કઇ વડાઇ કરું છું!' મોહનમામાના આ શબ્દો આજે પણ કાનમાં રણકે છે.

*

---

આપણા મનની ચંચળતાનો અને વિહ્વળતાનો ત્યાગ કર્યા સિવાય કોઈ પણ જગ્યાએ શાન્તિ મળવાની નથી.

# વીર હમ્મીરદેવ

શ્રી 'ભગવત્પ્રસાદ'

જ્યારે ભારતવર્ષ મુસલમાનોના જુલમથી કચડાઈ રહ્યો હતો, હિંદુઓને જબરજસ્તીથી મુસલમાન બનાવતા હતા અને માબહેનોની આબરૂ બચાવવી મુશ્કેલ થઈ પડી હતી, એવે સમયે રણથંભોરગઢમાં હમ્મીરદેવનો જન્મ થયો હતો. તેમનો બાલ્યકાળ આધુનિક રાજકુમારોની પેઠે હલકટ દરબારી નોકરોના સહવાસમાં અને નિર્દોષ જાનવરો મારવામાં વીત્યો ન હતો; પરંતુ તેમની વીર માતા સ્વધર્મનિષ્ઠ આર્ય-વીરોની વીરત્વભરેલી અસરકારક કહાણીઓ સંભળાવ્યા કરીને તેમના હૃદય પર પોતાના પૂર્વજોની વીરપ્રકૃતિના દિવ્ય સંસ્કાર અને ઉજ્જવળ કીર્તિનો પ્રકાશ પાડ્યા કરતી હતી.

હમ્મીરદેવ મહાન ધીર–વીર બની શક્યા, તેનું આ પણ એક ખાસ કારણ હતું. તેમના સમયમાં 'વીર હમ્મીરની હઠ' કહેવતરૂપે દેશભરમાં ચાલુ થઈ ગઈ કે—

**સિંહગમન પુરુષવચન, કદલીફલ એક વાર;**
**તિરિયા તેલ હમીર હઠ, ચઢે ન દૂજી વાર.**

હમ્મીરદેવ જેવા સાહસિક વીર હતા તેવા જ પોતાની ટેક જાળવવામાં અચળ હતા.

એક વખત અલ્લાઉદ્દીન બાદશાહ પોતાની બેગમો સાથે શિકાર ખેલવા વનમાં ગયો, ત્યારે મીર મહમ્મદ મંગોલ નામનો સરદાર પણ તેમની સાથે હતો. શિકાર ખેલતાં ખેલતાં પાદશાહની મરાઠી બેગમ મંગોલના સૌંદર્ય ઉપર મોહિત થઈ ગઈ; પરંતુ મંગોલ કોઈ પણ પ્રકારે બેગમની ઇચ્છા નહિ લેખ-વતાં સ્વામીભક્તિને વળગી રહ્યો. આથી એ બેગમ તેને ઠેકાણે પાડવાનો પ્રયત્ન કરવા લાગી. એક દિવસ પ્રસંગ જોઈને બાદશાહને આડુંઅવળું સમજાવવાથી તેણે મંગોલને મારી નાખવાનો નિશ્ચય કર્યો; પરંતુ કોઈ પ્રકારે એ વાત મંગોલને પહોંચતાં તે ત્યાંથી ચાલી નીકળ્યો અને આશ્રયસ્થાન મેળવવા માટે રણ-થંભોરગઢમાં મહારાજ હમ્મીરદેવ પાસે પહોંચ્યો; ત્યાં મહારાજને બધી હકીકત કહીને પ્રાર્થના કરી કે, 'ઓ નરદેવ! આપની વીરતાની પ્રશંસા સાંભળીને હું શરણે આવ્યો છું.' હમ્મીરદેવે તેને આશ્વાસન આપ્યું, અને ભીષ્મપ્રતિજ્ઞા કરી કે 'હમ્મીર જીવતો છે ત્યાં સુધી તમને કોઈ પણ મેળવી શકશે નહિ.' આ પ્રમાણે કહીને તેણે સરદારને શરણે લીધો.

આ બાજુ અલ્લાઉદ્દીન બાદશાહને મંગોલ નાસી ગયાના સમાચાર મળતાં તેની શોધ થવા લાગી. ગુપ્તચરો દ્વારા રણથંભોરની ખબર મળતાં બાદશાહે એક દૂત સાથે સંદેશો કહાવીને નમ્રતાપૂર્વક પોતાના અપરાધીને માગ્યો; પરંતુ હમ્મીરદેવે તે માગણી સ્વીકારી નહિ. છેવટે તે આશ્રિત સરદારે પણ પોતાને ખાતર બીજા પર આફત આવતી અટકાવવા માટે મહારાજ હમ્મીરને પ્રાર્થના કરી કે, મને જવા દો. મારે માટે લડાઈ જાગે, એ હવે મને નથી ગમતું. પણ મહારાજે પોતાનો ધર્મ ચૂકવાની સાફ ના પાડી.

આ તરફ બાદશાહે પણ હમ્મીરદેવ ઉપર ચઢાઈ કરવાનો હુકમ આપી દીધો. કેટલાય હજાર સવારો અને કેટલાય લાખ સૈનિકો લઈને અલ્લાઉદ્દીન પોતે ચઢ્યો અને રણથંભોર પહોંચી જઈ કિલ્લાને ચોતરફથી ઘેરી લીધો. આથી હમ્મીરદેવના મંત્રી તેમને વીનવવા લાગ્યા કે, 'નાથ! આપની આજ્ઞા હોય તો સંધિ કરવાનો કંઈ ઉપાય કરીએ; કેમ કે આટલી બધી વિશાળ સેના આગળ મુઠ્ઠીભર ક્ષત્રિયો શું કરી શકશે? માટે ચાલતાં સુધી નુકસાન વેઠવું યોગ્ય નથી.' આમ છતાંયે વીર હમ્મીરદેવ પોતાની પ્રતિ-જ્ઞાથી તલમાત્ર ચલિત થયા નહિ અને પોતાના વીરોને ક્ષત્રિયોનાં કર્તવ્ય સમજાવ્યાં કે શરણે આવે તેની પ્રાણસાટે પણ રક્ષા કરીને સ્વધર્મનું અને ક્ષાત્રનીતિનું પાલન કરવું, એ તો ક્ષત્રિયોનો પરમ ધર્મ છે.

પછી તો બન્ને બાજુથી યુદ્ધભેરી વાગવા લાગી. તૈયારીઓ તો પહેલેથી જ થઈ ચૂકી હતી. આ બાજુ હમ્મીરદેવના યોદ્ધાઓ સુસજ્જ થઈને ગઢ પાસે આવ્યા; પેલી તરફ બાદશાહની સેના પહેલેથી જ મોરચા માંડીને તૈયાર હતી. બન્ને બાજુથી તોપો છૂટવા લાગી; ઘમસાણ યુદ્ધ ચાલુ થઈ ગયું; સેંકડો

---

પોતાના કર્તવ્યનો ત્યાગ ન કરતાં સર્વ વિઘ્નો પસાર કરી આખર સુધી જે મનુષ્ય તે માર્ગમાં ચાલુ રહે છે, તે જ પરમ સત્ય સમજી શકે છે.

વીરો ધરાશાયી થવા લાગ્યા; તોપો અને બંદૂકોની ગર્જનાથી દશે દિશાઓ ધ્રૂજવા લાગી!

મહારાજ હમ્મીરદેવની એ સમયની પ્રસન્નતા, ઉત્સાહ અને વીરતા પૂરબહારમાં ખીલી નીકળ્યાં હતાં. મીર મંગોલે પણ એક એવું બાણ તાકીને છોડ્યું કે શાહના છત્રનો દંડ તૂટી પડ્યો! મહારાજ હમ્મીરદેવ અસીમ વીરતા દર્શાવી રહ્યા હતા. દંડ તૂટી પડતાં જ શત્રુસેનામાં સ્તબ્ધતા છવાઈ ગઈ! બાદશાહનો ચહેરો ફિક્કો પડી ગયો અને હિંમત પણ ખૂટી ગઈ. તેણે વિચાર્યું કે માત્ર એક સ્ત્રીના કહેવાથી મેં આ હમ્મીર જેવા વીર સાથે કયાં યુદ્ધ આદર્યું!

પાદશાહના કેટલાયે ઘોડા, હાથી અને વીર યોદ્ધા મરાઈ ગયા. આ તરફ હમ્મીરદેવની સેના દીવાલને ઓથે રહીને લડી રહી હતી એટલે તેમને વધારે નુકસાન થયું નહિ; અને એ મુઠ્ઠીભર વીરોએ વીરતાનો જે અસામાન્ય પરિચય આપ્યો, તે જોઈને બાદશાહ ઉપરાંત તેની સેના પણ ચકિત થઈ ગઈ!

છેવટે બાદશાહી સેનાના પગ પાછા પડ્યા; સૈનિકો આમતેમ જંગલમાં નાસી છૂટ્યા અને સુલતાન પોતે પણ બચેલા લશ્કર સાથે નાસી છૂટ્યો. પરંતુ પછી કોઈ કારણસર નારાજ થયેલો હમ્મીરદેવનો ભાઈ રણમલ ચૌહાણ લાગ મળતાં બાદશાહને જઈ મળ્યો અને ગઢનો ભેદ બતાવી દીધો! જયચંદ ફૂટતાં ભારતવર્ષની અને વિભીષણ ફૂટતાં લંકાની જેવી દશા થઈ હતી, તેવી જ રણથંભોરની દશા ઘરનો માણસ ફૂટવાથી થઈ. શાહે વળી પાછા રણથંભોરગઢ તરફ પહોંચી જઈને મોરચા માંડ્યા અને રણમલના બતાવેલા સ્થાને સુરંગ લગાવવા માંડી! આ સમાચાર હમ્મીરદેવને પહોંચ્યા; પરંતુ સ્વધર્મપાલન આગળ તેમને પ્રાણની પણ પરવા નહોતી.

મહારાજે ગંગાજળથી સ્નાન કરીને છૂટથી દાનપુણ્ય કર્યાં. પછી પૂજ્ય માતાના મહેલે જઈ તેમનાં ચરણોમાં પ્રણામ કર્યાં. આ બાજુ સેનાને પણ તૈયાર થવાની આજ્ઞા આપી હતી એટલે સૌ યોદ્ધાઓ યુદ્ધના સાજ સજી તૈયાર થયા હતા. માતાએ હમ્મીરદેવને આશીર્વાદ આપ્યા. તેમની માતા બીજી માતાઓ જેવી નહોતી કે જે પોતાનાં બાળકોને ઉંદર અને કૂતરાંબિલાડાંથી ડરાવ્યા કરીને તેને હમેશને માટે બીકણ બનાવી દે! તે તો આદર્શ વીરમાતા હતી. આ સમયમાં તો એને ઉપમા પણ કોની અપાય! હમ્મીરની માતા તો હમ્મીરની માતા હતી. તેણે પુત્રને કહ્યું કે—

**તીરાં ઉપર તીર સહિ, સેલાં ઉપર સેલ;**
**ખગ્ગા ઉપર ખગ્ગ સહિ, રણ સનમુખ સુત ખેલ.**
**સન્મુખ છાતી મેં સહે, ઘાવાં ઉપર ઘાવ;**
**પલક ના ઝપે સપૂત નર, ચઢે ચૌગુનો ચાવ;**
**તિલતિલ તન ટકિટકિ પરૈ, તેગાં મુખ મુવન્ન;**
**દીધી તાહિ અસીસ મેં, નારી ગીત ગુવન્ન;**
**જો જૂઝે તો અતિ ભલો, જો જીતે તો રાજ;**
**દેતિ પુકારી યોં સબૈ, મંગલ ગાવો આજ.**

આ બાજુ માતા સાથે આ પ્રસંગ ચાલતો હતો, એવામાં જ કેટલાયે મણ દારૂ ભરીને સુરંગ ફોડવામાં આવી, જેથી એ મજબૂત કિલ્લાની કેટલીક દીવાલ તૂટી પડી અને શાહની સેનામાં આનંદ છવાયો ને સૌ ઉલ્લાસમાં આવી ગયા! હમ્મીરદેવ પણ હવે ઘોડા ઉપર સવાર થઈ પોતાના બહાદુર વીરો સાથે દીવાલ તરફ ચાલી નીકળ્યા. જતી વખતે માતાએ કહ્યું કે, 'બેટા! ચિંતા કરીશ નહિ. ઈશ્વરની દયાથી તું રણમાં વિજય મેળવીને પાછો આવજે; અને જો તું રણક્ષેત્રમાં જ વીરગતિ પામીશ, તો હું પણ ઐતિહાસિક જૌહર કરી બતાવીશ, પણ શત્રુનો હાથ કોઈને નહિ અડવા દઉં.' યુદ્ધપ્રસંગનાં વિવિધ વાજાં વાગવા લાગ્યાં અને એવું ભયંકર યુદ્ધ જામ્યું કે જાણે ભીષ્માર્જુનનું ભયંકર યુદ્ધ થઈ રહ્યું હોય!

જે કાયર હતા તેઓ તો યુદ્ધ થવા પહેલાં જ નાસી છૂટ્યા હતા અને માત્ર જેઓ સાચા વીર હતા તેઓ જ શત્રુઓની સામા જઈ ઊભા હતા. આ લડાઈ બરાબર સાત દિવસ અને સાત રાત સુધી ચાલી. લોહીની નદીઓ વહેવા લાગી. છેવટે હમ્મીરદેવ પોતાના પ્રાણ હથેળીમાં લઈને સુલતાન ઉપર

---

બહાર દેખાતા બધા જુલમ અને અન્યાય એ અંતરમાં વ્યાપી રહેલા સડાના પરિણામ રૂપ છે.

ત્રાટકયા અને શત્રુસેનાનાં હાંજા ગગડાવી નાખ્યાં. સુલતાનના સૈનિકો વળી પાછા ગભરાઈ જઈને પાછા ફર્યા અને સુલતાન પણ પાછો રણમાંથી નાસી છૂટયો! તેણે અત્યાર સુધી આવો વીર કયાંય જોયો ન હતો.

પરંતુ અફસોસ! ભાવી પ્રબળ છે. જે બીજી રીતે થવા સર્જાયું હતું, તે તેવી રીતે પણ થયું જ. હમ્મીરદેવ યુદ્ધમાં જીત્યા પછી ઘવાયેલા તથા મરાયેલા વીરોની વ્યવસ્થા માટે થોડાક રોકાયા; તે દરમિયાન નિશાન વગેરે પણ પહોંચી ગયાં. તેની સાથે હમ્મીરદેવ નહિ જણાવાથી કશું પૂછયાગાછયા વિના જ સૌએ એમ માની લીધું કે મહારાજે યુદ્ધમાં વીરગતિ પ્રાપ્ત કરી છે. આથી તે જ ક્ષણે રાણીઓ, દાસીઓ, અન્ય વીરોની સ્ત્રીઓ વગેરે જૌહર કરીને બળી મૂઆં! કેટલીયે મહેલોમાંથી કૂદી પડી; કેટલીયે કૂવાઓમાં કૂદી પડી અને કેટલીકોએ છરા અને કટારોથી પોતાના પ્રાણ ત્યજી દીધા!

આ પ્રમાણે આ જૌહરમાં ૧૦ હજાર સ્ત્રીઓએ પોતાનાં બલિદાન આપી દીધાં. બીજી તરફ થોડી જ વારમાં વીરપતાકા ફરકાવતા વીર હમ્મીરદેવ મોટા મનોરથપૂર્વક પાછા ફર્યા; પરંતુ માગ માં જ મહેલોના જૌહરની ખબર સાંભળી! સાંભળતાં જ તેઓ સ્તબ્ધ થઈ ગયા. તેમનું દિલ હવે છેક જ તૂટી ગયું તેમના અંતરમાંથી દુઃખભર્યાં વચન નીકળ્યાં કે, 'ભાવી પ્રબળ છે. મનુષ્ય ધારે છે કંઈ ને પ્રભુ કરે છે કંઈ!" હવે તો રાજપાટ તેમને અત્યંત ફિક્કું લાગ્યું અને જીવવું પણ તદ્દન વૃથા લાગ્યું. આથી પોતાના પુત્રને રાજગાદીએ બેસાડીને તરત જ તેમણે પોતાનું શરીર ત્યજી દીધું.

ધન્ય છે હમ્મીરદેવને! આજે એમનું પંચભૂતનું પૂતળું આ નશ્વર જગતમાં નથી; પરંતુ એમની વીરતા, ધીરતા અને કર્તવ્યપરાયણતાની ઉજ્જવળ કીર્તિ તો સૂર્ય અને ચંદ્ર પૃથ્વી ઉપર પ્રકાશશે ત્યાં સુધી ગવાયા જ કરશે; ભારતમાતાનું મસ્તક એમના જેવા પૂર્વજના નામથી સદાયે ઊંચું રહેશે, અને એમનું ચરિત્ર જનતા સમજતી થશે, તો તેના સુકાયેલા હાડમાં પણ વીરતાનો સંચાર થયા વગર નહિ રહે. એમણે સંસારને વીરતાનો પાઠ આપ્યો છે અને બતાવી આપ્યું છે કે, ભારતવર્ષ એ કેવા કેવા મહાન વીરાત્માઓની જન્મભૂમિ છે. આવી રીતે બીજાઓનાં દુઃખ હરવા અને આશ્રિતોને આશ્રય આપવા પાછળ ભારતવાસીઓએ અનેકવાર તન, મન, ધન–સર્વ કાંઈ ન્યોછાવર કરી દીધાં છે. રામ, કૃષ્ણ, શિબિ દધીચિ, મોરધ્વજ, હરિશ્ચંદ્ર, ધ્રુવકુમાર, મહારાણા પ્રતાપ, શૂર શિવાજી અને હમ્મીરની આ જન્મભૂમિ જગતભરમાં ધન્ય બની છે.

*

મોટાભાઈ—ધીરુ, મેં આપેલા બંને કાગળો ટપાલમાં નાખ્યા કે?

ધીરુ—હા, પણ તમે ટિકિટો ખોટી ચોડેલી. ઈંગ્લંડના કાગળ ઉપર બે આનાની, અને મુંબઈના કાગળ ઉપર સાડા ત્રણ આનાની.

મોટાભાઈ—અરે, એ તો ભારે થઈ! હવે શું થશે?

ધીરુ—ચિંતા ન કરશો, મેં એનો ઉપાય કરી દીધો છે. બંનેનાં સરનામાં મેં બદલી નાખ્યાં છે.

મોટાભાઈ—અરે ભલા માણસ, પણ મુંબઈનો કાગળ તો તારી ભાભીને તેડવા માટેનો હતો, અને લંડનનો કાગળ સંચા મંગાવવા માટેનો હતો!

*

# મહાકવિનો સંદેશ

શ્રી 'સત્યવ્રત'

વર્ષોજૂની વાત છે.

કુદરતનો કોપ તે વખતે ગુજરાત પર ઊતર્યો હતો. વરસાદ વિના ફસલો નકામી ગયેલી. ભયંકર દુકાળના પંજામાં પ્રજા ફસાઈ ગઈ હતી. ખાવાને અન્ન ન મળે, ન મળે પીવાને પાણી. કૂવા તળાવો તરસ્યાં માનવીઓ સામે કોરાં મોં ફાડી ઊભાં હતાં. ઘાસચારા વિના ઢોરઢાંખર તો પહેલેથી જ સ્વધામ પહોંચી ગયેલાં. ભૂખ અને તરસથી માનવદેહો હાડપિંજર સમા થઈ ગયા હતા. નાનાં નાનાં બાળકો અને વૃદ્ધો ટપોટપ મરવા લાગ્યા; સર્વત્ર ત્રાસ ત્રાસ થઈ રહ્યો.

લોકો બધી જગ્યાએ અન્ન અને પાણીની શોધમાં ભટકવા લાગ્યા. ક્યાં જવું તે કોઈ જાણતું ન હતું. જેને જ્યાં સૂઝયું ત્યાં ટોળાબંધ ચાલવા માંડયું. ગુજરાતની સીમા ઓળંગી એક જૂથ ઉજ્જન–ધારાનગરીને રસ્તે પડ્યું. રાજા ભોજનું નામ તે વખતે જાણીતું હતું. તેની દયા–ઉદારતાની વાતો ચારે તરફ પ્રસરી હતી.

આ જૂથને રસ્તામાં એક માણસ મળી ગયો. તે પણ ધારાનગરી જતો હતો. ઓળખાણ કરતાં લોકોએ જાણ્યું કે એ તો મહાકવિ માઘ હતા અને પોતાની પત્ની સાથે રાજા ભોજને મળવા જતા હતા. તેમણે પોતાનાં વીતકો કવિશ્રીને કહ્યાં. કવિનું હૃદય દ્રવ્યું. પોતાની પાસે હતું તે ધનથી સૌને માટે અનાજપાણીની વ્યવસ્થા કરતા તે આગળ ચાલ્યા. અંતે એ ધન પણ ખલાસ થવા આવ્યું.

એક રાત્રે કવિએ પોતાની પત્નીને કહ્યું, "દેવી! આપણી પાસે ધન ખલાસ થવા આવ્યું છે. નવું ધન નહીં મળે તો આપણે સૌ ધારાનગરી પહોંચી શકીએ નહીં. આજે જ ધારાનગરી જઈ રાજા ભોજને બંદોબસ્ત કરવા કહેત પણ મારામાં હવે ચાલવાની શક્તિ રહી નથી. જેમ બને તેમ જલદી મજલ પૂરી કરવાની ઇચ્છાએ મારી શક્તિ ઘટી ગઈ છે..." ત્યાં જ કવિપત્નીએ કહ્યું; "ફિકર નહીં, હું આજે ઘોડા પર ધારાનગરી પહોંચી જાઉં છું અને રાજા ભોજને આપના આગમનના સમાચાર આપી જલદી પાછી આવું છું."

અને કવિપત્ની વિદાય થયાં.

રાજા ભોજ કવિના આગમનની વાત સાંભળી હર્ષથી નાચી ઊઠ્યા. પણ રાજકાર્યમાં ગૂંથાયેલા તેને તે વખતે નીકળવાનો મોકો મળ્યો નહીં. કવિપત્નીને એક લાખ સોનામહોર આપી કહ્યું; "તમે આ લઈને જાઓ. મહાકવિને મારા પ્રણામ પાઠવજો. રાજ્યકારભારમાંથી નિવૃત્ત થઈ હું બેત્રણ દિવસમાં જ ત્યાં આવી પહોંચીશ."

કવિપત્ની સોનામહોરો લઈ મારતે ઘોડે કવિ અને તેમના સહચારીઓને મળવા દોડ્યાં. રસ્તામાં એક ગામમાં કેટલાંક હાડપિંજરોએ તેમને રોકી લીધાં. દુકાળના ઓળા આ ગામ પર વધુ વિકરાળ લાગતા હતા. કંઠમાંથી પ્રાણ નીકળે તેમ તેઓ કહેવા લાગ્યા; "દેવી! ભૂખે મરી જઈએ છીએ. કંઈક ખાવાનું આપો."

કવિપત્ની વિચારમાં પડ્યાં. થોડી વારે તેમણે કહ્યું; "તમે મહાકવિ માઘ પાસે જાઓ ને!"

"દેવી, તમે એક સ્ત્રી છો, કોઈ બાળકની મા પણ હશો. માના હૃદયમાં કરુણા નહીં ઉપજાવી શકીએ તો કવિનું હૃદય તો અમને દેખી કેવી રીતે દ્રવિત થશે?"

કવિપત્નીએ આજુબાજુ નજર કરી. આલીશાન બિલ્ડિંગોની બારીએથી હાડપિંજરો ઊભાં હતાં. જે ઘરોમાંથી પહેલાં સારંગીના સરોદો નીકળતા તે ઘરોમાંથી રુદન બહાર આવતું હતું. અને તેમની સામે ઊભા હતા તે માનવી હતા કે નહીં તે પણ જાણે પ્રશ્ન હતો. એમનાં કીમતી વસ્ત્રો એમના દેહની મશ્કરી કરી રહ્યાં હતાં. આંખો ઊંડી ઊતરી ગઈ હતી. પેટ અને પીઠ એક થઈ ગયાં હતાં. દોરડાં જેવા પગ ધ્રૂજતા હતા. કેટલાંક આંખે હાથ મૂકી બેસી ગયાં હતાં. કવિપત્નીની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં. તેમણે તરત જ પોતાની થેલી છોડી

---

તમારા અંદરના વિચારોને અનુસરીને જ તમારાં બહારનાં કાર્યો થવાનાં હોવાથી તમારું અંતર શુદ્ધ છે કે નહીં, એ જ પ્રથમ જોવાની જરૂર છે.

પેલી લાખ સોનામહોરો બધાને વહેંચી આપી.

જ્યારે કવિપત્ની ખાલી હાથે કવિ પાસે આવ્યાં, ત્યારે ક્ષુધાર્ત લોકોનું ટોળું તેમની આજુબાજુ વીંટળાઈ ગયું. એક અપરાધીની જેમ કવિપત્ની કવિ પાસે ગયાં અને તમામ હકીકત કહી.

કવિ આ સાંભળી રોવા લાગ્યા. પત્ની આશ્ચર્યથી જોઈ રહ્યાં.

"દેવી, તેં લાખ મહોરો ભૂખ્યાઓને વહેંચી દીધી તેનું મને દુઃખ નથી. પણ કાલે આ લોકો મારી પાસે આવશે ત્યારે હું શું આપીશ?" કવિને ખૂબ શોક થયો. ખૂબ વિચારને અંતે રાત્રે કવિએ સ્વગત કહ્યું:

**"હે પ્રાણ! આ શરીરમાં તારું રહેવું હવે નકામું છે. તું આ શરીરમાં રહેશે છતાં હું લોકોની કંઈ સેવા નહીં કરી શકું; એમનું દુઃખ ઓછું નહિ કરી શકું. જે બીજાનાં દુઃખ દૂર નથી કરી શકતો તેનું જીવન નકામું છે."**

અને સવારે સૌએ જાણ્યું કે કવિના પ્રાણ કવિનો દેહ છોડી ચાલ્યા ગયા હતા.

*

---

પોતે વધુ સંસ્કારી હોવાથી, વધુ વિદ્યાવાન કે શિક્ષિત હોવાથી, વધુ ધનવાન હોવાથી, વધુ બુદ્ધિશાળી, ચાલાક કે બળવાન હોવાથી માણસ એનો ગર્વ રાખીને પોતાના કરતાં આ બાબતોમાં ઊતરતા લાગતા માણસોનું જે અપમાન કે તિરસ્કાર કરે છે, તેના વડે તે એ પુરવાર કરે છે કે સંસ્કાર, વિદ્યા વગેરે બધુંયે મારી પાસે હોવા છતાં હું અધમ છું.

---

# વિરહ

ભગવાન! તારું દર્શન આજ સુધી નહોતું થયું તે પણ ઠીક જ થયું. વહાલા! તારું દર્શન જો મને વહેલું થયું હોત તો આજ સુધી તારા મિલન કાજે જે ઝંખના જાગી તે જાગત? જે પ્યાસથી હું આકુળવ્યાકુળ થઈ ગયો તે આકુળતાનો આનંદ મળત? જે ક્ષુધાથી હું વિવશ બની ગયો તે ક્ષુધાની વેદના જાણવા મળત?

આહ! એ પળ યાદ આવે છે અને કંઈનું કંઈ થઈ જાય છે! તારા મિલન માટે હું કેવો તરફડ્યો છું? કેવી તીવ્ર આતુરતાથી તારી પ્રતીક્ષા મેં કરી છે? કેવાં તપ મેં કર્યાં છે? અને તે વખતે ઊર્મિઓની છોળો ઉછાળતી ભાવનાઓની જે છાલક વાગતી, કલ્પનાઓની જે સરિતાઓ વહેતી, તે તું મળ્યો હોત તો બનત? તું નથી મળ્યો એટલે જ તો આ ભાવોન્માદ જાગ્યો! આટઆટલા કવિઓની વેદનામય વાણી વાંચી; અને તારાં ન વર્ણવી શકું એવાં રૂપો કલ્પ્યાં, એવા આકારો સર્જ્યા, અને એવી મૂર્તિઓ સ્વપ્નમાં આણી, કારણ કે મેં તને નહોતો જોયો.

ભ્રમર ત્યાં સુધી જ ગુંજન કરે છે, જ્યાં સુધી એ રસમગ્ન બનતો નથી. રસનું દર્શન થયા પછી ભ્રમરનાદ કોઈએ સાંભળ્યો છે? ભ્રમરને મીઠી વેદનાનું દર્શન તો રસદર્શન પૂર્વે જ થાય છે. રસ મળતાં તો એ મૌનમાં મગ્ન બની જાય છે.

મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી 'ચિત્રભાનુ'

જગન્માતા

# સતી અથવા પાર્વતી

શ્રી 'વિનાયક'

પતિવ્રતા સ્ત્રીઓમાં સૌથી અગ્રસ્થાને જો કોઈ વિરાજતું હોય તો તે દક્ષ પ્રજાપતિની કન્યા સતી. અરે, પતિવ્રતા સ્ત્રીઓ 'સતી' નામે જે ઓળખાય છે તે 'સતી' શબ્દ આ દક્ષકન્યા 'સતી'ના નામ પરથી જ વપરાતો થયો છે, અને દક્ષકન્યા સતીએ જે પતિવ્રતાધર્મ પાળ્યો તે જ સતીધર્મના નામે પ્રચલિત બન્યો છે.

આપણાં પુરાણોમાં શક્તિના પ્રાદુર્ભાવની જે જે વિધવિધ કથાઓ આવે છે તેમાં આ સતીનાં જ વિધવિધ સ્વરૂપો વર્ણવાયાં છે.

ભગવાન શંકર તો સ્વભાવથી જ વિરક્ત સંન્યાસી જેવા છે. સૃષ્ટિના પ્રારંભથી જ તેમણે સ્ત્રી માટેની લાલસા ત્યજી હતી. બ્રહ્માને ભગવાન શંકરનો આવો દૃઢ વૈરાગ્યનો ભાવ જોઈ ચિંતા ઊપજતી હતી. તેમને થતું હતું: 'બધા જ જો ભગવાન શંકર જેવા વૈરાગી પાકશે, તો મારું સૃષ્ટિ-સર્જનનું કાર્ય આગળ શી રીતે વધશે?' તદુપરાંત બ્રહ્માની ઇચ્છા એવી હતી કે ભગવાન શંકરના વીર્યથી એક એવો પરાક્રમી પુત્ર ઉત્પન્ન થાય, જે સદાય દાનવોનું દમન કરતો રહે અને દેવોનું રક્ષણ કરતો રહે.

આટલા માટે બ્રહ્માએ ભગવાન શંકરને લગ્ન કરવા વિનંતિ કરી. આમ છતાં ભગવાન શંકર પોતાના વૈરાગ્યના સંકલ્પમાંથી ચલિત થયા નહિ. તેઓ તો હમેશાં સમાધિ લગાવીને પોતાના ઇષ્ટદેવ શ્રી રઘુનાથ પ્રભુનું ધ્યાન ધરતા હતા. સૃષ્ટિ અને સંહારની ઝંઝટમાં પડવું તેમને જરાયે ગમતું નહોતું. એટલે બ્રહ્માજીએ વિચાર્યું: 'ભગવાન શંકર માટે એવી એક તેજસ્વી અને સુપાત્ર કન્યા શોધી કાઢવી જોઈએ, જે તેમના સ્વભાવને સર્વ રીતે અનુકૂળ હોય, તેમના તેજને ઝીલી શકે તેવી હોય, તેમ જ પોતાના દિવ્ય સૌંદર્યથી ખુદ ભગવાન શંકર ઉપર પોતાનું આધિપત્ય જમાવી શકે તેવી હોય.'

પરંતુ આવી કોઈ કન્યા તેમની નજરે પડતી નહોતી, એટલે પોતાની ઇચ્છાની સિદ્ધિ માટે બ્રહ્માએ ભગવતી વિષ્ણુમાયાની આરાધના કરી.

બ્રહ્માના નવ માનસપુત્રોમાં દક્ષ પ્રજાપતિ બહુ વિખ્યાત છે. તેમની ઉત્પત્તિ બ્રહ્માના જમણા અંગૂઠામાંથી થઈ છે. દક્ષ પ્રજાપતિનું લગ્ન પ્રજાપતિ વીરણની કન્યા 'વીરિણી' સાથે થયું હતું. આ 'વીરિણી'ની કૂખે જ ભગવતી વિષ્ણુમાયાએ જન્મ લીધો અને એ જ આપણાં ચરિત્રનાયિકા સતી.

પ્રજાપતિ દક્ષને ઘણી કન્યાઓ હતી; તેમાંથી સૌથી નાનાં અને લાડકાં કન્યા તે આ 'સતી.'

બાળપણથી જ સતીના જીવનમાં એક વિશિષ્ટતા ખાસ તરી આવતી હતી. તેમની બીજી બહેનોને વૈભવવિલાસ ખૂબ ગમતો હતો; પોતાના દેહને શણગારવાનું તેમને ખૂબ ગમતું હતું; જ્યારે સતીને સદાયે કુદરતને ખોળે જ રમવાનું ગમતું હતું અને પોતાના કુદરતી રૂપને કૃત્રિમ ઠાઠ–ઠઠેરાથી વિકૃત કરવા તે ઇચ્છતાં નહોતાં. હમેશાં તે સાદાં વસ્ત્રો પહેરતાં. સંતસાધુઓનો સત્સંગ કરવાનું તેમને બહુ ગમતું હતું. નાનપણથી જ તેમનું ચિત્ત જાણે વૈરાગ્યમાં જ ભમતું હતું. પોતાના સ્વભાવ મુજબ શ્મશાનમાં વસનારા વૈરાગી દેવતા ભગવાન શંકર પ્રતિ પહેલેથી જ સતીને બહુ આકર્ષણ રહ્યું હતું. હમેશાં નિયમપૂર્વક તેઓ મહાદેવજીની પૂજા કરતાં અને ભગવાન શંકરની માટીની મૂર્તિ બનાવીને તેના પર બીલીપત્ર ઇત્યાદિ ચડાવીને પોતાનું મન પ્રસન્ન કરતાં હતાં પછી તો ભગવાન શંકરની પત્ની બનીને તેમની નિત્ય સેવા કરવાનું તેમના મનમાં ઊગ્યું; તેમણે મનોમન ભગવાન શંકરને પોતાના પતિ માન્યા અને એ અર્થે તેમણે ઉગ્ર તપશ્ચર્યા પણ શરૂ કરી.

બીજી બાજુ અસુરોના વિનાશ માટે બ્રહ્મા આદિ દેવતાએ ભગવાન શંકરને લગ્ન કરવા માટે

---

મનુષ્યે જે કંઈ વિચાર કે વર્તન કોઈ પણ વખતે કર્યાં હોય છે તેના સંસ્કારો તેની ભીતરમાં અંકાઈ જ જાય છે. મનુષ્યનું વર્તમાન અને ભાવિ જીવન આ પૂર્વસંચિત સંસ્કારોમાંથી ઉત્પન્ન થતું હોય છે.

વીનવી રહ્યા હતા. દેવતાઓની વાત્સલ્યી માગણીને માન આપીને ભગવાન શંકરે તેમાં પોતાની અનુમતિ આપી અને પોતાને માટે યોગ્ય કન્યા શોધી કાઢવા તેમને કહ્યું. બ્રહ્માએ તરત જ ભગવાન શંકરને કહ્યું: 'પ્રભુ, દક્ષ પ્રજાપતિની કન્યા સતી આપને પતિરૂપે પામવા માટે ઉગ્ર તપ કરી રહ્યાં છે. વળી તેઓ આપને સર્વ રીતે યોગ્ય પણ છે.'

ભગવાન શંકરને પણ આ વાત રુચી અને પોતે આ પ્રમાણે લગ્ન કરશે એવું વચન આપી દેવોને વિદાય કર્યા.

ભગવાન શંકરનું જે ઉગ્ર તપ સતીએ આદર્યું હતું તેની પૂર્ણાહુતિ હવે નજીકમાં જ હતી. આસો માસની સુદ આઠમનો એ દિવસ હતો. સતીએ એ દિવસે ખૂબ પ્રેમ અને ભક્તિપૂર્વક પોતાના આરાધ્ય–દેવતા ભગવાન શંકરનું પૂજન કર્યું. બીજે દિવસે વ્રત પૂરું થયું, એટલે ભગવાન શંકરે સતીને એક એકાંત કુટિરમાં દર્શન આપ્યાં. એ વખતના સતીના આનંદનું તો પૂછવું જ શું! સતી ઘડીભર આનંદસમાધિમાં લીન થઈ ગયાં. વળી ભગવાન શંકરે પોતે સતીના હાથની માગણી કરી! એ વખતે અત્યંત પ્રસન્ન મને સતીએ કહ્યું: 'પ્રભુ, મારા દેહનું રૂંવેરૂંવું આપને પતિ તરીકે ગ્રહણ કરવા ઇચ્છે છે અને એટલા માટે જ આપનું ઉગ્ર તપ મેં કર્યું છે; પરંતુ મારી આ કન્યાવસ્થામાં હું મારા પિતાને આધીન છું. માટે આપ મારું માગું મારા પિતાને કરો.'

'તથાસ્તુ!' કહીને ભગવાન શંકરે સતીની વિદાય લીધી. પછી ભગવાન શંકરે બ્રહ્માને વાત કરી; બ્રહ્મા દક્ષ પ્રજાપતિ પાસે ગયા અને ભગવાન શંકર વિષે પોતાનો સારો અભિપ્રાય વ્યક્ત કર્યો અને તેમના ઉત્તમ ગુણોનું દક્ષ પ્રજાપતિ આગળ વર્ણન કર્યું. શરૂશરૂમાં દક્ષ પ્રજાપતિ અને તેની રાણી (સતીની માતા) ભગવાન શંકરના રંગીભંગી સ્વભાવ વિશેની ઊડતી વાતો પરથી પોતાની પુત્રીને તેમની સાથે પરણાવવા રાજી નહોતાં, પરંતુ બ્રહ્માના કહેવાથી તથા સતીની પોતાની મરજીથી તેઓ ભગવાન શંકરને પોતાની કન્યા દેવા તત્પર બન્યાં. ભગવાન શંકરને કંકોત્રી મોકલવામાં આવી. ભગવાન શંકર પોતાના એ જ રંગીભંગી વેશમાં દક્ષ પ્રજાપતિએ તૈયાર કરેલા ભવ્ય લગ્નમંડપમાં આવી પહોંચ્યા. એથી દક્ષ પ્રજાપતિને ઘણો ક્ષોભ થયો, પરંતુ વખત વિચારી એ ગમ ખાઈ ગયો અને સતીનું લગ્ન ભગવાન શંકર સાથે વિધિપૂર્વક થવા દીધું.

લગ્ન પછી માતાપિતાની વિદાય લઈ પતિની સાથે સતી કૈલાસધામ ગયાં. ભગવાન શંકરની સાથે કૈલાસના રમણીય પ્રદેશમાં સતીએ ઘણો લાંબો સમય ગાળ્યો. દેવો અને યક્ષોની કન્યાઓએ સતીને અહીં સારો સાથ આપ્યો હતો. ભગવાન શંકરની પાસે અનેક દેવર્ષિઓ, બ્રહ્મર્ષિઓ, યોગીઓ, યતિઓ તથા સંત–મહાત્માઓ આવતા હતા, અને તેમના સત્સંગનો લાભ લેતા હતા. ત્યાં જે ભગવત્ચર્ચા ચાલતી હતી તે સાંભળીને સતીના હૃદયને ખૂબ આનંદ અને સુખ ઊપજતું હતું. એ દિવ્ય વાતાવરણમાં સમય ક્યાં પસાર થઈ જતો તેની પણ કંઈ ખબર પડતી નહોતી. સતીનું તન, મન અને પ્રાણ નિશદિન શિવની આરાધનામાં લાગ્યાં રહેતાં હતાં. તેમના પતિ, પ્રાણેશ અને દેવ જે ગણો તે સર્વકાંઈ ભગવાન શંકર હતા.

સતીનું લગ્ન થયા પછી થોડાં જ વર્ષોમાં દક્ષ પ્રજાપતિ અને ભગવાન શંકર—સસરા–જમાઈ વચ્ચે ખટરાગ થયો. પ્રજાપતિઓની ગાદી પર આવ્યા પછી દક્ષ પ્રજાપતિને બહુ અભિમાન આવી ગયું હતું; તે પોતાને બહુ મોટો માનવા લાગ્યો હતો; ભગવાન શંકર જેવા રંગીભંગી જમાઈને જોઈને તેને એક પ્રકારની સૂગ આવતી હતી.

એવામાં એક પ્રસંગ બન્યો. પ્રજાપતિઓએ હજાર વર્ષ ચાલે એવો મોટો યજ્ઞ આરંભ્યો હતો. આ યજ્ઞમાં મોટા મોટા ઋષિઓ, દેવતાઓ, મુનિઓ, અગ્નિ આદિ દેવો પણ પોતપોતાના અનુયાયીઓ સાથે પધાર્યા હતા. બ્રહ્મા અને ભગવાન શંકરે પણ

---

જે માણસમાં સત્યનું આચરણ ન હોય અને સત્ય આચરણથી ઉત્પન્ન થયેલું સત્ય જ્ઞાન ન હોય તેની આગળ ખુદ પરમાત્મા પોતાના સત્ય સ્વરૂપે પ્રકટે તોપણ તે મનુષ્ય તેમને સમજી શકતો નથી કે ઓળખી શકતો નથી.

એમાં હાજરી આપી હતી. એવામાં દક્ષ પ્રજાપતિનું ત્યાં આગમન થયું. દક્ષ પ્રજાપતિનું સ્વાગત કરવા અને એને સારું લગાડવા ત્યાં ઉપસ્થિત થયેલા સૌ એકદમ ઊભા થઈ ગયા; માત્ર બે જ જણે ઊભા થઈને તેને માન આપ્યું નહિ—એ બે તે એક બ્રહ્મા અને બીજા ભગવાન શંકર.

ખાસ કરીને ભગવાન શંકરને કોઈની ખોટી ખુશામત કરવાનું ગમતું નહોતું; એ એમના સ્વભાવમાં જ નહોતું. આથી માનના ભૂખ્યા દક્ષ પ્રજાપતિને બહુ ખોટું લાગ્યું. ભગવાન શંકર પ્રત્યે તેનો રોષ ખૂબ ભભૂકી ઊઠયો. તેને થયું : 'બ્રહ્મા મારા માનમાં ઊભા ન થયા, એનું મને કંઈ દુઃખ નથી, કેમ કે તેઓ તો મારા પિતા છે, પરંતુ આ શંકર તો મારો જમાઈ થાય. બ્રહ્માના કહેવાથી તેને મેં કન્યા આપી, ત્યારે ઊલટું ભરસભામાં મારું જ તેણે અપમાન કર્યું.'

એ વખતે સસરા–જમાઈ વચ્ચે ખૂબ જ બોલાચાલી થઈ. દક્ષ પ્રજાપતિ પોતે અભિમાની હતો, જ્યારે સરળ સ્વભાવના અને પોતાની શક્તિ પર આધાર રાખનાર શિવને એની કંઈ પડી નહોતી. એ વખતે દક્ષ પ્રજાપતિએ સૌના દેખતાં ભગવાન શંકરની ખૂબ નિંદા કરી અને તેમને અનેક રીતે ઉતારી પાડ્યા. આમ છતાં સૌજન્યમૂર્તિ શિવ કંઈ પણ સામો જવાબ આપ્યા વિના ચૂપચાપ પોતાના આવાસે ચાલ્યા ગયા.

દક્ષ પ્રજાપતિ ભગવાન શંકર પ્રત્યે ખૂબ જ રોષ રાખવા લાગ્યો; એટલું જ નહિ, પણ ભગવાન શંકર સાથે સહેજ પણ સંબંધ રાખનારનો તે દ્વેષ કરવા લાગ્યો; અરે, પોતાનાં પુત્રી સતી સાથે પણ બોલચાલનો વ્યવહાર તેણે બંધ કર્યો. પરિણામે સતીને પિયર તજવું પડયું.

આ જ અરસામાં તે પ્રજાપતિઓનો નેતા બન્યો હતો. એટલે ભગવાન શંકર પ્રત્યે વેર વાળવાનું તેને સારું સાધન મળી ગયું. તેણે 'વાજપેય' યજ્ઞ કર્યા અને એમાં તેણે શંકરને આમંત્રણ સુધ્ધાં ન મોકલ્યું.

આ પછી દક્ષ પ્રજાપતિએ 'બૃહસ્પતિસવ' નામનો એક બીજો યજ્ઞ ઘણી ધામધૂમથી કરવાનું નક્કી કર્યું. તેનો દિવસ નક્કી કરીને સૌને નિમંત્રણ પાઠવવામાં આવ્યાં. તેમાં લગભગ બધા બ્રહ્મર્ષિઓ, દેવર્ષિઓ, પિતરો, દેવતાઓ, ઉપદેવતાઓ ઇત્યાદિને નિમંત્રણ મોકલવામાં આવ્યાં. પણ માત્ર અળખામણાં દીકરી–જમાઈને—સતી અને ભગવાન શંકરને નિમંત્રણ મોકલવામાં આવ્યું નહિ. સૌ નિમંત્રિતોએ પોતપોતાની પત્ની સહિત એ યજ્ઞોત્સવમાં ભાગ લીધો અને સ્વસ્તિવાચન કર્યું. માત્ર બ્રહ્મા અને વિષ્ણુએ કંઈક વિચારીને એ યજ્ઞમાં ભાગ લીધો નહિ. જોવાની જુક્તિ એ હતી કે પિતાને આંગણે આવો મોટો યજ્ઞ શરૂ થયો હતો, ત્યારે સતીને પોતાને તેની ખબર સુધ્ધાં નહોતી. અને એ બિચારાંને આ વાતની ખબર પણ કોણ આપે ? જે સતી સાથે સંબંધ રાખે તે દક્ષ પ્રજાપતિના રોષનો ભોગ બને. કૈલાસ શિખર પર બેઠાં બેઠાં સતીએ જોયું કે આકાશમાર્ગે વિમાનોની લંગાર ને લંગાર ચાલી જાય છે. તેમાં દેવતાઓ, યક્ષો, ગંધર્વો, સિદ્ધો, વિદ્યાધરો, કિન્નરો આદિ સૌનાં વિમાન જણાતાં હતાં. તે બધાંની સાથે તેમની સ્ત્રીઓ પણ હતી. તેમણે ચળકતાં કુંડળ, હાર તથા રત્નજડિત આભૂષણો પહેરીને પોતાની જાતને ખૂબ ખૂબ શણગારી હતી અને પ્રસંગને અનુરૂપ મંગળ ગીતો ગાતી ગાતી જઈ રહી હતી.

આથી સતીને સ્ત્રીસ્વભાવ મુજબ કુતૂહલ થયું અને તેમણે ભગવાન શંકરને પૂછ્યું : 'પ્રભુ, આ બધાં લોકો ક્યાં જઈ રહ્યાં છે ? આ બધો મામલો શો છે ?'

ભગવાન શંકરે સાચી વાત બતાવી દેતાં કહ્યું : 'સતીદેવી, તમારા પિતાને ત્યાં એક મોટો યજ્ઞ મંડાયો છે. તમારા પિતાના નિમંત્રણથી આ બધાં એ યજ્ઞમાં ભાગ લેવા જઈ રહ્યાં છે.'

દક્ષ પ્રજાપતિ ગમે તેવા તોયે સતીના પિતા હતા. પિતાને આંગણે યજ્ઞ મંડાયાની વાત સાંભળીને પુત્રીને સ્વાભાવિક હર્ષ થયો; અને પિતાના એ યજ્ઞમાં જવા માટે તેને ઉમળકો પણ થઈ આવ્યો. પોતાને આમંત્રણ નહોતું, તોપણ પિયર પ્રત્યે સ્ત્રીનું હૃદય

---

માણસ તેના વર્તમાન જીવનમાં જે દુઃખો, સંકટો કે અનિષ્ટો ભોગવી રહ્યો છે, તે એણે પૂર્વજીવનમાં અન્ય જીવો પ્રત્યે આચરેલ અન્યાય, નિષ્ઠુરતા તેમ જ તેમનું દિલ દુભાવ્યાના ફળરૂપે જ હોય છે.

હમેશાં કુદરતી રીતે જ ખેંચાતું રહે છે. સતીને થયું : 'ઘણા સમયથી હું પિયર ગઈ નથી. ભગવાન શંકર આજ્ઞા આપે તો હું પિતા પાસે આ બહાને જઈ આવું. એથી પિયરનાં સૌ સ્વજનોને મળવાનો યોગ પણ અનાયાસે મળી રહેશે.'

આ વિચારે તેમણે ભગવાન શંકરને કહ્યું : 'દેવ, પિતાજીના આ યજ્ઞમાં મારી બીજી બહેનો પણ જરૂર આવેલી હશે. વળી આ હિસાબે માતા-પિતાને પણ મળાશે. ઘણા લાંબા સમયથી હું પિયર ગઇ નથી; તો આ બહાને જઇ આવું, એમ મને થાય છે. આપની ઇચ્છા હોય તો આપણે બન્ને ત્યાં જઇએ. યજ્ઞના ઉત્સવમાં ભાગ પણ લેવાશે અને સૌને મળાશે પણ ખરું. હા, મારા પિતાજીએ આપણને નિમંત્રણ મોકલ્યું નથી, એટલી એમની ભૂલ કહેવાય. પરંતુ પતિ, ગુરુ, માતાપિતા ઇત્યાદિને ત્યાં વગર બોલાવ્યે જઇએ તો એમાં કાંઇ ખોટું નથી. કદાચ ઘણા કામકાજમાં પિતાજી આપણને નિમંત્રણ પાઠવવાનું ભૂલી ગયા હશે, અથવા નિમંત્રણ પાઠવ્યું હશે તો આપણને સમયસર પહોંચી શક્યું નહિ હોય.'

ભગવાન શંકર બધું સમજતા હતા. સતીને જવાબ આપતાં તેમણે કહ્યું : 'દેવી, માતાપિતા આદિ ગુરુજનોને ત્યાં વગર નિમંત્રણે જવામાં કંઈ અજુગતું તો નથી જ, પરંતુ એ લોકોનો આપણા પર ભાવ હોય તો જ આપણે તેમ કરવું જોઈએ. પણ જો આપણને એ લોકો બોલાવવા ઇચ્છતાં જ ન હોય, આપણી હાજરી જ તેમને ગમતી ન હોય તો ત્યાં જવાથી શું કલ્યાણ થવાનું હતું ? તમારા એ પિતા મારા પ્રત્યે દ્વેષ રાખે છે, એટલે તમારે તેમને તથા તેમની હાએ હા કરનારાંઓને મળવાનો વિચાર ન કરવો જોઈએ. આમ છતાં તમારે જવું હોય તો મારી ના નથી, પરંતુ મારી સલાહની અવગણના કરીને તમે ત્યાં જશો તો તેનું પરિણામ સારું નથી જ આવવાનું; કેમ કે સ્વમાની વ્યક્તિ વિના કારણે થતું પોતાનું અપમાન સાંખી શકતી નથી અને પરિણામે એમાંથી ક્લેશ જ ઉત્પન્ન થાય છે.'

આ રીતે ભગવાન શંકરે સતીને તેમના પિતાના યજ્ઞમાં વિના નિમંત્રણે ન જવા માટે ઘણું ઘણું સમજાવ્યાં, પરંતુ સ્ત્રીસ્વભાવ અનુસાર સતીનો જીવ ઝાલ્યો રહ્યો નહિ; તેમને પોતાનાં પિયરિયાં ખૂબ જ સાંભરી આવ્યાં હતાં. ભગવાન શંકરે નકારો કર્યો, એટલે તે પોશ પોશ આંસુએ રોવા લાગ્યાં. પછી તો ભગવાન શંકરે મને-કમને સતીને રજા આપી અને પોતાના કેટલાક ખાસ પાર્ષદો સાથે તેમને પિયર મોકલી આપ્યાં. પણ શિવ પોતે તો દક્ષ પ્રજાપતિના એ યજ્ઞમાં ન જ ગયા.

(વિશેષ ચરિત્ર અને રહસ્ય આવતા અંકે)

*

## આ સત્કાર્ય આપ જ ઉપાડી લો

સત્-સાહિત્યના પ્રચાર માટે આપના ગામમાં 'આશીર્વાદ'ના એજન્ટનું કામ આપ જ ઉપાડી લો.

એક પોસ્ટકાર્ડ લખવાથી ગ્રાહકો નોંધવાની છાપેલી પાવતીબુક મોકલી આપવામાં આવે છે.

ગ્રાહકોનાં સરનામાં તથા તેમનાં લીધેલાં લવાજમોની રકમ દર માસની આખર તારીખ પહેલાં 'આશીર્વાદ'-કાર્યાલયને મનીઑર્ડરથી મોકલી આપવાં.

લવાજમની રકમ કાર્યાલયમાં જમા થયા પછી જ ગ્રાહકોને અંકો રવાના કરવામાં આવે છે.

એજન્ટોને કાર્યાલય સાથેનું ટપાલખર્ચ, મનીઑર્ડરખર્ચ વગેરે મજરે આપવામાં આવે છે.

# પાવલીની મીઠાઈ

શ્રી 'અમૃત'

ખાનબહાદુર રહમતઅલી ઓરડામાં પેઠા ત્યારે એમની આંખોમાંથી અંગારા ઝરી રહ્યા હતા. ગુસ્સાના માર્યા એ ધ્રૂજી રહ્યા હતા. કપાળ પર ક્રોધસૂચક કરચોળીઓ અંકાઈ ગઈ હતી. ધૂંઆપૂંઆ થઈ એમણે બૂમ પાડી, 'અલી!... ઓ અલી કે બચ્ચે!'

અલી હતો એમનો નોકર. એમના દીકરા મુન્નુની ઉંમરનો. વાસણ માંજતો, પાણી ભરતો, ઝાડુ દેતો અને ઘરનાં બધાં કામ એ કરતો. તોયે ખાનબહાદુરની 'કૃપાદૃષ્ટિ' તેના પર ફરી વળતી!

'અલી!' એમણે ફરી બૂમ પાડી.

પણ અલી ઓરડામાં ન હતો. પાસેના ખંડમાં કચરો વાળી રહ્યો હતો. બૂમ સાંભળતાં જ ધ્રૂજતા પગે એ આવ્યો. ખાનબહાદુરનું રૌદ્ર રૂપ જોતાં એની નજર ભોંય સાથે જડાઈ ગઈ ને સાવરણી ફર્શ પર પડી ગઈ!

'હરામજાદા!' ગાલ પર થપ્પડ ચોડતાં એ ગરજ્યા, 'આ ફૂલદાની તોડી નાખી? ખબર નથી પડતી?' ને અલી કંઈ જવાબ દે તે પહેલાં તો બીજા ગાલ પર ફરી ધોલ ચોડી દીધી. પેલો ધબ્બ દઈ ભોંયે પડ્યો. પણ એના પ્રત્યે ધ્યાન દીધા વિના, ગુસ્સામાં ને ગુસ્સામાં એને ઘસેડીને ડ્રોઈંગ રૂમમાં લાવ્યા, નીચે ફર્શ પર કાચની સુંદર ફૂલદાની તૂટેલી પડી હતી.

'હરામજાદા!' ફરી ખાનબહાદુર ગરજ્યા, 'ઈદ જેવા અચ્છા અવસર પર હમીદે એ ફ્રાન્સથી મોકલાવી હતી. ખાસ દોસ્તની યાદગીરી હતી. જોનારા બધા કેટલી પ્રશંસા કરતા હતા!' કાચની સુંદર ફૂલદાનીના તૂટેલા ટુકડા ફર્શ પર પડ્યા હતા, તેની સામે જોઈ ને એ બોલી રહ્યા હતા. ક્રોધમાં ભાન ભૂલી એકાએક અલીને તેમણે એ કાચના ટુકડાઓ પર પટક્યો. એ બાપડાના હાથમાં કાચના ટુકડા પેસી ગયા. લોહીના ટશિયા ફૂટ્યા. પેલો ધીરે ધીરે કહી રહ્યો હતો... 'પ...પ...પ...ણ...મેં ન...ન...થી ફોડી.' પણ દયાને બદલે બમણા ક્રોધથી એને લાત મારીને ઘરમાંથી બહાર કાઢી મૂક્યો.

ફૂલદાની ફ્રાન્સથી આવી ત્યારે ખાનબહાદુર બહુ રાજી થયા હતા. એના સુંદર ઘાટ પર એ વારી ગયા હતા. એની સુંદર કલાના પ્રદર્શનાર્થે તો એમણે આજે બપોરે ઈદનો પ્રસંગ જોઈ મિત્રોને મિજબાની માટે બોલાવ્યા હતા. પણ રાત પડતાં પડતાં તો એ ફૂલદાની ફૂટી ગઈ હતી! હજી તો કેટલા બધા મિત્રોને એ બતાવવાની હતી. પણ મનની મનમાં રહી ગઈ. એથી ખાનબહાદુર ભારે ખિજાઈ ગયા હતા. જ્યારે તેમણે નોકરાણી દ્વારા જાણ્યું કે અલીએ કચરો વાળતાં વાળતાં ફૂલદાની પાડી દીધી હશે, એટલે તૂટી ગઈ છે, ત્યારે ખાનબહાદુર ક્રોધથી પાગલ થઈ ગયા હતા. નોકરાણીને બોલાવી, 'આ તૂટેલી ફૂલદાનીને અહીંથી ઉપાડી લે. મોટા કકડા સાચવીને પેલા કબાટમાં મૂકી દે. જગ્યા સાફ કરી દે.' કહેતા કહેતા એ ડ્રોઈંગ-રૂમમાંથી બહાર નીકળ્યા.

આંગણામાં એમનો લાડલો મુન્નુ એ જ ફૂલદાનીના તળિયા પર માટીના લોંદા લગાવીને માટીકામની જુદી જુદી રમતો રમી રહ્યો હતો. ખાનબહાદુરને જોતાં જ એ એકદમ શાંત ઊભો રહી ગયો.

તેને ગભરયેલો જોઈ ખાનબહાદુરે ધીરે રહી બોલાવ્યો, 'આ બેટા! યહાં આ. કયું ચૂપ-સા ખડા હૈ?' પણ પેલો આવ્યો નહીં એટલે મુન્નુની કને જઈને તેને ઊંચકી લીધો ને ગાલ પર ચૂમી કરી લીધી. ફૂલદાનીનું તળિયું પોતાના હાથમાં લઈ પૂછ્યું, 'આ તેં તોડી નાખ્યું બેટા?'

મુન્નુ વધારે ગભરાઈ ગયો. ધીરે ધીરે એનું મોઢું વંકાયું ને પછી એકાએક એ રડી પડ્યો. ખાનબહાદુર સમજી ગયા કે મુન્નુએ જ ફૂલદાની તોડી છે.

ડ્રોઈંગરૂમની બહાર બેઠો બેઠો અલી ડૂસકાં ખાઈ રહ્યો હતો. બબડી રહ્યો હતો—'હવે શેઠ મને કાઢી મૂકશે. હું શું કરીશ? અમ્માને શો જવાબ દઈશ? અમ્મા પણ મને વઢશે. શેઠની નોકરી જશે તો...? મહિનાના દસ રૂપેયાની નોકરી...' રડતો રડતો એ નોકરાણી ભણી કાતર નજરે જોઈ લેતો હતો. પણ મુન્નાને રડતો જોઈ ખાનબહાદુરનો બધોય ગુસ્સો

---

તમારા દરેક વિચાર, વાણી તથા કર્મ પ્રેમ અને દયાથી ભરેલાં, વિવેકયુક્ત અને નિષ્પાપ બનાવો.

ઓસરી ગયો. પ્રેમભરી નજરે તેની સામે જોઇ ખોળામાં બેસાડી દીધો ને વહાલથી હાથ એના વાંસા પર ફેરવતા એ બોલ્યા, 'કહે છે શું કામ? ફૂટી ગઇ તો ગઇ ફૂલદાની. હમીદચાચા કો હમ લિખેંગે મુન્નુ કે લિયે એક ગુલદાન ઔર ભેજ દો.'

ત્યારે ખાનબહાદુરની આંખોમાં ક્રોધની જ્વાળાને બદલે કંઇક વિચિત્ર પ્રકારની ભીનાશ તરવરી રહી હતી. જ્યારે ઘરની બહાર બિચારો અલી એની નોકરીને રોઇ રહ્યો હતો. કાચ વાગેલી જગ્યાએથી લોહીના ટશિયા ફૂટી રહ્યા હતા. ને એ એના કુમળા હાથ વડે કાચના નાના નાના ટુકડા કાઢવાનો નિષ્ફળ પ્રયત્ન કરી રહ્યો હતો. ને વચ્ચે વચ્ચે ડૂસકાં ખાઇ રહ્યો હતો.

એ સાંભળીને—'એ સાલા અલીને કહી દે... ટેં-ટેં બંધ કરે. ક્યારનો રાગડો તાણી રહ્યો છે, સાલો.' ડ્રોઇંગરૂમમાં જઇ નોકરાણીને કહ્યું ને પછી ખીસામાંથી પાવલી કાઢીને એની ભણી ફેંકતા બોલ્યા, 'લે, આ પાવલી પેલાને દે. ને કહી દે કે મેં એને માફ કરી દીધો છે. ઘરમાં જઇને કામ શરૂ કરે અને આ પાવલીની, કહેજે કે, મીઠાઇ ખાઇ લેજે.'

*

---

# ગ્રાહકોને અને વાચકોને

## માનવ-ધર્મ-કથા-અંક

'આશીર્વાદ' માસિકનો ત્રીજા વર્ષનો આ ૧૦ મો અંક પ્રસિદ્ધ થાય છે. ઑગસ્ટ માસના આ અંક પછી સપ્ટેંબર માસનો ૧૧ મો અંક પ્રસિદ્ધ થશે. તે પછી ઑકટોબર માસના ૧૨મા અંકે આ અભિનવ માસિકનું ત્રીજું વર્ષ પૂરું થશે.

હાલના સમયે જનતાને વિકારી રસનું વાચન આપીને તેના જીવનને આવેશમય, અશાન્ત અને કલુષિત બનાવનારું સાહિત્ય પુષ્કળ પ્રમાણમાં બહાર પડી રહ્યું છે. આવા વખતે 'આશીર્વાદ' માસિક જીવનમાં શાન્તિ, સંસ્કાર, પ્રકાશ અને શક્તિ વધારનારું સત્ત્વશીલ સાહિત્ય આપી રહ્યું છે.

આપ સર્વે વાચકોના સહકારથી 'આશીર્વાદ' પ્રગતિ કરી રહ્યું છે. આપ સૌ તેની સામગ્રીમાં રસ ધરાવો છો તે આનંદની વાત છે. આપનાં કુટુંબીઓ, પાડોશીઓ, મિત્રો તથા આપ્તવર્ગને પણ 'આશીર્વાદ' વાંચવા મળે તે માટે આપ ભલામણ કરી શકો. એક વર્ષ સુધી આપના સ્નેહી જનોને સાત્ત્વિક સાહિત્ય મળવા સાથે આ માસિકને એ રીતે ઉત્તેજન પણ મળે છે. અને તે ફક્ત રૂ. ૫–૦૦ માં જ.

'આશીર્વાદ'નું નવું વર્ષ નવેમ્બર માસથી શરૂ થાય છે. આ માસથી આશીર્વાદ ૪થા વર્ષમાં પ્રવેશ કરે છે. આ વર્ષના પ્રારંભિક અંક તરીકે અથવા ખાસ અંક તરીકે '**માનવ ધર્મ કથા અંક**' પ્રસિદ્ધ કરવામાં આવશે. આમાં માનવ જીવનનો ઉત્કર્ષ કરનારી પ્રેરણાદાયી સામગ્રી તથા માનવધર્મની સુંદર કથાઓ આપવામાં આવશે. આ અંક તૈયાર થઈ રહ્યો છે. ગયે વર્ષે **ભગવત્કથા અંક** વહેલો ખલાસ થઈ ગયો હતો અને બીજી આવૃત્તિ છાપવી પડી હતી. આ વખતે પહેલી આવૃત્તિ પૂરતી સંખ્યામાં કાઢી શકાય તે માટે ગ્રાહક તરીકેનું આપનું નામ અને લવાજમ સમયસર મોકલી આપવા વિનંતિ છે.

# 'આખરે સમજાયું ખરું'

**શ્રી. ધ. રા. ગાલા**

પત્નીનો ત્યાગ કરીને પતિ શાથી ચાલ્યો જાય છે, પત્નીના કેવા સ્વભાવને લીધે પતિ આટલે સુધી કંટાળી અને ત્રાસી જાય છે તે બતાવતી આ વાત બહેનોને ખાસ બોધ લેવા જેવી બાબતો રજૂ કરે છે.

પ્રહ્લાદજીની આંખો વિસ્મય ને આનંદથી નાચી ઊઠી. ત્રણ ત્રણ મહિના પછી એણે અનંતને દૂર દૂર પણ નજરોનજર જોયો. કામપ્રસંગે અમદાવાદ આવેલા પ્રહ્લાદને સ્વપ્ને પણ ખ્યાલ ન હતો કે આટલો વખત સુધી પોતાના જિગરજાન દોસ્તનો પત્તો નહોતો મળ્યો તે આમ અચાનક મળી જશે. સાચે જ જીવનમાં હંમેશાં બનતું આવ્યું છે કે જોઈતી વસ્તુ ખોળવાથી ન મળે. એ દોડ્યો. જરાય વિચાર કર્યા વગર શ્વાસભેર એ દોડ્યો. વખતે એ આડાઅવળો ગલીકૂચીમાં અદૃશ્ય થઈ જાય તો? રાહદારીઓ એને દોડતો જોઈ રહ્યા. એ છેક નજીક આવી પહોચ્યો. અનંત કોઈ ગલીમાં વળવા જતો હતો ત્યાં પ્રહ્લાદે બૂમ પાડી; "અનંત! અનંત!"

અનંત એકદમ અટકી ગયો. એને અવાજ પરિચિત જણાયો.

ત્યાં તો ફરીથી બૂમ સંભળાઈ, "અનંત!" પ્રહ્લાદ એને આંબી ગયો હતો.

અનંતે પાછું વાળીને જોયું. એ અચાનક બોલી ઊઠ્યો; "પ્રહ્લાદ, તું ક્યાંથી?!" એના અવાજમાં આનંદ અને ક્ષોભ બંનેનો ભાસ હતો. જૂનો દોસ્ત મળ્યાનો આનંદ થયો; જ્યારે પોતે પકડાઈ ગયાનો ક્ષોભ પણ થયો.

પ્રહ્લાદે અમદાવાદ આવવાનું કારણ કહી સંભળાવ્યું.

અનંત એને ઘેર લઈ ગયો. ખુરશી પર બેસાડ્યો; અને એ કહેતો ગયો કે, "પ્રહ્લાદ, બેસજે હું. હમણાં જ આવ્યો." અને એ જરા દૂર આવેલી હોટેલમાં ચા-નાસ્તાનું કહેવા નીચે ઊતર્યો.

પ્રહ્લાદ એકલો પડ્યો. એની નજર બાજુના ટેબલ પર પડેલી ડાયરી ઉપર પડી. એણે એને જોવા હાથમાં લીધી. પાનાં ઉથલાવવા માંડ્યાં. અચાનક એની નજર એક પાના ઉપર પડી. એણે વાંચવા માંડ્યું. અનંત હમણાં જ આવી પહોંચશે એ ખ્યાલે એણે ઝટ ઝટ પાનાં ઉથલાવવા માંડ્યાં. પાનાં ઉથલાવતાંની સાથે જ એના મોં પર આનંદ છવાઈ ગયો. એનાથી બોલાઈ જવાયું; "આખરે સમજાયું ખરું." અને એણે હળવેથી ડાયરીને પોતાના ખિસ્સામાં સેરવી દીધી. પાછો એ નિરાંતે બેસી ગયો. ત્યાં તો અનંત ચા-નાસ્તાવાળા સાથે આવી પહોંચ્યો.

ને પછી તો તેઓ વાતોએ ચડ્યા. અલક-મલકની વાતો કરી. અનંતને ભય હતો કે પ્રહ્લાદ બધી વાતો ઉખેળવા માંડશે. પણ પ્રહ્લાદ સાવધાન હતો. હાથ આવેલી બાજીને બગાડવા નહોતો માગતો. એણે એકેય જૂની વાત છેડી નહિ. અનંતે છુટકારાનો દમ ખેંચ્યો.

તે દિવસે સાંજે જ એ અનંતની ઘણી ના છતાંય મુંબઈની ગાડીમાં બેસી ગયો.

ગાડીમાંથી ઊતરતાં જ એ સીધો કુસુમભાભી પાસે પહોંચ્યો. એ અનંતને મોટાભાઈ તરીકે ગણતો હતો. કુસુમ ઉદાસ ને ચિંતિત વદને લમણે હાથ મૂકી એક ખુરશી પર બેઠી હતી. એ આટલા ત્રણ મહિનાના ગાળામાં તો એકદમ્ લેવાઈ ગઈ હતી. એના મોં પરનું નૂર ઊડી ગયું હતું. જાણે એ કુસુમ જ નહિ.

બાજુમાં નવેક વર્ષનો પ્રસન્ન એની બાને વઢી રહ્યો હતો, "ઊઠ ને...અડધા કલાકની જ વાર છે. હું જમીશ ક્યારે ને નિશાળે જઈશ ક્યારે!"

પણ કુસુમ જવાબ તો શું, એની સામે પણ જોતી ન હતી.

"ઊઠ ને......"

પ્રસન્ન પોતાનું કથન પૂરું કરે તે પહેલાં પ્રહ્લાદે પ્રવેશ કરતાં સંબોધન કર્યું: "ભાભી!"

"કોણ પ્રહ્લાદ! આવ ભાઈ."

"જુઓ તો, આ તબિયતને કેવી બનાવી દીધી છે!, દશ-પંદર રતલ વજન એકદમ ઘટાડી નાખ્યું લાગે છે. જાણે આજે જ બીમારીમાંથી ઊઠ્યાં હો. એ તો ઠીક, પણ પિયેરથી ક્યારે આવ્યાં?"

"આઠેક દિવસ થયા." કુસુમે લૂખું હસી કહેવાનો પ્રયત્ન કર્યો. એ હસવામાં પણ ભારોભાર દુઃખ વ્યક્ત થતું હતું.

"સારું થયું. હું તો વગર આજ્ઞાએ કુદરતી પ્રેરણાએ જ અહીં આવી પહોંચ્યો. મળવાની મુદ્દલ આશા નહોતી. તમારે પિયેર જ ધક્કો પડશે એવી બીક હતી."

"હા! એવું તે વળી શું છે?"

"એ બધુંયે પછી. જુઓ, પ્રસન્ન ક્યારનો નિશાળે જવા ઉતાવળ કરી રહ્યો છે તેમ એને ભૂખ પણ લાગી હશે. વળી હું પણ અમદાવાદ ગયેલો તે સીધો અહીં જ આવું છું, તે મને પણ ભૂખ લાગી છે. પહેલાં એ કામ કરો, પછી નિરાંતે વાત."

બધું પતી ગયા પછી નિરાંતે તેઓ બેઠાં. પ્રસન્નને પણ આજે કાકાના આગમનને લઈને નિશાળે જવામાંથી મુક્તિ મળી. પ્રહ્લાદે હળવેથી ખિસ્સામાંથી પેલી ડાયરી કાઢી. કુસુમને વાંચવા આપી. "લો ભાભી, નિરાંતે વાંચી જાઓ."

કુસુમે, કેશુંક અગત્યનું સમજી, ગંભીરતાથી વાંચવા માંડ્યું.

"ટ્રામમાં બેસતાં તો હું બેસી ગયો, પણ બીજી જ પળે મારું મન ગઈ કાલની વાતથી સતેજ થઈ ગયું. મારા મનમાં કુસુમ આવીને ઘૂરકવા લાગી, "જુઓ હં! હું કહી દઉં છું કે હવે રોજનાં બહાનાં નહિ ચાલે. આજ સાંજ સુધીમાં મેં કહેલી વસ્તુઓ મને જોઈએ જ."

"પણ હું કહું છું ને એક-બે દિવસમાં સગવડ કરીને લાવી દઈશ."

"નહિ, નહિ. મને બહાનાં ન જોઈએ. લાવવી જ હોય તો આજે લઈ આવો. નહીં તો મને ચોખ્ખી ના કહો કે મારાથી નહિ લવાય."

"હું ક્યાં ના કહું છું! આ તો એકબે દિવસ મોડું થઈ જાય તેની વાત કરું છું. તેમાં આટલી ઊકળી શું જાય છે!"

"તમે ગુસ્સાને જ લાયક છો. કેટલીયે વખત કહીકહીને થાકું ત્યારે માંડ એક ચીજ આવે."

"હોય, જેવી માણસની સગવડ. પણ ધીરજ ધર ને. જરૂર લાવી દઈશ. વચન આપું છું ને."

"મને વચન-બચનની જરૂર નથી. લાવવી હોય તો આજે જ લાવજો. નહિ તો ના કહી દો. હું બીજે સગવડ કરી લઉં."

"ના, ના, એમ કરવાની જરૂર નથી. હું બનતી ત્વરાએ પ્રયત્ન કરીશ." હું સમજી ગયો કે એ પોતાના પિયેરથી લાવવાની વાત કરે છે.

કુસુમ કંઈ શાંત પડેલી જણાઈ. હું ઑફિસે જવા નીકળ્યો. સમય કરતાં હું અડધો કલાક મોડો હતો—એના જ ઝઘડાએ. પણ મારે માટે એટલું સહન કરવાનું હતું.

તે દિવસે ઘણાય પ્રયત્ન કર્યા પણ કોઈ ચીજ લાવી શકાઈ નહિ. હું સાંજે ઠાલે હાથે ઘેર ગયો. કુસુમે મારા ખાલી હાથ જોયા. એ મનમાં બળી રહી એ મેં જોઈ લીધું.

મેં એને મનાવવા ઘણા પ્રયત્ન કર્યા. પણ એ બોલી નહિ. અરે! મારી સામું જોયું પણ નહિ. એણે અબોલા લીધા હતા. એના મોં પર તુચ્છકારનાં સ્પષ્ટ ચિહ્ન જણાતાં હતાં.

તે સાંજે ન તો મેં ખાધું, ન તો એણે ખાધું. મેં એને જમી લેવા અને જમે તો હું પણ જમી લઉં એ બાબત ઘણું કહ્યું. પણ એ એકની બે ન થઈ.

નિરાશ ને અસ્વસ્થ હૈયે હું વાતાવરણને માપતો રહ્યો. ઘણાય વિચાર કર્યા. નક્કી કર્યું કે ગમે તેમ થાય, પણ કાલ તો જરૂર એની કહેલી ચીજો લાવી દેવી.

રાત્રે ન તો એ બોલી, કે ન તો હું બોલી શક્યો. પુષ્કળ પડખાં ફેરવ્યાં છતાં લાગતું હતું કે હજુયે રાત જાણે લંબાયે જતી હતી."

ડાયરી વાંચતાં કુસુમની આંખો ભરાઈ આવી. પોતાને જ કારણે પતિને ઘર છોડી જવું પડ્યું હતું એવી ઝાંખી તો એને આ પહેલાં પણ થઈ હતી. આજે એ વાત સ્પષ્ટ રીતે સમજાઈ. પોતાની જાત પ્રત્યે એને ધિક્કાર આવવા લાગ્યો. ને તે સાથે જ અનંત સાથેના દશ વર્ષના પરિણીત જીવનનાં સ્મરણ એની નજર સમક્ષ ખડાં થયાં.

એ દશ વર્ષ દરમ્યાન એવો એકય પ્રસંગ બન્યો નહોતો કે અનંતે એની ઇચ્છાને અવગણી હોય. એની કટુ ને કર્કશ વાણીનો અનંતે હંમેશાં

શાંત ને પ્રેમભરી વાણીથી જ પ્રત્યુત્તર વાળ્યો હતો. એ પોતાની નજર સામેની ઘણીયે સ્ત્રીઓ કરતાં સુખી હતી એ જ્ઞાન રહીરહીને પણ એને થવા માંડ્યું. હા, પોતે સમજતી નહોતી ત્યાં સુધી એ પોતાને દુર્ભાગી માનતી હતી. શ્રીમંત કુટુંબમાં ઊછરેલીને સામાન્ય કુટુંબમાં જોઈતી ચીજવસ્તુઓ ન મળતાં જે આઘાત સહેવો પડે, રહેણીકરણીને જે રીતે ફેરવવી જોઈએ તે બાબત પર એણે જરાય લક્ષ ન આપ્યું. એ મનથી દુ:ખી થયા કરી. ને તેમાંથી અનંત પ્રત્યે એક જાતની ઘૃણા જન્મ પામી. એ ઘૃણાએ જ એને કર્કશા બનાવી દીધી હતી. નકામી ચીજ-વસ્તુઓ માટે ઝઘડો કરવો એ સામાન્ય થઈ પડ્યું હતું. ઓછી આવક છતાંય અનંતે એને જે રીતે રાખી હતી એ ખરેખર મોટી વાત હતી એ સત્ય હવે એને સમજાવા માંડ્યું. પોતે સાંધેલાં ને થીગડાંવાળાં કપડાં પહેરવાં છતાંય એણે કુસુમ માટે ઘણી ઓછી કંજૂસાઈ કરી હતી. ને કુસુમે કેવો બદલો આપ્યો હતો! એકેય દિવસ શાંતિનો અનુભવ કરવા દીધો નહોતો, એકેય દિવસ હસીને આવકાર આપ્યો નહોતો, એકેય દિવસ એની ઇચ્છાને પોતાની કરીને વધાવી નહોતી. ને તે છતાંય એણે આ ઘરમાં માનભર્યું સ્થાન જ પ્રાપ્ત કર્યું હતું.

પોતાના ઘરનો વિચાર આવતાં જ કુસુમને પિયરિયું યાદ આવ્યું. પિયરનો જ પક્ષ લઈને એણે છેવટ લગી નાચ્યા કર્યું. વેળા-કવેળાએ એણે પિયરની શ્રીમંતાઈ ને મોટાઈનો નાદ જ ગાજતો કર્યા કર્યો, ગુમાન દેખાડ્યા કર્યું. ને શો મળ્યો બદલો? એથી અઢી મહિનામાં જ પોતાના સ્વભાવને લઈને તે ઘર છોડીને નાસી આવી હતી તેને લઈને તથા કંટાળીને એનો પતિ ભાગી ગયો હતો એ બધીયે વાતને લઈને એ એવી અકારી થઈ પડી-ભોજાઈઓને એવી અળખામણી થઈ પડી-એવા કટુ અનુભવ કરવા પડ્યા કે પહેરેલે કપડે કશુંય માગ્યા કે લીધા વગર તે પ્રસન્નને લઈને આઠ દિવસથી અહીં આવીને પડી હતી. આ ઘરનો જ આશરો લેવો પડ્યો હતો. એ આઠ દિવસમાં જે મનોમંથન ચાલ્યું તે ગમે તેવી નારીની સૂધબૂધ ઠેકાણે લાવવા બસ હતું.

સૂધબૂધ ઠેકાણે આવતાં જ એને અનંતની યાદ કોરી ખાવા લાગી. અનંતની યાદ આવતાં જ એનું કથન વાંચવા એ અધીરી બની. સ્વસ્થ થઈને આગળ વાંચવા એણે પાનું ફેરવ્યું.

"સવારે એ ઘરકામમાં ગૂંથાઈ. પણ એ ન બોલી તે ન જ બોલી. મેં ખિન્ન ચહેરે જમી લીધું. અને કહેતો ગયો કે, "કુસુમ, આજે હું જરૂર લાવી દઈશ હં."

પણ એણે ન તો મારી સામું જોયું, કે ન તો એ કશું બોલી. હું ભગ્ન હૈયે ઑફિસે જવા નીકળ્યો.

સાંજે ઑફિસમાંથી વહેલો નીકળ્યો. એક તો ઑફિસનું થોડું કામ હતું ત્યાં જવાનું હતું; અને ત્યાંથી કુસુમની કહેલી વસ્તુઓ લાવવાની હતી. ઑફિસના કામમાં સામી વ્યક્તિ સાથે જરા વાંધો પડ્યો. ત્યાંની ગરમાગરમ ચર્ચામાં હું નીચે ઊતર્યો. અને એ જ વિચારોમાં હું આવેલી ટ્રામમાં બેસી ગયો. બેસતાં તો બેસી ગયો પણ બીજી જ પળે મારું મન ગઈ કાલની વાતથી સતેજ થઈ ગયું. મારા મનમાં કુસુમ આજે ને ધૂરકવા લાગી. હું ઊઠ્યો. ટ્રામમાંથી ઊતરી પડ્યો કોઈ પણ હિસાબે કુસુમે મંગાવેલી ચીજો આજે લઈ જ જવી જોઈએ. મોડું થઈ ગયું હતું; થાકી ગયો હતો; છતાંય હું એની કહેલી ચીજો લેવા પાછો ગયો.

ઘણી જ આશાઓ સેવતો તે દિવસે હું એને જોઈતાં કપડાં અને બીજી વસ્તુઓ લઈને ઘેર આવ્યો. એ અંદર રસોઈ કરતી હતી. મને ગંમત કરવાનું મન થયું. મેં એને ખબર ન પડે એ રીતે કપડાં વગેરે કબાટમાં રાખી દીધાં. એ આશાએ કે એને ચીડવવાની મઝા પડે. પછી એ આશ્ચર્ય પામે તેમ એના ખોળામાં બધી વસ્તુઓનો ઓચિંતો ઢગલો કરવો. પણ કોણ જાણે એ બધું ધૂળપાણી જ થવાનું હશે!"

કુસુમે મોઢું નીચે જ રાખી આંખો લૂછી. એને લાગ્યું કે જાણે અનન્ત સામે બેઠો છે અને એની રસવૃત્તિઓને પોતે કચડી રહી છે. પાછું એણે ડાયરીમાં મન પરોવ્યું.

"હું હળવેક રહીને મનમાં હસતો રસોડામાં ગયો. એણે ગર્વથી મારી સામે જોયું. મને જમવા માટે બેસવાનું કહી, એ પીરસવા લાગી. હું તો ડઘાઈ જ ગયો. કદી નહિ ને આજે આટલી બધી ભાતભાતની રસોઈ બનાવવાનું કારણ શું?

હું વિચાર કરું તે પહેલાં જ એ ટોણો મારીને બોલી ઊઠી, "તે તમે શું લાવી આપવાના હતા. એ તો હું આજે પિયર ગઈ તી તે ત્યાંથી કપડાં ને બીજી ઘણીયે વસ્તુઓ લાવી છું. તમને તો કહીકહીને થાકી પણ પથ્થર પર પાણી !" એ કંઈક ગર્વ ને પિયરના અભિમાનથી સંભળાવી રહી. હું જાણે એની નજરમાં હીન–તુચ્છ ભાસતો હતો.

મને શાળાનો એક પ્રસંગ યાદ આવી ગયો.

હું ચોથી કે પાંચમી અંગ્રેજી ભણતો હતો. શિક્ષકોના વિદ્યાર્થીઓ પ્રત્યેના ગેરવર્તન માટે હડતાળ પડી હતી. એમાં મેં મુખ્ય ભાગ લીધો હતો.

શિક્ષકોએ હડતાળ તોડવા ધાકધમકીઓ ઘણી આપી. પણ અમોએ મચક ન આપી. અમારા નિશ્ચયને અમે વળગી રહ્યા.

છેવટે પ્રિન્સિપાલ સાહેબે મને સમાધાન કરવાને બહાને બોલાવ્યો. ત્યાં જતાં જ સાહેબ તાડૂકયા; "અનન્ત, તને ચેતવણી આપું છું કે હડતાળ નહિ અટકે તો તને બરતરફ કરવામાં આવશે; અને તારા બાપુને તારી ગેરવર્તણૂક બાબત ચિઠ્ઠી લખીશ."

મને મારું સ્વમાન ઘવાતું લાગ્યું. પોતાની ભૂલ કબૂલ કરી, ઘટતું કરવાને બદલે ઊલટા ધમકાવતા હતા. મેં એમને ચોખ્ખું સંભળાવી દીધું: "સાહેબ, અમારી માગણીઓ સંતોષવાની ખાતરી આપતા હો તો જ હડતાળ પાછી ખેંચાશે. તે વગર નહિ." અને મેં પાછું જવા માંડયું. મને રોષ ચઢ્યો હતો. સ્વમાનને ખાતર પણ મેં એ ગણકાર્યું નહિ.

"અનન્ત !" સાહેબે બૂમ પાડી. "હજુ માફી માગી લે અને દિલગીરીની માગણી કરતો પત્ર લખી આપે તો બચી જવાશે. હજુયે સમય છે."

"સાહેબ, એ તો હડહડતો અન્યાય છે. અન્યાયને તાબે હરગિજ નહિ થાઉં, નાકલીટી નહિ તાણું. રહેમ માટે હાથ નહિ લંબાવું." અને હું ચાલી નીકળ્યો. સાથે સાથે મેં નિશ્ચય કરી લીધો કે ભવિષ્યમાં પણ કોઈ પાસે હાથ ન લંબાવવો."

એ પ્રતિજ્ઞા મેં અત્યાર લગી પાળી છે.

અને આજે......?

આજે મારો એ નાનપણનો નિશ્ચય ડગમગી ગયો. આટલાં આટલાં વર્ષો ગરીબાઈમાં વિતાવ્યાં છતાંય હું એ નિશ્ચયને વળગી રહ્યો હતો. આજે એ નિશ્ચય મામૂલી બાબત પર તૂટી ગયો. આ સ્ત્રીએ જ મને મારા નિશ્ચયમાંથી ડગાવ્યો. હું મનમાં સળગી રહ્યો. મારી હૈયાસગડીમાં ઘી હોમાયું.

"જમો ને, આવડા તે શા વિચારમાં પડી ગયા છો. એટલું તે થઈ પણ શું ગયું છે ?"

કહેવાનું તો મન થયું કે, 'તારું કપાળ !' પણ હું જવાબ ન આપી શકયો. સળગતી આંખોએ એની સામે જોઈ રહ્યો. હોઠ કંપી ઊઠયા. આખું શરીર ધ્રૂજી રહ્યું. હાથમાં રહેલો પહેલો જ કોળિયો પાછો થાળીમાં પડી ગયો. હું તરત જ ઊઠી ગયો. મનમાં આંધી ઊપડી હતી મેં મારો નિશ્ચય એને ઘણી વખત કહી સંભળાવ્યો હતો. પણ એ નિશ્ચયની એને કોડીનીય કિંમત નહોતી. જરાય અચકાયા વગર એણે મારા નિશ્ચય પર કસાઈની તીક્ષ્ણ છૂરી ચલાવી દીધી. એક ઘા ને બે કટકા–ભૂલ્યો, બે કટકા શું, અસંખ્ય. એની નજર સામે હું તુચ્છ ભાસતો હતો. જાણે સિંહ આગળ મચ્છર ! તે જ વખતે મનમાં વિચાર ફરી વળ્યો. "એ કરતાં આવી પત્ની જ ન હોય તો..."

હું એના એ જ કપડે ચાલી નીકળ્યો."

ધબાક કરતી ડાયરી નીચે પડી ગઈ. કુસુમની આંખોમાંથી અશ્રુની ધારા વહેવા લાગી. તે હીબકાં પર હીબકાં ખાવા લાગી. બાને રડતી જોઈ પ્રસન્ન પણ રડવા લાગ્યો.

"ભાભી ! ભાભી ! શાંત રહો. થવા કાળ થઈ ગયું. ને રડે શું વળવાનું ? ભૂલ્યા ત્યાંથી પાછું ગણવાનું."

થોડીવારે કુસુમ શાંત થઈ. રડમસ ચહેરે એ બોલી; "પ્રહ્લાદ, મારા ગુમાનમાં હું એમને હરાવવા નીકળી હતી, પણ હું જ હાર પામી. મેં એમને બહુ જ દુભાવ્યા. એ બધું મારે લીધે જ થયું છે. તેઓ તો ધીરજ ને શાંતતાની મૂર્તિ હતા. વ્યર્થ મેં બકવાદ જ કર્યા કર્યો. મારા હાથે જ પગમાં કુહાડો માર્યો છે. ભાઈ, હવે સહન થતું નથી. કંઈક રસ્તો કાઢ. તારા પ્રયત્ન કર. મારો પશ્ચાત્તાપ જણાવ. ફરી એવું નહીં થાય તેની ખાતરી આપ. પણ કાંઈક કર.

ગમે તે શિક્ષા ખમવા હું તૈયાર છું." અને એ ફરી રડવા લાગી. પશ્ચાત્તાપના રુદને માઝા મૂકી હતી.

"ભાભી, ધૈર્ય રાખો, ભગવાન કરશે તો સૌ સારું થશે."

અને તે જ દિવસે પ્રહ્લાદે અમદાવાદ પાછા જવાનો પોતાનો નિશ્ચય જણાવ્યો. અનન્તને તેડીને જ આવશે એવી કુસુમને આશા આપી તે જ રાત્રે પ્રહ્લાદ અમદાવાદ ભણી ચાલી નીકળ્યો.

કુસુમ એને જતો જોઈ રહી. જાણે કોઈ સ્વર્ગીય દૂત જઈ રહ્યો હતો! એ નજર બહાર નીકળી ગયો. કુસુમ વિચારતરંગોએ ચડી. એને લાગ્યું કે અનન્ત આવી ગયો છે. પોતાની માફીનો સ્વીકાર થઈ ગયો છે. અને જાણે પોતે અનન્તના બાહુપાશમાં લપેટાઈ ગઈ છે.

*

# કર મન ભજનનો વેપાર

કર મન ભજનનો વેપાર,
હરિ તારા નામનો આધાર;
બેડલો પ્રભુ ઉતારે ભવપાર,
કર મન ભજનનો વેપાર જી.
પ્રથમ સમરું ગણપતિ,
સરસ્વતીને લાગું પાય જી;
દેવનાં ગુરુદેવને સમરું,
જ્ઞાની જ્ઞાન બતાય. કર મન૦
હાડ જલે જેમ લાકડાં અને,
બાલ જલે જેમ ઘાસ જી;
કંચનવરણી કાયા જલશે,
કોઈ ન આવે પાસ. કર મન૦
શેરી લગણ તો સુંદરી,
ઝાંપા લગણ માબાપ જી;
તીરથ સુધી બંધવો ભાઈ,
ખોરીને બાળે હાડ. કર મન૦
માતા તારી જનમ રોશે,
બેની બારે માસ જી;
તેર દિવસ ઘરની ત્રિયા રોશે,
જાશે ઘરની બહાર. કર મન૦
જ્યાં સરોવર નીર ભરિયો,
પ્રથમ ન બાંધી પાળ જી;
નીર સઘળાં વહી જાશે,
પાછળથી પસ્તાય. કર મન૦
મારું મારું મિથ્યા જાણો,
જૂઠો જગ વહેવાર જી;
નરસૈંયાના નાથને ભજી લે,
ઉતારે ભવ પાર. કર મન૦

નરસિંહ મહેતા

# જો મરણ આ જિંદગીની

જો મરણ આ જિંદગીની
છે ખરે છેલ્લી દશા,
તો પરાર્થે અર્પવામાં,
આ જીવનના મોહ શા?....
જો મરણ૦

ખીલી કળી કરમાય છે,
પુષ્પો મૂકે છે વાસના
અમર નર તો એ થયા,
જે અમર કરતા આતમા....
જો મરણ૦

તું મારો પરમાતમા છે,
હું તમારો આતમા,
પરમાત્મને એ શરણ જાતાં,
કૃતકૃત્ય થાતો આત્મા....
જો મરણ૦

# પુણ્યક્ષેત્ર કાશી

શ્રી 'અનન્તવિજય'

કાશી ભગવાન શંકરના નિત્યવાસને માટે પસંદ કરેલી રાજધાની છે. કાશી 'અવિમુક્તક,' 'વારાણસી' અને 'મહાસ્મશાન' એ નામોથી પણ જાણીતું છે. પરમ તેજ ત્યાં પ્રકાશતું હોવાને લીધે અથવા પરમ-ધામે જવાનો માર્ગ ત્યાંથી પ્રકાશિત થતો હોવાને લીધે તે 'કાશી' કહેવાય છે. (काश्–પ્રકાશવું.) પાપમુક્ત હોવાને લીધે કે ભગવાનથી કદાપિ ન ત્યજાવાને લીધે તે 'અવિમુક્તક' કહેવાય છે.

જેમ શરીરમાં કેટલાક અવયવો બીજા કરતાં વધુ શુદ્ધ છે તેમ પૃથ્વી પરનાં કેટલાંક સ્થાનો બીજાં કરતાં વધુ પવિત્ર છે. કેટલાંક સ્થાનોની પવિત્રતા તેમના સ્થળને આભારી છે, જ્યારે કેટલાંક તેમનાં ચમકતાં નીરને લીધે અને વળી કેટલાંક સાધુ–મહાત્માઓના વાસને લીધે પવિત્ર બન્યાં હોય છે.

આ પવિત્ર ધામ 'વરણા' અને 'અસી' એ બે નદીઓની વચમાં આવેલું હોવાથી 'વારાણસી' કહેવાય છે. આ સ્થળ ભગવાનને અતિ આનંદ આપતું હોવાને લીધે 'આનંદકાનન' તરીકે પણ જાણીતું છે. 'મહાસ્મશાન' તરીકે ઓળખાતા આ સ્થળે, મૃતદેહ જેમ અંતિમ વિલય પામે છે, તેમ પાંચ મહાભૂત પણ અહીં ચિરવાસ કરે છે. જાબાલોપનિષદમાં વર્ણવ્યું છે કે બે આંખોની વચ્ચે નાકના અગ્રભાગે 'અવિમુક્ત'રૂપી (તારક) બ્રહ્મનું ધ્યાન કરવું. તેમાં વારાણસી શબ્દનો અર્થ 'વારણ'–અયોગ્યતાનિરોધક અને 'નાશી'–પાપનાશક એવો કરેલો છે.

'અવિમુક્તક'–વિશ્વનાથના મંદિરના શિખરના મધ્ય ભાગથી બસો ધનુષની ઊંચાઈ એ વર્તુલાકારે રહેલો પ્રદેશ હોવાનું અને અહીંની યાત્રાથી મુક્તિ અવશ્ય મળે છે એવું પુરાણોમાં વર્ણન છે.

અનાદિ કાળથી કાશી પુણ્યનગરી ગણાય છે. અહીં ડગલે ડગલે પવિત્ર સ્થળો છે તેમ જ એવું કોઈ સ્થળ નથી કે જ્યાં શિવલિંગ ન હોય. અહીં માતા ગંગા થોડીક ઉત્તર તરફ વળે છે, જેને લીધે આ સ્થળની પવિત્રતામાં વધારો થાય છે.

સ્કંદપુરાણના કાશીખંડમાં પંદર હજાર શ્લોકોમાં કાશીની કીર્તિગાથા વર્ણવેલી છે. તે ઉપરાંત બીજાં પુરાણો, બ્રાહ્મણગ્રંથો, ઉપનિષદો અને રામાયણ–મહાભારતમાં વારંવાર તેનું વર્ણન કરવામાં આવ્યું છે. પ્રાચીનતા, પરંપરા અને વિદ્યાના ક્ષેત્રરૂપે તે ભારતવર્ષનું હૃદય છે. કાળ જાણે અહીં થંભી ગયો છે. માનવજાતિના ઇતિહાસમાં વધુમાં વધુ સમય વિદ્યાપીઠોના ધામરૂપે જીવંત રહેલી આ નગરી છે. વિદ્યાના ક્ષેત્રે સાંપડેલા વિજયને અહીં જ પૂર્ણતા મળે છે. પરંપરાપ્રાપ્ત વિદ્યાઓ અને સંસ્કૃત શિક્ષણની બાબતમાં આજે પણ કાશીએ એની ખ્યાતિને સાચવી રાખી છે.

કાશીમાં મુખ્ય દેવતા ભગવાન વિશ્વનાથ છે. ભગવાન કાશીવિશ્વેશ્વરનું પ્રાચીનતમ જ્યોતિર્લિંગ રામાયણ, મહાભારત અને પુરાણકાલીન સંસ્કૃતિના આરંભ સમયમાં પણ મોજૂદ હોવાનું મનાય છે. પ્રસિદ્ધ બાર જ્યોતિર્લિંગોમાંનું તે એક છે. એક પછી એક આવતા આક્રમણકારોએ વિશ્વનાથના મંદિરનો ધ્વંસ કર્યો હતો અને દરેક વખતે ઘણું કરીને તે જ સ્થળે હિંદુઓએ એને તરત પુનઃપ્રતિષ્ઠિત કર્યું હતું. બીજાં અનેક મંદિરોની જેમ દરેક વખતે તે ધર્માંધતાના ઝનૂનનું ભોગ બન્યું હતું. એના ઇતિહાસમાં તે અનેક વખત બન્યું અને તૂટ્યું. છેવટે સિકંદર લોદીએ ૧૪૯૪માં કાશી જીત્યું ત્યારે તેનો પૂર્ણ ધ્વંસ કર્યો અને તેનો પુનરુદ્ધાર તે જ કે બીજે થળે કરવાની મનાઈ કરી.

તે પછી સિત્તેર વર્ષ સુધી કાશી જીવનમરણના ખેલ ખેલી રહ્યું હતું. હિંદુ સામંતો અને પંડિતોએ મંદિરના પુનરુદ્ધાર સામેના રાજકીય પ્રતિબંધને દૂર કરવા અથાગ પ્રયત્ન કર્યા, જે નિષ્ફળ ગયા હતા.

આ સિત્તેર વરસ સુધી કાશી પોતાના પ્રધાન દેવતાના મંદિર વગર રહી. અપૂર્વ દુષ્કાળ અને મહારોગોથી જનતાની દશા બેહાલ અને દયાજનક બની. દુકાળના સમયે મુસ્લિમોયે વિદ્વાન અને શાણા નારાયણ ભટ્ટ પંડિતની પાસે દૈવી મદદ માટે ગયા હોવાનું કહેવાય છે. નારાયણ ભટ્ટ વિદ્વાન જ નહિ, પણ ભારે તપસ્વી હતા. તેમણે તે વખતના મુસલમાન રાજાને જણાવ્યું કે: 'દુષ્કાળ અને મહામારીઓનું કારણ ભગવાન વિશ્વનાથના મંદિરના પુનરુદ્ધારનો

પ્રતિબંધ છે, માટે તરત જ તે પ્રતિબંધ હટવો જોઈએ.'

દુષ્કાળની વ્યાપક અસરથી ભયભીત થયેલા બાદશાહે પ્રતિબંધ તો ઉઠાવ્યો પણ સાથે શરત કરી કે નિશ્ચિત સમયમાં નારાયણ ભટ્ટે વરસાદ આણવો જોઈશે. નારાયણ ભટ્ટે તે શરત સ્વીકારી અને ગંભીરપણે અનુષ્ઠાન કર્યું, જેને લીધે વિસ્તૃત ભૂમિમાં પુષ્કળ વરસાદ થયો. આ રીતે સન ૧૫૬૯ કે તેની આસપાસમાં વિશ્વનાથ મંદિરનો પુનરુદ્ધાર થયો. પણ દુર્ભાગ્યે ૧૬૬૯ માં ઔરંગઝેબે તેને ફરી દૂષિત કર્યું. તે પછી હાલનું મંદિર રાણી અહલ્યાબાઈએ ૧૭૮૩ માં બંધાવ્યું હતું.

ભગવાનનું ચરણોદક અસાધ્ય રોગોને મટાડે છે અને શ્રદ્ધાળુ ભક્તોના માનસિક સંતાપો દૂર કરે છે એમ મનાય છે. મંદિરની નજીક જ્ઞાનવાપી (જ્ઞાનનો કૂવો) છે, જ્યાં વિધર્મીઓએ મંદિર દૂષિત કર્યું ત્યારે ભગવાન પ્રવેશ્યા હોવાનું મનાય છે. યાત્રિકો મણિકર્ણિકાથી આરંભી પચાસ માઈલની કાશીની પ્રદક્ષિણા કરે છે, જેને 'પંચકોશી' કહે છે. વિશ્વનાથના મંદિર ઉપરાંત કાશીમાં બીજાં પાંચ પ્રસિદ્ધ સ્થળો છે. પ્રથમ ગંગા અને અસીનું સંગમ સ્થળ છે, જેને 'લોલાર્ક' પણ કહે છે; કારણ કે, ત્યાં પ્રસિદ્ધ સૂર્યમંદિર આવેલું છે; અને બીજું, વરણા અને ગંગાનું સંગમસ્થળ કે જ્યાં 'કેશવ'નું મંદિર છે.

ત્રીજું સ્થળ 'પંચગંગાઘાટ' છે, જ્યાં બિંદુમાધવનું મંદિર આવેલું છે. કહેવાય છે કે કિરણા, ધૂતપાપા, ગંગા, યમુના અને સરસ્વતી એ પાંચ નદીઓ અહીં મળે છે. ચોથું મહત્ત્વનું સ્થળ 'દશાશ્વમેધ ઘાટ' છે. 'દશાશ્વમેધ' એવું નામ આ ઘાટને આપવાનું કારણ એ છે કે પહેલાંના વખતમાં 'ભારશિવ' તરીકે ઓળખાતા રાજાઓ અહીં અશ્વમેધ યજ્ઞ કરતા અને દસ અશ્વમેધો કર્યા પછી આ ઘાટે સ્નાન કરતા. એક જાણીતો શ્લોક કહે છે કે–

एको हि कृष्णस्य कृतः प्रणामो<br>
दशाश्वमेधावभृथेन तुल्यः।<br>
दशाश्वमेधी पुनरेति जन्म<br>
कृष्णप्रणामी न पुनर्भवाय॥

'દસ અશ્વમેધ યજ્ઞો કર્યા પછી કરાતા સ્નાનના જેટલી યોગ્યતા ભગવાન કૃષ્ણને એકવાર નમસ્કાર કરવાથી મળે છે. ફરક એટલો છે કે યજ્ઞો પછી સ્નાન કરનારને સ્વર્ગ તો મળે છે, પણ પુણ્ય પૂરું થયે ફરી તે મૃત્યુલોકમાં આવે છે, જ્યારે શ્રીકૃષ્ણને નમસ્કાર કરનારને પુનર્જન્મ હોતો નથી.'

અંતિમ (પાંચમું) છતાં મહત્ત્વમાં કોઈથી ન ઊતરતું સ્થળ 'મણિકર્ણિકા ઘાટ' છે. ભગવાન વિષ્ણુએ ચક્રથી એક ખાડો ખોદ્યો હતો. જ્યારે તેઓ તપ કરતા હતા ત્યારે તેમના પરસેવાથી તે ખાડો ભરાયો. ભગવાન શિવે અહોભાવથી માથું ધુણાવ્યું જેથી તેમના કાનનું મણિજડ્યું કુંડલ તૂટીને એ ખાડામાં પડ્યું. તેથી તે ખાડાનું નામ 'મણિકર્ણિક' પડ્યું. (એ જ સ્થળે બંધાયેલો ઘાટ પણ તે જ નામથી ઓળખાય છે.) આ સ્થળે જે માણસ મરે છે તેના કાનમાં ભગવાન શંકર તારકમંત્ર ભણે છે, જેથી તેની બધી ઇચ્છાઓ પૂરી થાય છે.

એક દંતકથા છે કે એક વખત મહર્ષિ વ્યાસને બહુ ભૂખ લાગેલી. સમગ્ર કાશીમાં તેમને ભૂખ ટાળવા કાંઈ જ ન મળ્યું તેથી ક્રોધે ભરાઈ 'ત્રણ પેઢીઓ પછી અહીં વિદ્યા, ધન અને સૌહાર્દ નાશ પામશે' એવી જાતનો શાપ આપવા તેમણે વિચાર્યું, પણ કાશી ઉપર દયાવાન ભગવાન શંકરે ગૃહસ્થનું સ્વરૂપ લઈ વ્યાસને સુંદર ભોજન આપી શાપ આપતા રોક્યા.

સોળમા સૈકામાં પણ નારાયણ ભટ્ટે ઘોષિત કરેલું કે, ભગવાન વિશ્વનાથના મંદિરમાં અસ્પૃશ્યતાનો પ્રશ્ન જ નથી; કારણ કે ત્યાં કલિકાળમાં ભગવાન શિવ સ્વયં અસ્પૃશ્ય પદાર્થના સ્પર્શથી થયેલા દોષને નિવારે છે. દયામય શિવ માનવજાતના કલ્યાણ માટે દરરોજ વહેલી સવારે મણિકર્ણિકાના ઘાટ ઉપર સ્નાન કરે છે.

ब्राह्मे मुहूर्ते मणिकर्णिकायां<br>
स्नात्वा समाराधयति स्वमेव।<br>
अस्पृश्यसंस्पर्शविशोधनाय<br>
कलौ नराणां कृपया हिताय॥

('ત્રિસ્થલીસેતુ'માં સનત્કુમારસંહિતાનું અવતરણ)

કહેવામાં આવે છે કે વિદ્વાન હો કે અવિદ્વાન,

બ્રાહ્મણ હો કે ચાંડાલ, પણ મણિકર્ણિકા ઘાટ ઉપર સ્નાન કરવાથી દરેકની સમાનરૂપે મુક્તિ થાય છે.

માણસો વૃદ્ધાવસ્થા અહીં ગાળવાને ઝંખે છે. કાશીનું મરણ જન્મમરણના ફેરામાંથી છોડાવે છે.

પહેલાં અને હજી પણ કરોડો માણસો ભગવાન વિશ્વનાથનાં દર્શનને જીવનનું મહાધ્યેય સમજે છે. દૂર અને નજીકના પ્રદેશોથી તે અહીં આવતા રહ્યા છે અને હજી આવે છે. ભગવાન વિશ્વેશ્વર–દુનિયાના સ્વામી–જમાનાઓ થયાં દઢપણે કાશીમાં વસે છે અને સમગ્ર ભારત તેમની ભક્તિ કરે છે.

'દિવોદાસ' રાજાએ કાશી વસાવ્યાનું મનાય છે. શત્રુજિત રાજાના પુત્ર શતાર્નાકે કાશીના રાજાના અશ્વમેધને વાસ્તે છોડેલા ઘોડાને પકડ્યો હતો. કાશીના રાજા અજિતશત્રુને બાલાકિ ગાર્ગ્યે બ્રહ્મવિદ્યા શીખવવાનું વચન આપ્યું હતું. પતંજલિના વ્યાકરણ મહાભાષ્યમાં ગંગાકિનારે કાશી હોવાનો ઉલ્લેખ છે. બૌદ્ધ ધર્મનાં પુસ્તકો પણ કાશીને વિદ્યાના મહાધામ તરીકે ઓળખાવે છે. ભગવાન બુદ્ધે સૌથી પહેલો ઉપદેશ કાશીના સીમાડે 'સારનાથ'ના સ્થળે કર્યો હતો ને ત્યાંથી ધર્મચક્ર ગતિમાન થયું હતું. ઉપર જણાવ્યા પ્રમાણે જેમ કાશીનાં વારાણસી, અવિમુક્તક, આનંદકાનન અને મહાશ્મશાન એ નામો પ્રસિદ્ધ હતાં, તેમ (બૌદ્ધોના) 'યુવંજય જાતક'માં જણાવ્યા પ્રમાણે સુરંધના, સુદર્શના, બ્રહ્મવર્ધના, પુષ્પાવતી અને રમ્યા એ નામો પણ પ્રચલિત હતાં. 'કાશી' એ પ્રદેશવાચી નામ હતું અને તેની રાજધાની 'વારાણસી' કહેવાતી. બુદ્ધના સમયમાં કાશી કોશલ રાજ્યનો ભાગ હતો. ચીની યાત્રી હુ–એન–ત્સંગે સાતમા સૈકામાં કાશીની મુલાકાત લીધી હતી. તે લખે છે: 'કાશીની રાજધાનીમાં વીસ દેવમંદિરો છે, જેનાં શિખરો અને ખંડો પથ્થર તથા લાકડાનાં છે. વનરાજિઓ મંદિરોને છાયા આપે છે અને નિર્મળ વહેણો એમની પ્રદક્ષિણા કરે છે. કાંસાનું બનેલું રાજા મહેશ્વરનું બાવલું આશરે સો ફૂટ ઊંચું છે. એનો દેખાવ એવો ગંભીર ને ભવ્ય છે કે જાણે તે જીવંત હોય એમ લાગે છે.'

પંચગંગા ઘાટ પર અગાઉ શિવનું એક મોટું મંદિર હતું, જેને ઔરંગઝેબે ભાંગ્યું હતું. હેવન લખે છે કે, આ જ મંદિરનું વર્ણન કરતાં હુ–એન–ત્સંગે લખ્યું હતું કે તે કુશળતાથી કોતરેલા પથ્થર અને કીમતી અણિયારા લાકડાથી બનાવાયું હતું; એમાં સો ફૂટ ઊંચી ગંભીર અને ગૌરવપૂર્ણ, પ્રેક્ષકના ચિત્તમાં અહોભાવ જગાડતી અને જીવંત દીસતી શંકરની મૂર્તિ હતી. ત્યાં પંચગંગા ઘાટની પાંચ સોપાનશ્રેણીઓ હિમાલયની ઊંચાઈ એથી વહેતી પાંચ પવિત્ર નદીઓનો ખ્યાલ આપે એ ઉચિત છે.

કાશીનાં અનેક પવિત્ર સ્થાનોમાં 'પદ્મપુરાણ' વિશ્વનાથ, બિંદુમાધવ, મણિકર્ણિકા અને જ્ઞાનવાપીનો ઉલ્લેખ કરે છે, જ્યારે શિવપુરાણ' તિલભદ્રેશ્વર મહાદેવ અને દશાશ્વમેધેશ્વરનો ઉલ્લેખ કરે છે. અયોધ્યાના રાજા હરિશ્ચંદ્રની સત્યનિષ્ઠાની વિશ્વામિત્રે કસોટી કરતાં રાજાએ ચંડાલને ત્યાં ચાકરી કરી ઋણ ચૂકવ્યું હતું એ ઘટનાસ્થળ તરીકે મણિકર્ણિકા ઘાટનો નિર્દેશ થયો છે. પ્રાચીન શક્તિપીઠોમાંની એક વારાણસીમાં હતી. સતી—પાર્વતીનું પૂર્વજન્મનું નામ—નાં અંગોમાંનો ડાબો હાથ કાશીમાં જઈ પડ્યો હતો. કેટલાક અન્નપૂર્ણાને અને બીજા વિશાલાક્ષીને કાશીમાંની શક્તિપીઠ તરીકે ઓળખાવે છે.

કાશીનિવાસને ખૂબ પુણ્યકારક માનવામાં આવ્યો છે. કાશી અને તક્ષશિલાની પ્રાચીન હિંદુ વિદ્યાપીઠો ખૂબ જાણીતી હતી. એમ કહેવામાં આવ્યું છે કે માણસે જિંદગીનો પાછલો ભાગ કાશીમાં વિતાવવો જોઈએ. કેટલાક માણસો 'ક્ષેત્રસંન્યાસ' કરે છે એટલે ભગવાન વિશ્વેશ્વરથી પાંચ યોજનથી દૂર કદી ન જવાનું વ્રત લે છે.

**करिष्ये क्षेत्रसंन्यासमिति सञ्चिन्तयेद् बुधः।**
**पञ्चकोशाद् बहिः क्षेत्रान्न गच्छाम्यम्बिकापते ॥**

(તીર્થપ્રકાશ, પૃ. ૧૬૫)

વિશ્વેશ્વર એ કાશીના સ્વામી છે, ભૈરવ કોટવાલ અને ઢુંઢીરાજ શાસક છે. અન્નપૂર્ણાદેવીનું મંદિર અક્ષયવટની પશ્ચિમે વિશ્વેશ્વરની નજીકમાં આવેલું છે. નજીકની જ ગલીમાં ઢુંઢીરાજ ગણપતિનું મંદિર છે. આજે જ્યાં ઔરંગઝેબે બંધાવેલી જ્ઞાનવાપી પાસેની મસ્જિદ છે, ત્યાં વિશ્વેશ્વરનું પ્રાચીન મંદિર હતું. વરણાસંગમ ઘાટની પાસે આદિકેશવનું મંદિર છે. કાશીના રાજઘાટ રેલવે સ્ટેશનની પાસે જાણીતો

રાજઘાટ આવેલો છે. એ જ જગ્યાએ કાશીનો મહાન કોટ આવેલો હતો, જેને મહંમદ ગિઝનીએ તોડી નાખ્યો હતો. બિંદુમાધવનું મંદિર પંચગંગા ઘાટ અને લક્ષ્મણબાલા અથવા વેંકટેશનું મંદિર લક્ષ્મણબાલા ઘાટ પર આવેલું છે. ઔરંગઝેબે બાંધેલી મસ્જિદની પાસે નાની ગલીમાં 'કાશીકરવત'ને નામે ઓળખાતી જગ્યા છે, જ્યાં અગાઉ ભાવિક લોકો ધર્મબુદ્ધિએ આત્મહત્યા કરતા હતા. ભૈરવનાથ ગલીમાં જાણીતું કાલભૈરવનું મંદિર છે.

કાશી હિંદુઓનાં અત્યંત પવિત્ર ત્રણ તીર્થક્ષેત્રોમાંનું એક છે. પ્રયાગ અને ગયા એ બીજાં બે છે. એ ત્રણેને ભેળાં ઓળખાવવા એ ત્રણે માટે 'ત્રિસ્થલી' શબ્દનો પ્રયોગ કરાય છે. નારાયણ ભટ્ટ રચિત 'ત્રિસ્થલીસેતુ'માં તેમનું વિગતવાર વર્ણન છે.

પદ્મપુરાણ કહે છે કે ભગવાન વિશ્વેશ્વરનાં દર્શન કરતાં તેમની પ્રતિમાનું આ પ્રમાણે ધ્યાન કરવું :

**अकलङ्कशरत्पूर्णशशाङ्कायुतसप्रभः।**
**सोमसूर्याग्निनयनो दशबाहुः शशाङ्कभृत्।**
**गौरीपरीरब्धतनुर्नानायुधसमुज्ज्वलः।**

(તીર્થપ્રકાશમાનું પદ્મપુરાણનું ઉદ્ધરણ)

'ભગવાન વિશ્વનાથ શરદઋતુના દસ હજાર ચંદ્રોનું તેજ ધરાવે છે. એમને સૂર્ય, ચંદ્ર અને અગ્નિરૂપી ત્રણ આંખો છે; દસ હાથ છે; દ્વિતીયાના ચંદ્રનું વક્ર આભૂષણ છે, ગૌરી એમને ભેટેલાં છે અને અનેક દૈવી આયુધોથી ચમકી રહ્યા છે.'

કાશીખંડમાં જણાવ્યું છે કે :

**त्रैलोक्यनगरे चात्र काशी राजगृहं मम।**

ભગવાન શંકર કહે છે કે : 'ત્રણે ભુવનોરૂપી મારા નગરમાં કાશી એ મારું રાજભવન છે.'

*

ધીરુ—બોલ, એક મણના કેટલા શેર ?

નાની બહેન—ચાળીસ શેર વળી !

ધીરુ—અધમણના કેટલા શેર ?

નાની બહેન—વીસ શેર વળી !

ધીરુ—તો ગભરામણના કેટલા શેર ?

નાની બહેન—(હસતી હસતી) બે જવાબ મેં આપ્યા તો એક જવાબ હવે તું આપ !

*

એક વેપારીએ પોતાની દુકાનના પાટિયા પર લખ્યું હતું કે, "બીજે ક્યાંય છેતરાવા ન જતા, અહીં જ આવજો !"

નાની બહેન—ધીરુભાઈ, આપણે આ દુકાને જ ચાલો.

ધીરુ—અરે, જરા બરાબર વાંચ તો ખરી ! આ દુકાનદાર તો કહે છે કે, તમારે છેતરાવું હોય તો અહીં જ આવજો !

---

**શ્રી છગનલાલ ઉ. પંડ્યા**

ઠે. બિસ્તુપુર, જમશેદપુર

શરૂઆતથી લઈને અત્યાર સુધી તેઓ 'આશીર્વાદ'ને પોતાનું ગણી તેના વિકાસમાં અને પ્રચારમાં હૃદયપૂર્વક સહાયતા કરી રહ્યા છે.

# લીંબુ

શ્રી 'પીયૂષપાણિ'

લીંબુ એ ખાટું ફળ હોવા છતાં બહુ ગુણકારી અને ઉપયોગી છે. લીંબુ ખાટું, વાયુને હરનાર, અગ્નિને પ્રદીપ્ત કરનાર, પાચક, રુચિ ઉપજાવનાર અને કૃમિને મટાડનાર છે. તે વાત, પિત્ત, કફ તથા શૂળવાળાને પણ હિતકારી છે. તરસ તથા ઊલટીને પણ મટાડે છે.

વર્ષા અને શરદમાં ભેજવાળા હવામાનથી ખોરાકને પચાવનાર ખાટા પાચકરસ પાતળા પડી જાય છે ત્યારે મંદાગ્નિ, અજીર્ણ, ગૅસ, ઝાડા અને મરડા જેવાં દરદો થાય છે, જેથી આ રોગો દૂર કરવા માટે વર્ષા અને શરદમાં લીંબુનો છૂટથી ઉપયોગ કરવો જોઈએ.

ત્રણે દોષ ઉપર, મંદાગ્નિ, ક્ષય તથા વાયુ સંબંધી રોગથી પીડાયેલાઓને, ઝેરથી વિહ્વળ થયેલાઓને, ઝાડાની કબજિયાતવાળાઓને તથા કૉલેરાવાળાઓને લીંબુ અવશ્ય આપવું એવી મુનિએની ભલામણ છે. આ ઉપરથી લીંબુનું સેવન કેટલું બધું ઉપયોગી અને લાભદાયક છે તે સમજાઈ જશે.

અજીર્ણ, કૉલેરા, ગૅસ, ઉધરસ, દમ, મલેરિયા ઊલટી, કબજિયાત, ખસ, દાદર, ખરજવું, ઊંદરી, કાનના ચસકા, પાયોરિયા (દાંતના રોગ), બરોળ, કમળો, પાંડુ, આંખના રોગ વગેરે ઉપર લીંબુ ઘણું જ લાભપ્રદ નીવડે છે. લીંબુના રસનું તથા સાકરનું શરબત બનાવીને લેવાથી પિત્ત તથા દાહનું શમન થાય છે અને મોંમાં રુચિ પેદા થાય છે. લીંબુની છાલના કોલસાનું ચૂર્ણ એક વાલ જેટલું મધ સાથે એક-બે વખત આપવાથી ગમે તે પ્રકારની ઊલટી બંધ થાય છે. સગર્ભાની ઊલટીના પ્રસંગે પણ લીંબુનો રસ મીઠા કે સાકર સાથે આપવાથી રાહત મળે છે. બીજી રીતે ન બને તો લીંબુનો જમતી વખતે દાળ-શાકમાં નિચોવીને ઉપયોગ કરવો. પાચનની દૃષ્ટિએ બહુ લાભપ્રદ થશે.

સામાન્ય રીતે જેનું પાચન મંદ પડેલું હોય છે તેને વાયુ તથા શરદીની તકલીફ મોટે ભાગે હોય છે. પાચન મંદ પડે એટલે ખોરાક બરોબર પચે નહિ અને પરિણામે શરીરમાં લોહી ભરાય નહિ. આથી શરીર કૃશ બની નબળું પડે છે અને પછી બીજા અનેક ઉપદ્રવ પેદા થાય છે. કબજિયાત, ખાંસી, ઊલટી, અતિસાર, મરડો, ગૅસ વગેરે પણ થાય છે. આ બધા ઉપદ્રવો લીંબુનું સેવન અને સમજપૂર્વકના આહારવિહારથી દૂર થાય છે.

એકલું લીંબુ ગરમી કે શરદી કરે છે, એમ માનવું બરાબર નથી. ઊલટું, સાકર સાથે સેવન કરેલો લીંબુનો રસ ગરમી–દાહ કે પિત્તને મટાડે છે અને એકાદ વાલ જેટલા સોડા બાય-કાર્બ (સાજીનાં ફૂલ) સાથે લીંબુનો રસ ગરમ પાણી સાથે લેવાથી શરદી, ઉધરસ વગેરે મટાડે છે. લીંબુથી કફ, ઉધરસ કે શરદી થવાની શંકા હોય તો તે ખરી નથી, છતાં તેવી શંકાવાળાએ લીંબુનો રસ ગરમ પાણીમાં એકાદ વાલ જેટલો સોડા–બાય–કાર્બ નાખી લેવો. શિયાળા અને વર્ષાઋતુમાં લીંબુના રસ સાથે આદુંનો રસ મેળવીને લેવાથી પણ શરદીની ફરિયાદ દૂર થશે. પણ ઉનાળામાં તથા શરદ ઋતુમાં આદુનો રસ લેવો હિતાવહ નથી. લીંબુનું વર્ષા અને શિયાળાની ઋતુનું અનુપાન આદુંનો રસ અથવા સોડા–બાય–કાર્બ છે અને ઉનાળા તથા શરદઋતુનું અનુપાન સાકર છે. પણ આ અનુપાન બધાને જરૂરી છે એવું નથી. જેમને જરૂર પડે તેમણે જ રુચિ પ્રમાણે આ અનુપાન લીંબુના રસ સાથે યોજવું; બાકી લીંબુનું સર્વસાધારણ અનુપાન તો ગરમ પાણી અને નિમક છે.

લીંબુનો રસ ખાટો હોય છે. ખાટો રસ પાચન કરનાર અને આંતરડાંને બળ આપનારો છે. એ જ કારણથી વૈદ્યો આંતરડાના રોગીઓને લીંબુ, ખાટી છાશ, બિજોરું વગેરે ખટાશવાળા પદાર્થોનું સેવન કરાવે છે. પાચક રસને સબળ બનાવવા ઉપરાંત શરીરની ગરમીને સમતોલ રાખવાનું અને ઝેરોને દૂર કરવાનું કાર્ય ખાટો રસ કરે છે; છતાં વધુ પડતો ખાટો રસ નુકસાન કરે છે તે ધ્યાનમાં રાખવા જેવું છે.

કોઈ પણ વસ્તુની અતિશયતા નુકસાન કરનારી નીવડે છે. આ વાત ખાટા રસને પણ લાગુ પડે છે. અતિશય ખટાશનું સેવન કરવાથી પાચકપિત્ત વધી જાય છે. અને જો પોષકતત્ત્વ પૂરાં ન હોય તો શરીરની માંસપેશીઓ અને લોહીનું શોષણ કરે છે અને પરિણામે શરીરમાં ગરમી વધી શરીર દૂબળું પડે છે. એ રીતે શરીરમાં સ્નેહરસનો નાશ થવાથી સાંધા પકડાય છે. અતિશય ખટાશથી ભ્રમ, દાહ, ખરજ, ખૂજલી, રતવા, સોજા વગેરે પણ થાય છે.

આથી આપણે ખાટા રસનો માફકસર ઉપયોગ કરવો જોઈએ. તેનો અતિશય ઉપયોગ કરવો ઇષ્ટ નથી.

*

# સમાચાર સમીક્ષા

શ્રી જવાહર નહેરુ જેવા નેતાએ સામાન્ય જનતાની આબાદી માટે ખૂબ ઝંખના સેવેલી અને તે માટે કોંગ્રેસમાં ઠરાવો તથા કાર્યક્રમો પણ નક્કી કરાવેલા. પણ આ નીતિઓનો અમલ તેમના વખતથી તે અત્યાર સુધી બરાબર થઈ શક્યો જ નહિ. શ્રી. મોરારજી દેસાઈ ગરીબોના બેલી કે તેમના પ્રત્યે હમદર્દીવાળા નથી, અનેક જાતની કઠિનાઈઓ અને યાતનાઓમાં જીવન પસાર કરતી કચ્ચડાયેલી અને શોષિત વિશાળ જનતાની સ્થિતિનો તેમની લાગણીને સ્પર્શ થતો નથી. તેઓ સામાન્ય જનતાના હિત માટેની કોંગ્રેસની નીતિઓનો અમલ કરવામાં બને તેટલો વિલંબ કે અવરોધ કેમ થાય એ પ્રકારનું વલણ અખત્યાર કરતા આવ્યા છે. અને કોંગ્રેસમાં તથા સરકારમાં રહીને સ્થાપિત હિતોવાળા મૂડીદારોનાં હિતોનું રક્ષણ તથા સંવર્ધન કેમ થાય તે માટે જ મુખ્ય ભાગ ભજવતા રહ્યા છે. દેશને આઝાદી મળ્યે ૨૧ વર્ષ થઈ ગયાં, છતાં ગરીબો વધુ ગરીબ બન્યા છે અને ધનિકોના મોટર, બંગલા, રેફ્રીજરેટરો, એરકંડિશન, નફા તથા બેંકબેલેન્સ વિપુલ બનતાં ગયાં છે. પરંતુ શ્રી મોરારજી દેસાઈ કોઈપણ મૂડીવાદીને નુકસાન થાય એ રીતે કોંગ્રેસના સમાજવાદી કાર્યક્રમનો અમલ કરવા માગતા નથી. તેમની દૃષ્ટિએ તે લોકશાહીના સિદ્ધાન્તથી વિરુદ્ધ છે. નિર્બળ પ્રાણીઓને હિંસક પ્રાણીઓનાં શિકાર બનતાં અટકાવવાં એ હિંસક પ્રાણીઓની લાગણીને દુભાવવા સમાન બિનલોકશાહી છે અને હિંસક પ્રાણીઓને અન્યાયરૂપ છે. તેઓ પોતે પૂંજીવાળાઓના, ઉદ્યોગપતિઓના અને વેપારીવર્ગના મિત્ર છે. તેમનાં પોતાનાં હિતો પણ અંગત રીતે આ વર્ગની સલામતી સાથે જોડાયેલાં છે. પોતે ગાંધીજીના સાચા અનુયાયી છે અને લોકોનું હિત પોતાને હૈયે વસેલું છે એવો દેખાવ કરીને ચૂંટાઈ આવવામાં અને સરકારમાં જઈ મૂડીદારોનાં હિતોનું રક્ષણ કરવામાં, સામાન્ય જનતાનાં હિતોને અવરોધવામાં અથવા દૂર ઠેલવામાં તેમ જ શ્રમજીવીઓના વાજબી હક્કોને કચ્ચડવામાં સૌથી વધુ સફળ થયેલા નેતા છે. મૂડીદારોએ અને તેમની આજુબાજુનાં વર્તુલોએ તેમને 'સર્વોચ્ચ નેતા' શબ્દથી બિરદાવ્યા છે. તેઓ પોતે પણ પોતાને 'સર્વોચ્ચ' (**નાન્યોઽસ્તિ સદૃશો મયા**) માને છે. શ્રી જવાહરલાલ નહેરુની પછી તેમ જ શ્રી લાલબહાદુર શાસ્ત્રીની પછી તેમનું સ્થાન લેવા માટે તેમણે સ્ટંટ કરી જોયા હતા, પણ પછી જે હાથમાં આવ્યું તે સ્વીકારી લીધું હતું. સ્વતંત્ર અને તટસ્થ વ્યક્તિત્વવાળા શ્રી જીવરાજ મહેતાને ઉથલાવી પાડીને ગુજરાતની રાજ્યસરકાર અને પ્રદેશકોંગ્રેસનું કઠપૂતળીની જેમ સંચાલન કરવાની સ્થિતિનું તેઓ નિર્માણ કરી શક્યા છે. કેન્દ્રસરકારમાં સૌથી ટોચનું સ્થાન પ્રાપ્ત કરવામાં પોતાનો ટેકેદાર વધે એ માટે તેમણે મુંબઈમાં જ્યોર્જ ફર્નાન્ડીઝ સામે ચૂંટણીમાં હારી ગયેલા પાટીલને ગુજરાતમાં બનાસકાંઠામાંથી ઊભા રહીને ચૂંટાવાની ગોઠવણ કરી આપી. પોતે મૂડીવાદના રક્ષક છે, મૂડીદારોના હિતસાધક છે અને સામ્યવાદીઓ સામે વારંવાર બૂમબરાડા પાડતા રહે છે, એથી ગુજરાતનો અને દેશનો મૂડીપતિ વર્ગ તેમની તરફેણ કરતો રહે છે. દેશનાં મોટા ભાગનાં અખબારો પણ પૂંજીપતિઓથી સંચાલિત છે. તેમ જ ગુજરાતનાં મોટા ભાગનાં અખબારો પણ તેમના ભય અથવા ઉપકારવશતાની અસર નીચે છે. તેથી જનતા આગળ તેમની તરફેણની રજૂઆત કરવામાં અથવા હવા ઊભી કરવામાં આવાં અખબારો ભાગ ભજવી શકે છે.

શ્રી મોરારજી દેસાઈ ગાંધીજીના અને કોંગ્રેસના સિદ્ધાન્તોમાં માને છે અને પોતાના સ્થાનની સલામતી ખાતર તેમનો અમલ કરવાની પણ તૈયારી તેઓ બતાવે છે, પણ મૂડીવાદને નુકસાન થાય એ રીતે તાત્કાલિક કે નજીકના ભવિષ્યમાં એ સિદ્ધાન્તોનો અમલ કરવામાં માનતા નથી. તેઓ પોતાને ગાંધીજીના નિષ્ઠાવાન અનુયાયી બતાવે છે. તેમનું રાજીનામું મંજૂર થયું તે જ દિવસે સૂતર કાંતીને ગાંધીજીના માર્ગનું અનુસરણ કરી રહેલા તેમના અંબરચરખા સાથેના ફોટાએ અખબારોમાં આવ્યા હતા.

કોંગ્રેસ અને તેની સિન્ડીકેટમાં સેવાના સ્વાંગ નીચે સ્વાર્થસાધુ, તકવાદી, સત્તા, સંપત્તિ અને સુખસગવડોના શોખીન તથા કાવાદાવા અને મુત્સદ્દીગીરીના ખેલાડી લોકો મુખ્યત્વે એકઠા થયા છે. તેઓ બધા ભેગા મળીને દેશની સામાન્ય જનતાનાં હિતોના ભોગે પોતપોતાનાં વર્તુલોના, મુઠ્ઠીભર લોકોના

અને પોતાના (અંગત) સ્વાર્થો સિદ્ધ કરવા માગે છે. અને તેમ કરવામાં શ્રી ઇન્દિરાબહેન પોતાના કહ્યા પ્રમાણે અથવા પોતાને અનુકૂળ રીતે વર્તે, પોતાની કઠપૂતળી બનીને ચાલે એવી અપેક્ષા રાખે છે. અને જો તે પ્રમાણે ન ચાલે તો તેમને ઉખેડીને દૂર કરી દેવા સુધીની ભાવના ધરાવે છે.

આમજનતાના હિત માટે કોંગ્રેસે ઘણાં અધિવેશનોમાં ઠરાવો કર્યા છે, સમાજવાદી સમાજ-રચનાની યોજનાઓ ઘડી છે અને સામાન્ય જનતાનું હિત જેને હૈયે વસતું હોય એવી એકમાત્ર સંસ્થા કોંગ્રેસ જ છે એવાં ભાષણો તેના નેતાઓએ અસંખ્ય પ્રમાણમાં કર્યાં છે. પરંતુ કરેલા ઠરાવો વર્ષો વહી ગયાં છતાં કાગળ પર જ રહ્યા છે, યોજનાઓ વન્ધ્ય જેવી રહી છે અને ભાષણો હવામાં ગાયબ થઈ ગયાં છે, અને આજે ૨૧ વર્ષ થયાં બહુજનસમાજને આઝાદીનાં જેવાં ફળો મળવાં જોઈએ તેનાથી વિપરીત જ પરિણામો જોવા મળ્યાં છે.

કોંગ્રેસના નેતાઓની લોકોમાં પ્રથમ એવી છાપ હતી કે આ બધા ગાંધીજીના માણસો છે અને સામાન્ય જનતાના ભલા માટે તેઓ પ્રયત્ન કરી રહ્યા છે. તેથી જનતા તેમને ભારે બહુમતીથી ચૂંટતી અને રાજ્યોમાં તથા કેન્દ્રમાં કોંગ્રેસ ઘણી મોટી બહુમતીથી રાજ્ય કરતી હતી. પરંતુ વખત જતો ગયો તેમ તેમ એ નેતાઓનાં વચનો અને કોંગ્રેસની સ્વીકૃત નીતિઓ કરતાં અવળાં જ પરિણામો આવવા લાગ્યાં અને સામાન્ય જનતાને પોતે આટલા વખતથી છેતરાઈ રહી હોવાની પ્રતીતિ થવા લાગી. એથી મોટી બહુમતીની જગ્યાએ કોંગ્રેસ હાલ અત્યંત પાતળી બહુમતીથી પોતાની સત્તા ટકાવી રહી છે અને '૭૨ પછીનું તેનું ભાવિ અનિશ્ચિત બની ગયું છે.

કોંગ્રેસની શુદ્ધિ માટે, દેશની ગરીબ અને સામાન્ય જનતાના હિત માટે અને સાચી લોકશાહીના ઉદય માટે શ્રીમતી ઇન્દિરાબહેન જામી પડેલાં સંકુચિત હિતસાધુ તત્ત્વો સામે એક વીરાંગનને છાજે તે રીતે જે ધર્મયુદ્ધ ખેલી રહ્યાં છે, તેમાં તેઓ સફળ અને વિજયી થાય તે માટે સૌ કોઈના હૃદયમાં બેઠેલો અંતરાત્મા ઝંખી રહ્યો છે.

*

## જાગિયે રઘુનાથ કુંવર

જાગિયે રઘુનાથ-કુંવર! પંછી વન બોલે....
ચંદ્રકિરણ શીતલ ભઈ, ચકઈ પિયમિલન ગઈ;
ત્રિવિધ મંદ ચલત પવન, પલ્લવ-દ્રુમ ડોલે....જાગિયે૦

પ્રાત ભાનુ પ્રકટ ભયો, રજનીકો તિમિર ગયો;
ભૃંગ કરત ગુંજ-ગાન, કમલન દલ ખોલે....જાગિયે૦

બ્રહ્માદિક ધરત ધ્યાન, સુર-નર-મુનિ કરત ગાન;
જાગનકી બેર ભઈ, નયન પલક ખોલે....જાગિયે૦

'તુલસીદાસ' અતિ આનંદ નીરખિ કે મુખારવિંદ;
દીનનકો દેત દાન, ભૂષણ બહુમોલે....જાગિયે૦

તુલસીદાસ